દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 239 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ભાદ્રપદ વદ-30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 October 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧૦ ઑક્ટોબર ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

PROMOTED & PRODUCED BY

LMG LIVE | LAQSHYA LIVE EXPERIENCES

Rangilo Re 8th EDITION

ઢોલના તાલ,
ગરબાની મોજ અને રંગીલી રાતો,
આ નવરાત્રી રંગીલી રે સાથે ઉજવીએ!

9 NIGHTS OF GARBA WITH
PARTHIV GOHIL

TICKETS EXCLUSIVELY ON thumpN

SCAN TO BUY

HALL 6, NESCO CENTER,
MUMBAI

11th - 19th OCTOBER

AC Comfort

Non-Stop Late-Night Garba Energy

Ample Parking

Offline Ticketing Partner: LIVE FIESTA TICKETING

Outdoor Partner: LAQSHYA MEDIA GROUP OOH | Experiential | Digital

Exclusive Radio Partner: superhits RED FM 93.5 Bajaate Raho!

Integrated Cinema Partner: KHUSHI HIGH VISIBILITY. CRAFTED.

KAAJAL ADS

ભરૂચની જામા મસ્જિદનો વિવાદ હાઈ કોર્ટમાં પહોંચ્યોઃ જૈનોએ મૂર્તિની સુરક્ષા-પૂજાની મંજૂરી માગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ ખાતે આવેલી ૧૪મી સદીની ઐતિહાસિક જામા મસ્જિદને લગતો વિવાદ ગુજરાત હાઈ કોર્ટ પહોંચ્યો હતો. મસ્જિદના ભોંયરામાં જૈન ધર્મના ૧૯મા તીર્થંકર ભગવાન મલ્લિનાથની પ્રતિમા હોવાના દાવા બાદ સમગ્ર મામલો ગરમાયો હતો. આ મામલે હરિશંકર જૈન અને રાહુલ દીવાન સહિત પાંચ અરજદારોએ ગુજરાત હાઈ કોર્ટમાં પિટિશન દાખલ કરીને મૂર્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને જૈન સમુદાયને ત્યાં પૂજા-અર્ચના કરવાની મંજૂરી આપવા દાદ માગી હતી.

અરજદારોએ અદાલતમાં જણાવ્યું હતું કે, હાલમાં સર્જાયેલા વિવાદ અને તણાવપૂર્ણ વાતાવરણને કારણે ભોંયરામાં રહેલી ભગવાન મલ્લિનાથની પ્રતિમાને નુકસાન પહોંચવાની પ્રબળ આશંકા છે. આથી, પુરાતત્ત્વીય મહત્ત્વ ધરાવતી આ પ્રતિમાની કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે તેમજ શ્રદ્ધાળુઓને નિયમાનુસાર દર્શન અને પૂજા કરવાની પરવાનગી આપવામાં આવે તેવી માગણી કરાઈ હતી.

આ સમગ્ર વિવાદમાં મુક્તાનંદ સ્વામી દ્વારા પણ ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. તેમના આક્ષેપ અનુસાર, વર્ષ ૧૯૫૨માં વડોદરા ખાતે જામા મસ્જિદના નામે ખાનગી ટ્રસ્ટ ઊભું કરી પુરાતત્ત્વ વિભાગની સંરક્ષિત સરકારી જમીન પર કથિત રીતે કબજો જમાવી દેવાયો હતો. આ ઉપરાંત વર્ષ ૨૦૧૦માં એક ખાનગી વ્યક્તિના નામે વીજ કનેક્શન લેવાયું હોવાનો તેમજ સ્થાનિક પાલિકા અને સિટી સર્વેની કચેરીઓમાં અનધિકૃત રીતે નોંધણી કરાવાઈ હોવાનો પણ તેમણે દાવો કર્યો હતો. વધુમાં, સંરક્ષિત સ્મારકની જગ્યામાં કબ્રસ્તાન અને વજુ ખાનું બનાવવા સામે પણ વાંધો ઉઠાવવામાં આવ્યો હતો, જોકે આ નિર્માણ બાબતે હાલ કોઈ સત્તાવાર ન્યાયિક ચુકાદો આવ્યો નથી.

સુનાવણી દરમિયાન અરજદાર પક્ષે દલીલ કરી હતી કે આ સંકુલ વર્ષ ૧૯૦૯થી આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા હેઠળ સંરક્ષિત સ્મારક જાહેર થયેલું છે. પ્રાચીન સ્મારક સંરક્ષણ ધારા ૧૯૫૮ મુજબ આ ઐતિહાસિક સ્થળના મૂળ સ્વરૂપની જાળવણી કરવી કાયદાકીય રીતે ફરજિયાત છે.

સરકારી વકીલે પણ અરજદારોની કેટલીક દલીલોમાં તથ્ય હોવાનું જણાવ્યું હતું. આ મુદ્દે ૯ ઓક્ટોબરે વધુ સુનાવાણી થશે. આ વિવાદને લઈને સ્થાનિક સ્તરે હિન્દુ-જૈન સંગઠનો દ્વારા રજૂઆતો અને રેલીઓ પણ યોજાઈ હતી, ત્યારે હવે હાઈ કોર્ટ આ સંવેદનશીલ મુદ્દે શું વલણ અપનાવશે તેના પર સૌની નજર રહેશે.

કચ્છના ખાવડા સોલાર પાર્ક નજીક બોલેરો અને ટ્રક વચ્ચે અકસ્માતઃ સાત જણનાં મોત, બાવીસ મજૂરો ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ નવરાત્રિના પાવન પર્વ દરમિયાન એક તરફ કચ્છના ધોરીમાર્ગો માતાના મઢ જતા પદયાત્રીઓથી ઊભરાઈ રહ્યા છે, ત્યાં બીજી તરફ સરહદી વિસ્તાર ખાવડા ખાતે એક કાળજું કંપાવી દેનારો માર્ગ અકસ્માત સર્જાયો હતો. ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સીમા નજીક એશિયાના સૌથી મોટા ગણાતા રિન્યુએબલ એનર્જી પાર્ક પાસે વહેલી પરોઢિયે થયેલી ભયાનક ટક્કરમાં ઓછામાં ઓછા ૭ પરપ્રાંતીય શ્રમિકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતાં, જ્યારે બાવીસથી વધુ મજૂરો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

સૂત્રો દ્વારા મળતી વિગતો પ્રમાણે ખાવડા નજીક આવેલા સોલાર અને રિન્યુએબલ એનર્જી પાર્ક તરફ જવાના રસ્તા પર ૯ ઓક્ટોબર શુક્રવારના રોજ વહેલી સવારે આશરે ૦૩:૦૦ વાગ્યાના સુમારે શ્રમિકોથી ભરેલી એક બોલેરો ગાડી પસાર થઈ રહી હતી. આ સમયે વિન્ડ ટર્બાઇનના વિશાળ સાધનો લઈ જતા એક મહાકાય ટ્રકે બોલેરોને જોરદાર ટક્કર મારી દીધી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બોલેરોનો કુરચો નીકળી ગયો હતો અને સ્થળ પર ચીસાચીસ મચી ગઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અકસ્માતની જાણ થતાં જ પોલીસ અને સ્થાનિક પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. તમામ ઘાયલ શ્રમિકોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યારે મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ભુજ ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

આ મામલે હૉસ્પિટલ પ્રવક્તાએ નિવેદન આપતા જણાવ્યું કે, ઇજાગ્રસ્ત શ્રમિકોમાંથી મોટાભાગના લોકોની હાલત અત્યંત નાજુક છે. તમામ ઘાયલોની ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, જેના કારણે મૃત્યુઆંક હજુ વધવાની ભીતિ છે.

વધારે વિગતે વાત કરવામાં આવે તો, અકસ્મતામાં મૃત્યુ પામેલા શ્રમિકોનાં નામ, તેઓ કયા રાજ્યના રહેવાસી હતા અને કઈ કંપનીમાં કામ કરતા હતા તે અંગેની સત્તાવાર વિગતોની પુષ્ટિ થવાની બાકી છે. અકસ્માત અંગે પોલીસ તપાસ અને ઇજાગ્રસ્તોની સારવારની વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

જામનગર પોક્સો કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

આઠ વર્ષની માસૂમ બાળકી પર ‘પોક્સો વિથ મર્ડર’ના ગુનામાં નરાધમને ફાંસીની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ જિલ્લામાં માસૂમ બાળકીની ઘાતકી હત્યાના કેસમાં નામદાર પોક્સો કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપી આરોપીને ફાંસીની સજા (મૃત્યુદંડ) ફટકારી હતી. વર્ષ ૨૦૨૫ના જામનગર જિલ્લાના સિક્કા ખાતે ૮ વર્ષની માસૂમ બાળકીને આશરે એક માસ સુધી શારીરિક ત્રાસ આપી, પ્રતાડિત કરી, શરીરના ગુપ્ત ભાગો તથા છાતી પર દિવાસળીથી ડામ આપી, લોખંડના દસ્તા-ધોકા વડે માર મારી તેમજ દીવાલ સાથે ભટકાડી નિર્મમ હત્યા કરવાનો અત્યંત ધૃણાસ્પદ બનાવ બન્યો હતો. આ ગુનો શરૂઆતમાં અનડિટેક્ટ હતો. સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાને લઈને તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવતા આરોપી નીતિન ડોસાજી માણેક (રહે. સિક્કા, જામનગર)ની સંડોવણી સામે આવી હતી. પોલીસે આરોપીની તાત્કાલિક ધરપકડ કરી સાયન્ટિફિક, ટેકનિકલ અને દસ્તાવેજી પુરાવાઓ એકત્રિત કર્યા હતા. પોલીસ ટીમે પ્રશંસનીય કામગીરી કરી બનાવના માત્ર ૩૫ દિવસમાં જ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી દીધી હતી.

પોક્સો કોર્ટ સમક્ષ સરકારી વકીલ દ્વારા કુલ ૨૩ સાહેદો અને ૯૫ જેટલા દસ્તાવેજી પુરાવાઓની ધારદાર રજૂઆત કરવામાં આવી હતી. તમામ પુરાવા અને ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ પોક્સો કોર્ટે આ કેસને ‘રેરેસ્ટ ઓફ ધી રેર’ ગણી આરોપી નીતિન ડોસાજી માણેકને ખૂનના ગુનામાં ફાંસીની સજા (મૃત્યુદંડ), પોક્સો એક્ટ હેઠળ આજીવન કેદ તથા ₹૫૦,૦૦૦/-નો દંડ ફટકાર્યો હતો.

સુરતમાં દસ લાખ પરપ્રાંતીય કામદારો વતનની વાટ પકડવા મજબૂર, ઉદ્યોગોની હાલત કફોડી

અમદાવાદઃ સુરતમાં પરપ્રાંતીય કામદારોએ મોટી સંખ્યામાં પલાયન કરતા મોટી સમસ્યા સર્જાઈ છે. દેશના વિવિધ રાજ્યોમાંથી રોજીરોટી રળવા આવેલા શ્રમિકો પાછા વતન જઈ રહ્યા છે. સુરતના કાપડ અને એમ્બ્રોડરી ઉદ્યોગમાં ૧૨ કલાક સુધી કામ કરાવવામાં આવે છે, પરંતુ સામે તેમને રજાઓ આપવામાં આવતી નથી. દિવસના ૧૨-૧૨ કલાક સતત કામ, મહિનાના ૩૦ દિવસ સુધી કોઈ રજા આપવામાં આવતી નથી અને બીમારી કે થાકના લીધે એક દિવસ રજા લે તો પણ માલિકો પગાર કાપી લે છે.

સુરતના કાપડ અને એમ્બ્રોડરી ઉદ્યોગના કારખાનેદારો દ્વારા કરવામાં આવતા ભયંકર આર્થિક અને માનસિક શોષણ સામે શ્રમિકોએ ‘ગાંવ ચલો આંદોલન’નું શરૂ કર્યું છે. સુરત શહેર અને જિલ્લામાંથી અંદાજે ૧૦ લાખથી વધુ શ્રમિકો આ આંદોલનમાં જોડાયા છે, જેના કારણે સુરત રેલવે સ્ટેશન પર ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ જતી ટ્રેનોમાં ચડવા માટે શ્રમિકોની અભૂતપૂર્વ લાંબી લાઈનો જોવા મળી રહી છે. શ્રમિકોની મુખ્ય માગ અઠવાડિયામાં માત્ર એક સાપ્તાહિક રજા (રવિવાર)ની છે. જોકે, કારખાના માલિકો મહિનાના તમામ ૩૦ દિવસ કામ કરાવવા માટે દબાણ કરી રહ્યા છે. જો મજૂરો દ્વારા રજાની માગણી કરવામાં આવે તો તેમને નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકીઓ આપવામાં આવે છે અને વધુમાં વધુ કામ કરવા માટે દબાણ કરવામાં આવે છે. જેના કારણે આ શ્રમિકો હવે શહેરની નોકરી છોડીને ગામડે મજૂરી કરવા માટે તૈયાર થયા છે.

શક્તિપીઠ અંબાજીના સુપ્રસિદ્ધ મોહનથાળના પ્રસાદને જીઆઈ ટેગ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ આરાસુર અંબાજી ધામની યાત્રાએ આવતા શ્રદ્ધાળુઓને આપવામાં આવતા ‘મોહનથાળ’ પ્રસાદને ભારત સરકારની જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન્સ રજિસ્ટ્રી દ્વારા સત્તાવાર રીતે અંબાજી મોહનથાળને ખાદ્ય પદાર્થોની ક્લાસ-૩૦ શ્રેણી હેઠળ સત્તાવાર જીઆઈ ટેગ એનાયત કરવામાં આવ્યો છે.

અધિકૃત દસ્તાવેજો મુજબ ૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ આ સર્ટિફિકેટ ઈસ્યું કરવામાં આવ્યું હતું. આ માન્યતા મળતાં જ અંબાજીના મોહનથાળની સ્વાદિષ્ટતા, શુદ્ધતા અને તેની પરંપરાગત બનાવટને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે કાયદાકીય સંરક્ષણ અને વિશેષ ઓળખ પ્રાપ્ત થઈ છે.

‘શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ’ દ્વારા મોહનથાળની વિશિષ્ટ ઓળખ અને પૌરાણિક રેસિપીને જાળવી રાખવા માટે ખાસ અરજી કરવામાં આવી હતી. આ અરજીના આધારે તમામ કાનૂની માપદંડો ચકાસ્યા બાદ આ મંજૂરી અપાઈ છે. આ ટેગ મળવાથી અંબાજીના નામે કોઈ અન્ય વ્યક્તિ કે સંસ્થા નકલી મોહનથાળનું વ્યાવસાયિક વેચાણ કરી શકશે નહીં.

આ મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિનું સત્તાવાર સર્ટિફિકેટ આગામી ૧૧ ઓક્ટોબરના રોજ અંબાજી મંદિર પરિસરમાં આયોજિત વિશેષ સમારોહ દરમિયાન એનાયત કરવામાં આવશે. જીઆઈ રજિસ્ટ્રાર આ પ્રતિષ્ઠિત સર્ટિફિકેટ મંદિર વહીવટીતંત્રને એનાયત કરશે.

વડોદરામાં ગરબાનો વર્લ્ડ રેકોર્ડ બન્યોઃ ત્રણ તાલી ગરબામાં ૫૦ હજાર લોકોએ ભાગ લીધો

અમદાવાદઃ નવરાત્રિના પાવન પર્વ પૂર્વે સંસ્કારી નગરી વડોદરાના નામે વધુ એક વૈશ્વિક સિદ્ધિ નોંધાઈ છે. વડોદરા મહાનગરપાલિકા અને ‘યુનાઈટેડ વે વડોદરા’ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા ‘વિકસિત ભારત સંકલ્પ ગરબા’ મહોત્સવમાં આશરે ૫૦ હજાર નાગરિકોએ એકસાથે ગરબે ઘૂમીને વિશ્વના સૌથી મોટા ગરબા નૃત્યનો નવો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો, જેની અત્યારે ગુજરાતભરમાં ચર્ચાઓ થઈ રહી છે. ગરબા ગ્રાઉન્ડ પર ઉપસ્થિત ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સના સત્તાવાર પ્રતિનિધિએ આ ઐતિહાસિક ક્ષણની ચકાસણી કરીને વિશ્વ રેકોર્ડનું પ્રમાણપત્ર વડોદરાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુને એનાયત કર્યું હતું. આ રેકોર્ડ એટેમ્પ્ટ રાત્રે ૧૧:૦૦ વાગ્યા પછી ‘ત્રણ તાળી’ ગરબાના પરંપરાગત તાલ પર કરવામાં આવ્યો હતો. અતુલ દાદા પુરોહિતે પોતાના બુલંદ અવાજથી સમગ્ર માહોલને ગરબાના રંગે રંગ્યો હતો. તેમણે આ વૈશ્વિક રેકોર્ડ વડોદરાની સમગ્ર જનતાને સમર્પિત કર્યો હતો. ગિનિસ રેકોર્ડના પ્રમાણપત્રને સ્વીકાર્યા બાદ કમિશનર અરુણ મહેશ બાબુએ જાહેરાત કરી હતી કે, અવોર્ડ પર ‘વડોદરાની જનતા’નું નામ લખાયેલું છે.

પાલિતાણામાં ગેરકાયદે કતલખાના અને માંસમટનનું વેચાણ રોકવા ઉગ્ર માગઃ આંદોલનની ચીમકી

ભાવનગરઃ જિલ્લાના વિશ્વવિખ્યાત પવિત્ર જૈન તીર્થધામ પાલિતાણાની પવિત્રતા અને અહિંસાત્મક વાતાવરણ જાળવી રાખવા માટે ફરી એકવાર વિરોધનો અવાજ બુલંદ થયો છે. દેશ-વિદેશના કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર સમાન આ નગરીમાં ખુલ્લેઆમ ચાલતા ગેરકાયદે કતલખાના, માંસ, મટન તેમજ ઈંડાની દુકાનો કાયમી ધોરણે બંધ કરાવવાની માગ સાથે સ્થાનિક તંત્ર અને ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જૈનાચાર્ય વિરાગસાગર સૂરીશ્વરજી મહારાજના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી આ લડતમાં જો વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક કડક પગલાં લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સમગ્ર પંથકમાં ઉગ્ર આંદોલન કરવાની સ્પષ્ટ ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

પાલિતાણાને વિશ્વના પ્રથમ સત્તાવાર શાકાહારી શહેરનું બિરુદ મળેલું છે, તેમ છતાં શહેરમાં નોન-વેજ અને ઈંડાની દુકાનો ધમધમી રહી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ પ્રવૃત્તિઓ સામે વિશ્વ રક્ષા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મોરચો મંડાયો છે. ટ્રસ્ટના પ્રતિનિધિઓએ ડેપ્યુટી કલેક્ટર સમક્ષ રૂબરૂ પહોંચીને વિસ્તૃત આવેદનપત્ર સુપરત કર્યું હતું. જૈનાચાર્યના સ્પષ્ટ માર્ગદર્શન હેઠળ કરાયેલી આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે પવિત્ર યાત્રાધામમાં કોઈ પણ જાતની જીવહિંસા કે ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે તેવી પ્રવૃત્તિઓ ચલાવી લેવાશે નહીં. સંસ્થાએ તમામ ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે પુરાવા રજૂ કરીને તંત્ર પક્ષપાત વગર કાયદાનું પાલન કરાવે તેવી માગ કરી છે.

રજૂઆતમાં મુખ્યત્વે આક્ષેપ કરવામાં આવ્યો હતો કે શહેરમાં એકપણ સત્તાવાર લાઇસન્સ કે વહીવટી મંજૂરી વગર માંસ-મટન અને ઈંડાનું વેચાણ થઈ રહ્યું છે. આ દુકાનોમાં સ્વચ્છતા તેમજ આરોગ્ય વિષયક નિયમોનું સરેઆમ અનાદર કરવામાં આવે છે. પવિત્ર તીર્થ ભૂમિ પર આવા દશ્યોથી શ્રદ્ધાળુઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે. સ્થાનિક નાગરિકો અને સંતોની માગ છે કે તંત્ર સમગ્ર વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધરીને તમામ ગેરકાયદે કતલખાના અને નોન-વેજની દુકાનોને તાત્કાલિક ધોરણે સીલ કરે.

ગુજરાતમાં નવ દેવસ્થાનોએ નવરાત્રી શક્તિપર્વની ભવ્ય ઉજવણી થશે

અમદાવાદઃ ગુજરાતમાં ૧૧ ઓક્ટોબરથી શરૂ થઇ રહેલા નવરાત્રી શક્તિપર્વની રાજ્યોના નવ દેવસ્થાનોમાં ભવ્ય ઉજવણી કરશે. જેમાં રાજ્ય સરકાર દ્વારા અંબાજી અને બહુચરાજી શક્તિપીઠ સહિત રાજ્યના કુલ નવ દેવસ્થાનો ખાતે નવરાત્રી-સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવશે. રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લાના સુપ્રસિદ્ધ અંબાજી શક્તિપીઠ ખાતે તા. ૧૧ ઓક્ટોબર અને મહેસાણા જિલ્લાના બહુચરાજી શક્તિપીઠ ખાતે તા. ૧૨ ઓક્ટોબરના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યના અન્ય સાત માતાજીનાં દેવસ્થાનો ખાતે પણ નવરાત્રી નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

આ કાર્યક્રમોની શ્રેણી અંતર્ગત મહેસાણા જિલ્લાના શ્રી ઉમિયા માતા મંદિર-ઉંઝા ખાતે તા. ૧૩ ઓક્ટોબર, કચ્છના શ્રી આશાપુરા માતાજીના મઢ ખાતે તા. ૧૪ ઓક્ટોબર, સુરેન્દ્રનગરના શ્રી ચામુંડા માતા મંદિર-ચોટીલા ખાતે તા. ૧૫ ઓક્ટોબર, પંચમહાલના શ્રી મહાકાળી મંદિર-પાવાગઢ ખાતે તા. ૧૬ ઓક્ટોબર, અમદાવાદના શ્રી ભદ્રકાળી મંદિર ખાતે તા. ૧૭ ઓક્ટોબર, દેવભૂમિ દ્વારકાના શ્રી હરસિદ્ધ માતા મંદિર ખાતે તા. ૧૮ ઓક્ટોબર તથા મહેસાણાના શ્રી મોઢેશ્વરી માતા મંદિર-મોઢેરા ખાતે તા. ૧૯ ઓક્ટોબરના રોજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

અમદાવાદમાં નવરાત્રિ પર પોલીસ ત્રણ વાગ્યા સુધી બંદોબસ્તમાં રહેશેઃ ભારે વાહનો પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : નવરાત્રિ મહોત્સવ દરમિયાન ખેલૈયાઓ અને શહેરીજનોને ટ્રાફિક જામની સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા વ્યાપક અને સઘન એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. ગરબાના રંગમાં રંગાયેલા નાગરિકો મોડી રાત્રે સરળતાથી અને સુરક્ષિત રીતે ઘરે પહોંચી શકે તે હેતુથી શહેરના મુખ્ય માર્ગો અને ગરબા સ્થળો પર રાત્રે ૩ વાગ્યા સુધી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આ સાથે જ ટ્રાફિકનું ભારણ ઘટાડવા માટે ભારે વાહનોના પ્રવેશ સમયમાં મોટો ફેરફાર કરાયો છે.

ગરબા પૂરા થયા બાદ શહેરમાં મોડી રાત્રે વાહનોની અવરજવર વધવાની શક્યતાને ધ્યાનમાં રાખીને એસ. જી. હાઇવે તેમજ એસ. પી. રિંગ રોડના તમામ મુખ્ય જંકશનો પર વિશેષ તહેનાતી રહેશે. ખાસ કરીને કર્ણાવતી ક્લબ, વાય.એમ.સી.એ., ઉજાલા સર્કલ, ઓગણજ સર્કલ, સોલા ભાગવત, સિંધુભવન રોડ, વૈષ્ણોદેવી સર્કલ, શીલજ સર્કલ અને પેલેડિયમ મોલ જંકશન જેવા અત્યંત વ્યસ્ત પોઇન્ટ્સ પર રાત્રે ૩ વાગ્યા સુધી ટ્રાફિક પોલીસના જવાનો ખડેપગે રહેશે. આ વ્યવસ્થા સુચારુ રીતે જળવાઈ રહે તે માટે ટ્રાફિક પોલીસ કર્મચારીઓની ફરજના સમયમાં ૩ કલાકનો વધારો કરવામાં આવ્યો છે.

સામાન્ય દિવસોમાં શહેરમાં રાત્રે ૧૦ વાગ્યા સુધી ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ અમલી હોય છે. જોકે, નવરાત્રિ પર્વને અનુલક્ષીને આગામી ૧૧ ઓક્ટોબરથી ૨૦ ઓક્ટોબર સુધી નિયમો કડક બનાવવામાં આવ્યા છે. આ દિવસો દરમિયાન રાત્રે ૧૦ વાગ્યાને બદલે રાત્રે ૨ વાગ્યા સુધી ટ્રક, ડમ્પર અને લક્ઝરી બસો જેવા તમામ ભારે વાહનોના શહેરમાં પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

આ ઉપરાંત એસ. જી. હાઇવે પર વાય.એમ.સી.એ.થી કર્ણાવતી ક્લબ તરફનો બંધ કરાયેલો ૧.૫ કિમીનો સર્વિસ રોડ પ્રથમ નોરતે જ વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકી દેવાશે. જેનાથી વાહનચાલકોને મોટી રાહત મળશે.

ગાંધીનગર મનપા ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત, ૪૪ બેઠકો માટે કુલ ૧૩૦ ઉમેદવારો મેદાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર મહાનગરપાલિકાની ૧૧ વોર્ડની ૪૪ બેઠક માટે યોજાનારી ચૂંટણીના પ્રચાર પડઘમ શુક્રવાર સાંજે શાંત થયા હતા. ૪૪ બેઠકો માટે કુલ ૧૩૦ ઉમેદવારો મેદાનમાં છે. હવે ઉમેદવારો ઘરે ઘરે ફરીને પ્રચાર કરશે.

૧૧ ઓક્ટોબર, એટલે કે નવરાત્રીના પ્રથમ નોરતાના પવિત્ર દિવસે નાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. મતદાન પ્રક્રિયા સવારે ૭ વાગ્યાથી શરૂ થઈને સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે. ગાંધીનગરમાં આ વખતે અંદાજે ૨.૫૯ લાખથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. નવરાત્રીના પ્રથમ દિવસથી જ ચૂંટણી હોવાથી સવારના સમયમાં મતદાન મથકો પર મતદારોની ભારે ભીડ જોવા મળે તેવી સંભાવના છે.

ચૂંટણી માટે ૨૯૫ મતદાન મથકો ઊભાં કરવામાં આવ્યાં છે, જે પૈકી ૯૬ મથકો સંવેદનશીલ અને ૬ મતદાન મથકોને અતિસંવેદનશીલ જાહેર કરાયા છે. આ સંવેદનશીલ અને અતિસંવેદનશીલ મથકો પર વિશેષ પોલીસ બંદોબસ્ત, સીસીટીવી કેમેરા તેમજ વિડીયોગ્રાફી તથા વેબકાસ્ટિંગ દ્વારા સીધી નજર રાખવામાં આવશે.૧૧ ઓક્ટોબરે મતદાન સંપન્ન થયા બાદ તમામ ઈવીએમ મશીનોને ચુસ્ત પોલીસ સુરક્ષા હેઠળ સ્ટ્રોંગ રૂમમાં સીલ કરવામાં આવશે. ત્યારબાદ ૧૩ ઓક્ટોબરના રોજ મતગણતરી હાથ ધરાશે.

ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારીઓના આંદોલનનો અંત, સરકાર સાથેની સફળ બેઠક બાદ સત્તાવાર જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નાયબ મામલતદાર, મહેસૂલી તલાટી અને મહેસૂલી ક્લાર્ક સંવર્ગના વિવિધ પડતર પ્રશ્નો અંગે ‘ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળ’ દ્વારા ચલાવવામાં આવી રહેલા આંદોલનનો પણ અંતે સુખદ ઉકેલ આવ્યો છે. રાજ્ય સરકાર સાથે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ મહામંડળ દ્વારા આંદોલન સત્તાવાર રીતે પાછું ખેંચવાની જાહેરાત કરવામાં આવી હતી.

ગાંધીનગર ખાતે પ્રવક્તા જીતુ વાઘાણી અને મહેસૂલ રાજ્ય પ્રધાન સંજયસિંહ મહીડાની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ હતી. જેમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવિ, અન્ય ઉચ્ચ અધિકારીઓ અને ‘ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળ’ના પ્રમુખ જામસંગભાઈ પરમાર સહિત પ્રતિનિધિમંડળ વચ્ચે સાનુકૂળ વાતાવરણમાં દ્વિપક્ષીય ચર્ચા થઈ હતી.

આ સફળ બેઠક બાદ પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે તમામ વ્યાજબી માગણીઓ પ્રત્યે હકારાત્મક વલણ અપનાવી તેના ઝડપી નિરાકરણ માટે મહામંડળને ખાતરી આપી છે. સંજયસિંહ મહીડાએ પણ જણાવ્યું હતું કે, પ્રજાના વ્યાપક હિતમાં અને કર્મચારીઓના પ્રશ્નોના કાયમી ઉકેલ માટે સરકારે સકારાત્મક વાતાવરણમાં વાટાઘાટો કરી છે. સામાન્ય નાગરિકોને હાલાકી ન ભોગવવી પડે તે માટે મહામંડળે પણ ઉદાર અભિગમ દાખવીને આંદોલન સમેટી લેવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકાર તરફથી મળેલી સકારાત્મક ખાતરી બાદ ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના પ્રમુખ જામસંગભાઈ પરમારે આંદોલન પાછું ખેંચવાની સત્તાવાર જાહેરાત કરતા જણાવ્યું હતું કે, સરકાર સાથેની બેઠકમાં અમારી માગણીઓ પ્રત્યે સંવેદનશીલતા દાખવવામાં આવી છે અને વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે બાંહેધરી આપવામાં આવી છે.

કંડલા સેઝમાં કૌભાંડઃ ₹ 30 કરોડના બોગસ જીએસટી રિફંડ કૌભાંડનો પર્દાફાશ

ભુજઃ કંડલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન માં તંબાકુ, સોપારી, વિદેશી દારૂ, ભંગાર, કેમિકલ અને વપરાયેલા જૂના કપડાંના ઓવર વેલ્યુએશન સહિતના ભૂતકાળના કૌભાંડો બાદ હવે કરોડો રૂપિયાની જીએસટી ચોરીનું મોટું રેકેટ બહાર આવ્યું હતું. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (સીબીઆઈસી) હેઠળ કાર્યરત ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઇન્ટેલિજન્સ (ડીજીજીઆઈ)ની વિશેષ ટીમે કાસેઝ સ્થિત એક શંકાસ્પદ વેરહાઉસમાં દરોડા પાડીને છેલ્લા પાંચ-છ દિવસથી સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. કાસેઝમાં આવેલા આ સંબંધિત ગોદામમાં અગાઉ કંડલા કસ્ટમની સ્પેશિયલ ઇન્ટેલિજન્સ એન્ડ ઇન્વેસ્ટિગેશન બ્રાન્ચ (સીઆઈઆઈસી) દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પાન મસાલા, ગુટખા અને સુગંધિત તંબાકુના એ પ્રકરણમાં સ્થાનિક કક્ષાએ ભીનું સંકેલી લેવાયું હોવાના અને યોગ્ય કાયદેસર કાર્યવાહી ન થઈ હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા હતા.

ગુજરાત સરકારે વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ જાહેર કરીઃ પાંચ વર્ષ સુધી મળશે વિશેષ લાભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના ઔદ્યોગિક વિકાસની કરોડરજ્જુ સમાન સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ કદમ ઉઠાવ્યું હતું. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને ઉદ્યોગ વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ અમલમાં મૂકવામાં આવી હતી. ૧ જૂન, ૨૦૨૬થી લાગુ થયેલી આ યોજના આગામી ૩૧ મે, ૨૦૩૧ સુધી પાંચ વર્ષના સમયગાળા માટે કાર્યરત રહેશે. આ નીતિનો મૂળ હેતુ માત્ર આર્થિક મદદ પૂરતો સીમિત ન રહેતાં મૂડીરોકાણ, વ્યાજ, વીજળી, નવી ટેક્નોલોજી, ગુણવત્તા નિયંત્રણ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સહિતના તમામ પરિમાણોમાં ઉદ્યોગોને સક્ષમ બનાવવાનો છે.

યોજના અંતર્ગત તાલુકા મુજબ કેટેગરી-એ અને બી અનુસાર સહાયનું માળખું ઘડવામાં આવ્યું છે. કેટેગરી-એમાં એલિજિબલ ફિક્સ્ડ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટના મહત્તમ ૪૫ ટકા અને કેટેગરી-બીમાં ૩૫ ટકા રહેશે. પસંદગીના થ્રસ્ટ સેક્ટર્સ માટે આ મર્યાદા અનુક્રમે ૫૦ ટકા અને ૪૫ ટકા સુધી વધારાઈ છે.

દૈનિક
મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 239 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ વદ-30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 October 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૧૦ ઑક્ટોબર ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ વીકએન્ડ પૂર્તિ

રાષ્ટ્રપ્રમુખે 'વૉટ-ચોરી'ની વાત સ્વીકારીઃ રાહુલનો દાવો

નવી દિલ્હીઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે દાવો કર્યો હતો કે અમે રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂને મળીને દેશની ચૂંટણીમાં 'વૉટ-ચોરી' થતી હોવાની ફરિયાદ કરી હતી, પરંતુ તેમણે અમારી આ વાત 'સ્વીકારી'ને અમને મોટું આશ્ચર્ય આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે અમે સોમવારે દેશના મુખ્ય ન્યાયાધીશને મળીને તેમને સંબંધિત આવેદનપત્ર આપીશું. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપ્રમુખે ચૂંટણીમાં 'વૉટ-ચોરી'ની અમારી વાત 'સ્વીકારી' અને તે અંગે પુરાવા માગ્યા હતા.

થલોકસભામાંના વિપક્ષના નેતાએ જણાવ્યું હતું કે અમે રાષ્ટ્રપ્રમુખને આપેલા આવેદનપત્રમાં સ્પષ્ટ શબ્દોમાં લખ્યું (જુઓ પાનું ૨) ▸▸

જ્ઞાનેશકુમારના રાજીનામાને મુદ્દે સીજેપીની જંતર મંતર પર આજે આરપારની લડાઇ

દિલ્હીમાં કિલ્લેબંધી

સૂચિત વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખી રાજધાની પોલીસ છાવણીમાં ફેરવાઇઃ મેટ્રો સ્ટેશનો, દુકાનો, ઑફિસો, ઇન્ટરનેટ બંધ

૫૭ આટલાં મેટ્રો સ્ટેશન બંધ કરી દેવાયાં છે

૨૫,૦૦૦ આટલા જવાનોને તહેનાત કરાયા છે

નવી દિલ્હીઃ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની અને મતદારયાદી સુધારણા પ્રક્રિયા (સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન) પાછી ખેંચવાની માગણીને લઇને શનિવારે રાજધાનીમાં કૉંગ્રેસ જનતા પાર્ટી (સીજેપી) અને અમુક વિપક્ષો દ્વારા યોજાનારા વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને દિલ્હીમાં સજ્જડ બંદોબસ્ત કરાયો છે. અસંખ્ય મેટ્રો અને ટ્રેનો રદ કરવાની જાહેરાત કરાઇ હતી. દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે તે માટે મહાનગરને પોલીસ છાવણીમાં ફેરવી દેવાયું હોય એવો પહેરો ગોઠવવામાં આવ્યો છે અને પચીસ હજારથી વધુ પોલીસો તથા અર્ધલશ્કરી દળના જવાનોને ગોઠવી દેવામાં આવ્યા છે. રાજધાનીમાં વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને શનિવારે અનેક સાર્વજનિક પરિવહન સેવા, હૉટેલ, (જુઓ પાનું ૨) ▸▸



પહેરો: સીજેપીએ શનિવારે જંતર મંતરમાં દેખાવ કરવાની હાકલ કરી છે. આ સંદર્ભમાં દિલ્હી પોલીસે પીએનએનએસની ૧૬૩મી કલમ લગાડી છે અને ગેરકાયદે જમાવટ પર પ્રતિબંધ મૂક્યો છે. સુરક્ષા ચોકિયાતોને જનપથ મેટ્રો સ્ટેશનમાં તહેનાત કરવામાં આવ્યા છે. (પીટીઆઈ)



ભારતીય મૂળના ગરીબ બસ ડ્રાઇવરની દીકરી... 'નાવી' પિલ્લઇને શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર

ઓસ્લોઃ દક્ષિણ આફ્રિકાનાં જૂરિસ્ટ નવનીતમ 'નાવી' પિલ્લઇને શાંતિ માટેના ૨૦૨૬ના નોબેલ પુરસ્કાર માટે પસંદ કરાયાં હતાં.

સંયુક્ત રાષ્ટ્રસંઘના માનવ અધિકાર વિભાગનાં ભૂતપૂર્વ વડાં નવનીતમ 'નાવી' પિલ્લઇએ નરસંહાર અને જાતીય હિંસા સામેના આંતરરાષ્ટ્રીય કાયદા ઘડવામાં અને શાંતિ તેમ જ આંતરરાષ્ટ્રીય કાયદાને પ્રમોટ કરવા મહત્ત્વની ભૂમિકા ભજવી હોવાથી તેમને શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર આપવાની શુક્રવારે જાહેરાત કરાઇ હતી.

પશ્ચિમ આફ્રિકાના દેશ ગામ્બિયાએ મ્યાનમાર પર નરસંહારનો આરોપ મૂક્યો હતો, તેનો કેસ (જુઓ પાનું ૨) ▸▸



જેન-ઝીથી ડરી સરકારે ઇમર્જન્સી લાદીઃ સીજેપી

મુંબઈઃ કૉંગ્રેસ જનતા પાર્ટી (સીજેપી)ના નેતાઓએ શુક્રવારે કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યું હતું કે કેન્દ્ર સરકાર 'જેન-ઝી'થી ડરે છે અને તેણે 'ઇમર્જન્સી' જેવી સ્થિતિ લાવી દીધી છે. દિલ્હીમાં પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શન પહેલાં સત્તાવાળાઓએ પરિવહન (જુઓ પાનું ૨) ▸▸

સરકારનો ફફડાટઃ દેશભરમાંથી દિલ્હી માટેની ટ્રેનો કૅન્સલ કરી

નવી દિલ્હી : ચૂંટણી પંચના વડા અને મુખ્ય કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામની માગણીના સમર્થનમાં કૉંગ્રેસ જનતા પાર્ટી (સીજેપી)ના શનિવારે જંતર મંતર ખાતે થનારા દેખાવથી સરકાર એટલી ફફડી ગઈ છે કે નવી દિલ્હી અને હઝરત નિઝામુદ્દીન સ્ટેશને આવનારી ટ્રેનો તથા દિલ્હી પોલીસના કહેવાથી મેટ્રોના ૫૭ સ્ટેશન તેમ જ ઇન્ટરનેટ સેવા બંધ કરાયા છે. સરકારના આ નિર્ણયની સીજેપી અને બીજા વિરોધ પક્ષોએ જોરદાર ટીકા કરી છે. રેલવેએ એવો ખુલાસો કર્યો હતો કે બીજા રાજ્યોથી શરૂ થતી અને ૧૦ ઑક્ટોબરે (જુઓ પાનું ૨) ▸▸

માખીને મારવા હથોડાનો ઉપયોગ ન કરાયઃ સુપ્રીમ કોર્ટ

દિલ્હીમાં આજે મેટ્રો, ટ્રેનો સાવ બંધ નહીં રાખવાની નસિહત

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે શુક્રવારે દિલ્હીની મેટ્રો અને રાજધાની જતી બધી ટ્રેનોને સંપૂર્ણ બંધ નહિ રાખવાનો શુક્રવારે કેન્દ્ર અને સંબંધિત સત્તાવાળાને આદેશ આપ્યો હતો.

અગાઉ, દિલ્હીમાં શનિવારે કૉંગ્રેસ જનતા પાર્ટી (સીજેપી) દ્વારા યોજાનારા વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને સત્તાવાળાઓએ દિલ્હી મેટ્રો અને રાજધાની જતી ટ્રેનો રદ કરવાની જાહેરાત કરી હતી.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા તેમ જ ન્યાયાધીશ વી. મોહનની બેન્ચે જણાવ્યું હતું કે કેન્દ્રે મુસાફરોની તકલીફને ધ્યાનમાં રાખીને મેટ્રો અને ટ્રેન-સેવા ચાલુ રાખવી જોઇએ.

અદાલતે જણાવ્યું હતું કે માખીને મારવા હથોડી વાપરી ન શકાય. સાર્વજનિક પરિવહન સેવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો ન જોઇએ. સર્વોચ્ચ અદાલતે મેટ્રો (જુઓ પાનું ૨) ▸▸





LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

ટ્રેડ ડીલ માટે ભારતનું નાક દબાવવા ટ્રમ્પનું નવું ત્રાગું

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એક વાર ભારત વિરોધી માનસિકતાનો પરચો બતાવીને ભારતની ચાર અને અમેરિકાની ચાર એમ આઠ મોટી આઈટી કંપનીઓને ગ્રીન કાર્ડ પ્રોગ્રામમાંથી તગેડી મૂકી છે. ટ્રમ્પના ફતવાના કારણે આ આઠ કંપનીઓના અમેરિકામાં કામ કરી રહેલા કર્મચારીઓ પરમેનન્ટ રેસિડેન્સી માટે અરજી કરીને ગ્રીન કાર્ડ નહીં મેળવી શકે કેમ કે આ આઠ કંપનીઓ પોતાના કર્મચારીઓ માટે પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન એટલે કે પ્રોગ્રામ ઇલેક્ટ્રોનિક રિવ્યૂ મેનેજમેન્ટ (PERM) માટે અરજી નહીં કરી શકે. આ કંપનીઓમાં ભારતની ટીસીએસ, ઇન્ફોસિસ, વિપ્રો અને એચસીએલ એ ચાર કંપનીનો સમાવેશ થાય છે જ્યારે અમેરિકાની ચાર કંપનીઓમાં માઇક્રોસોફ્ટ, એડોબી, કોગ્નિઝન્ટ અને કેપજેમિની સામેલ છે.

અમેરિકામાં એચ-વન બી (H-1B) વિઝા પર કામ કરી રહેલા વિદેશી કર્મચારીઓને અમેરિકામાં કાયમી વસવાટ અપાવવા માટે કંપનીઓ પ્રોગ્રામ ઇલેક્ટ્રોનિક રિવ્યૂ મેનેજમેન્ટ (PERM) હેઠળ અરજી કરે છે. અમેરિકાના કાયદા પ્રમાણે, અમેરિકન કંપનીએ કોઈ વિદેશી કર્મચારીને કાયમી ધોરણે નોકરીએ રાખવો હોય તો અમેરિકન શ્રમ વિભાગ પાસેથી મંજૂરી લેવી પડે છે. અમેરિકામાં વિદેશીને કાયમી નોકરી મળે એટલે તેને ગ્રીન કાર્ડ મળે છે પણ અરજી જ ના કરી શકાય તો ગ્રીન કાર્ડ ના મળી શકે તેથી કર્મચારીઓને અમેરિકામાં કાયમી વસવાટ ન મળે એટલે તેમણે ધોયેલા મૂળાની જેમ ભારત પાછા આવવું પડશે. અમેરિકાએ ચોખવટ કરી છે કે, અત્યારે જે કર્મચારીઓ એચ-વન બી વિઝા હેઠળ અમેરિકામાં કામ કરે છે અને પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન માટે અરજી કરી ચૂક્યા છે તેમને કોઈ અસર નહીં થાય પણ આ કંપનીઓની નવી અરજી નહીં સ્વીકારાય.

ટ્રમ્પે ભારતીયોને ટાર્ગેટ કરવા માટે આ ફતવો બહાર પાડ્યો છે એ કહેવાની જરૂર નથી કેમ કે આઠમાંથી અમેરિકાની છે અને ચાર કંપની ભારતની છે. અમેરિકાની એવી કંપનીઓ પર ચાબૂક ચલાવાઈ છે કે જે ભારતીયોને મોટા પ્રમાણમાં નોકરીઓ આપે છે. ૨૦૦૯થી અત્યાર સુધીમાં આ આઠ કંપનીઓએ લગભગ ૩૦ લાખ વિદેશી કર્મચારીઓને ગ્રીન કાર્ડ અપાવવા માટે અરજીઓ કરી હતી અને તેમાંથી ૧ લાખથી વધુને ગ્રીન કાર્ડ મળ્યાં છે. તેમાંથી મોટા ભાગના ભારતની ચાર કંપનીઓમાં ટીસીએસ, ઇન્ફોસિસ, વિપ્રો અને એચસીએલના છે. અમેરિકાની માઇક્રોસોફ્ટ, એડોબી, કોગ્નિઝન્ટ અને કેપજેમિની જેવી કંપનીઓ પણ ભારતીયોની મોટા પાયે ભરતી કરીને કાયમી નોકરી આપે છે.

આંકડાની રીતે આઠ કંપનીઓ વધારે ના લાગે કેમ કે દુનિયામાં સેંકડો આઈટી કંપનીઓ છે પણ આ કંપનીઓનો વ્યાપ જોતાં સમજાય કે, ટ્રમ્પે ભારતીય કંપનીઓને સાવ કચડી નાંખવા માટે જ આ પગલું ભર્યું છે. ટીસીએસ, ઇન્ફોસિસ, વિપ્રો અને એચસીએલ એ ચારેય કંપની ભારતના આઈટી ઉદ્યોગની આધારશિલા છે. વિદેશી કંપનીઓ ભારતમાં આઈટી આઉટસોર્સિંગ કરે તેમાંથી મોટા ભાગના જોબ આ ચાર કંપનીઓને જ મળે છે ને ટ્રમ્પે તેમને જ લપેટી લેતાં આખો ભારતીય આઈટી ઉદ્યોગ જ હચમચી જશે.

ટ્રમ્પે માઇક્રોસોફ્ટ, એડોબી, કોગ્નિઝન્ટ અને કેપજેમિનીને એટલે ટાર્ગેટ કરી છે કે, આ કંપનીઓ ભારતમાં સૌથી વધારે આઉટસોર્સિંગ કરે છે. ટ્રમ્પે જુદી જુદી રીતે આ કંપનીઓને દબાવીને ભારતમાં આઉટસોર્સિંગ બંધ કરવા અને ભારતીયોને નોકરીઓ નહીં આપવા કહેલું પણ આ કંપનીઓ ટ્રમ્પને ના ગાંઠી. ટ્રમ્પને રવાડે ચડીને પોતાનાં હિતોને નુકસાન પહોંચાડવાની તેમની તૈયારી નહોતી એટલે ટ્રમ્પની વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખી તેમાં ફૂંગરાયેલા ટ્રમ્પે તેમને સીધી કરવા ફતવો બહાર પાડી દીધો.

આ ચાર કંપનીઓને ટાર્ગેટ કરીને બીજી અમેરિકન કંપનીઓને પણ ટ્રમ્પે આડકતરી ધમકી આપી દીધી કે, ભારતીયોને નોકરીએ રાખ્યા કે, ભારતીય કંપનીઓને કામ આપ્યું તો તમારા હાલ પણ માઈક્રોસોફ્ટ સહિતની ચાર કંપનીઓ જેવા જ થશે. માઈક્રોસોફ્ટ અમેરિકાની જ નહીં પણ આખા દુનિયાની સૌથી મોટી આઈટી કંપની છે. ટ્રમ્પ માઈક્રોસોફ્ટને નથી છોડતા તો પોતાની તો શું વલે કરે એ ડરે બીજી આઈટી કંપનીઓ ભારતીયોને કામ ના આપે કે નોકરી પણ ના આપે એવો ફફડાટ પેદા કરવાનો ટ્રમ્પનો ઈરાદો છે એ સ્પષ્ટ છે.

ટ્રમ્પ લાંબા સમયથી એક રેકર્ડ વગાડ્યા કરે છે કે, અમેરિકામાં વિદેશીઓ સ્થાનિક કર્મચારીઓની નોકરીઓ છિનવી રહ્યા છે અને અમેરિકાની કંપનીઓ પણ અમેરિકનોને કાયદેસરના લાભ ના આપવા પડે, વધારે ખર્ચ કરવો પડે એટલા માટે વિદેશી કર્મચારીઓને નોકરી પર રાખે છે કે પછી આઉટસોર્સિંગ કરે છે. અમેરિકામાં સૌથી વધારે આઉટસોર્સિંગ કે વિદેશીઓને નોકરી આપવાનું કામ આઈટી કંપનીઓ કરે છે તેથી ટ્રમ્પે આઈટી કંપનીઓને નિશાન બનાવી છે. ભવિષ્યમાં બીજાં ક્ષેત્રો માટે પણ આ ટ્રમ્પ આવો ફતવો બહાર પાડી શકે ને વિદેશી કંપનીઓ કે કર્મચારીઓ માટે કાયમી દરવાજા બંધ કરી શકે.

ટ્રમ્પને એવું લાગે છે કે, આ ફતવાના કારણે ભારતીયો ફફડી જશે પણ એવું કશું થવાનું નથી કેમ કે ભારતીયો લાંબા સમયથી અમેરિકાને કોરાણે મૂકીને બીજા દેશો તરફ મીટ માંડી જ રહ્યા છે. ભારતીયો માટે અમેરિકામાં ગ્રીન કાર્ડ કતારની બહુ લાંબી છે ને ઘણાંને તો આખો જન્મારો રાહ જોયા પછી પણ ગ્રીન કાર્ડ ના મળે એવી હાલત છે તેથી ભારતીયોમાં ભણેલા લોકો તો અમેરિકન ડ્રીમને છોડી જ રહ્યા છે. ભારતીયો માટે અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવા માટે અત્યારે જ લગભગ ૧૫ વર્ષનું વેઈટિંગ લિસ્ટ છે.

અમેરિકામાં ખૂબ જ ભણેલા અથવા અનુભવી પ્રોફેશનલ્સને EB-2 અથવા EB-3 કેટેગરીના વિઝા મળે છે. આ પ્રોફેશનલ્સ પોતાના કામથી અમેરિકન કંપનીઓને સંતોષ આપે પછી તેમને કાયમી નોકરી મળે એટલે કંપની જ ગ્રીન કાર્ડ માટે પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન મેળવવા અરજી કરતી હોય છે. અત્યારે સ્થિતિ એ છે કે, ૨૦૧૫માં પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન માટે અરજી કરી હોય તેમને તો ગ્રીન કાર્ડ મળી જ નથી રહ્યું. અમેરિકામાં હાલમાં એવા ભારતીયોને ગ્રીન કાર્ડ મળી રહ્યું છે જેમણે ૨૦૧૨ અથવા ૨૦૧૪માં અરજી કરી હોય. આ વર્ષ માટે ભારતીયોનો કોટા સમાપ્ત થઈ ગયો છે, તેથી ૨૦૧૪ પછી અરજી કરનારાનો વારો તો આવતા વરસે જ આવવાનો છે. આ કારણે ભારતીયો માનસિક રીતે તૈયાર જ છે તેથી ટ્રમ્પના ફતવાની બહુ અસર નહીં પડે.

ટ્રમ્પ અમેરિકાને ફાયદો થાય એવા ટ્રેડ ડીલ પર સહી કરવા માટે દબાણ સર્જવા આ બધાં ત્રાગાં કરી રહ્યા છે પણ ભારત સરકારે મચક નથી આપી તેથી ટ્રમ્પે આ નવું ત્રાગું કર્યું છે. ભારત સરકારનું વલણ યોગ્ય છે ને હવે પણ અમેરિકાના દબાણ સામે ઝૂકવાના બદલે ભારતે બીજા વિકલ્પો વિશે વિચારવું જોઈએ.

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, શનિવાર, તા. ૧૦–૧૦–૨૦૨૬, દર્શ અમાવસ્યા, સર્વપિત્રી અમાવસ્યા

- ભારતીય દિનાંક ૧૮, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ વદ–30
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ વદ–30
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૯મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર હસ્ત ૨૧–૪૨ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષર કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદય: મુંબઈ ક. ૦૬ મિ. ૩૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્ત: મુંબઈ ક. ૧૮ મિ. ૧૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૧૧–30, મધ્યરાત્રે ક. 00–0૭
- ઓટ: સાંજે ક. ૧૭–૪૬, મધ્યરાત્રિ પછી ક. ૦૬–૦૭ (તા. ૧૧)
- વ્રત પર્વાદિ: વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ – અમાવસ્યા. દર્શ અમાવસ્યા,મહાલય ,શ્રાદ્ધ સમાપ્ત, સર્વપિત્રી અમાવસ્યા, પૂનમ અમાવસ્યા, અન્વાધાન, ગજજછાયા પર્વ સૂર્યોદયથી સૂર્યાસ્ત, સૂર્ય ચિત્રામાં મધ્યરાત્રિ પછી ક. ૨૬–૨૧. સંયોગિયું નથી, વાહન ઘોડો.
- મુહૂર્ત વિશેષ: વિશેષરૂપે શનિ–ચંદ્ર–સૂર્ય જાપ, જૂઈ વાવવી, મહેંદી વાવવી, નિત્ય થતાં ખેતીવાડી, દુકાન–વેપાર, પશુ લે–વેંચના કામકાજ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- શ્રાદ્ધ મહિમા: પૂનમ, અમાસ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું તથા ભુલાઈ ગયેલ તિથિ શ્રાદ્ધ આજે કરવું, આમ જેની તિથિ પ્રાપ્ત નથી તથા શ્રાદ્ધ પર્વમાં ન થયેલ શ્રાદ્ધ આજ રોજ કરવું. અમાસનું શ્રાદ્ધ સર્વપિતૃઓ માટે શ્રેષ્ઠ છે. સુખી થવા માટે શ્રાદ્ધ બ્રાહ્મણ દ્વારા સવિસ્તર યોગ્ય દક્ષિણા સહિત, દાન સહિત અવશ્ય કરવું. આજ રોજ તીર્થમાં પ્રાયશ્ચિત્ત સ્નાન કરવું, સ્નાન સમયે સૂર્ય, ઋષિ, પિતૃતર્પણ કરવું. સાધુ–સંતો, બ્રાહ્મણ ભોજનનો મહિમા છે. શ્રાદ્ધ પર્વ ભાદ્રપદ પૂરતું સીમિત નથી. વર્ષમાં જે માસ અને તિથિ આવે તે શ્રાદ્ધ, તીર્થશ્રાદ્ધ, તર્પણ, સંક્રાંતિનું શ્રાદ્ધ તથા નિત્ય સંધ્યા કર્મમાં તર્પણ શ્રાદ્ધ દરેક વર્ણ માટે મહિમા ધરાવે છે. કુટુંબના સભ્યના મૃત્યુ પછી કુટુંબીજનોની દિવંગતનું શ્રાદ્ધ કરવાની સનાતન ધર્મ અનુસાર ફરજ છે.
- આચમન: ચંદ્ર–શનિ પ્રતિયુતિ મતલબી, ચંદ્ર–સૂર્ય યુતિ ગૃહસ્થ જીવન અનુકૂળ, શુક્ર–મંગળ ચતુષ્કોણ મિત્રો પાછળ ઘણું ગુમાવે.
- ખગોળ જ્યોતિષ: ચંદ્ર–શનિ પ્રતિયુતિ, ચંદ્ર–સૂર્ય યુતિ (ભાદ્રપદ અમાવસ્યા), શુક્ર–મંગળ ચતુષ્કોણ (તા. ૧૧)
- ગ્રહગોચર: સૂર્ય– કન્યા, મંગળ–કર્ક, માર્ગી બુધ–તુલા, માર્ગી ગુરુ–કર્ક, વક્રી શુક્ર–તુલા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

ઉત્તર પ્રદેશના જેવર ઍરપોર્ટને અપાશે પીએમ મોદીનું નામ

લખનઊ: ઉત્તર પ્રદેશના જેવર ખાતે આવેલા નોઈડા ઈન્ટરનેશનલ ઍરપોર્ટનું નામ બદલીને નરેન્દ્ર મોદી ઈન્ટરનેશનલ ઍરપોર્ટ-નોઈડા જેવર રાખવાના પ્રસ્તાવને રાજ્યના પ્રધાનમંડળે શુક્રવારે મંજૂરી આપી હોવાનું મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું હતું.

પ્રધાનમંડળની બેઠક બાદ પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે રાજ્યને આ ઍરપોર્ટ આપવા બદલ રાજ્યનું પ્રતિનિધિમંડળ વડા પ્રધાનનું આભારી છે. આ ઍરપોર્ટને તેમણે વડા પ્રધાને ઉત્તર પ્રદેશને આપેલી મહત્ત્વની ભેટ લેખાવી હતી.

આ ઍરપોર્ટ ઉત્તર પ્રદેશનું સૌથી મોટું ઍરપોર્ટ હશે અને તે દેશના ઉડ્ડયન ક્ષેત્રનું હબ બનશે, એમ તેમણે કહ્યું હતું. મોદીના દૂરંદેશીભર્યા અને માર્ગદર્શન આપતા નેતૃત્વ તેમ જ રાજ્ય પરત્વેની પ્રતિબદ્ધતાની તેમણે પ્રશંસા કરી હતી.

વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશ અને ઉત્તર પ્રદેશને વિકસિત બનાવવાના વિઝનની પૂર્તિ કરવા નિષ્ઠા, ઊર્જા અને પ્રતિબદ્ધતાપૂર્વક કામ કરવાનો કેબિનેટે ઠરાવ પસાર કર્યો હતો.

મોદીએ નવેમ્બર ૨૦૨૧માં જેવાર ખાતે નોઈડા ઈન્ટરનેશનલ ઍરપોર્ટની શીલારોપણ વિધિ કરી હતી. ૨૮ માર્ચ ૨૦૨૬ના તેમણે સત્તાવાર રીતે પ્રથમ તક્કાનું ઉદ્ઘાટન કર્યું હતું અને ૧૫ જૂનથી અહીંથી કમર્શિયલ ફ્લાઈટો શરૂ કરવામાં આવી હતી. (એજન્સી)

ઈરાન સાથે વેપાર: મુંબઈસ્થિત બે કંપની અને પાંચ ભારતીય પર અમેરિકાના પ્રતિબંધો

વૉશિંગ્ટન: અમેરિકાએ ઇરાન સાથે પેટ્રોલિયમ પ્રોડક્ટસના વેપારમાં સંડોવાયેલા હોવાના આક્ષેપોથી મુંબઈસ્થિત બે કંપની અને ભારતના પાંચ નાગરિકો સામે પ્રતિબંધો મૂક્યા છે. અમેરિકાના વિદેશપ્રધાને ઇરાનથી પેટ્રોલિયમ પ્રોડક્ટસની આયાતને ઉત્તેજન આપવા એસએસપીએલ સોલ્યુસન્સ પ્રાઇવેટ લિમિટેડ અને સમુદ્ર મરિન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડને નિશાન બનાવ્યા છે. એસએસપીએલ સોલ્યુસન્સ પ્રાઇવેટ લિમિટેડ સાથે સંકળાયેલી બે વ્યક્તિ ધ્વની અને નિસર્ગ વોરા અને સમુદ્ર મરિન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ સાથે સંકળાયેલી ત્રણ વ્યક્તિ કેતન કોચિકર, ભૂપેન્દ્રસિંહ સાહુ અને હરિશ્યામ હરિચરણ ચુંડાક્ટ્ટીલને તેમની કંપની સંબંધિત કોઈ પણ ટ્રાન્ઝેક્શન કરવા પર પ્રતિબંધો મુકાયા છે.

ઑપરેશન ઈકોનોમિક આઉટ કાસ્ટ હેઠળ ઇરાન સામેની તવાઈના ભાગરૂપે આ પ્રતિબંધો મુકાયા છે.

સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે વિદેશ ખાતું દસ એન્ટિટી, છ વ્યક્તિ અને પાંચ જહાજ પર ઇરાનના પેટ્રોલિયમ, પેટ્રોલિયમ પ્રોડક્ટ અને પેટ્રોકેમિકલ પ્રોડક્ટના વેપાર કરવાના સંબંધમાં પ્રતિબંધો મુકાયા છે. વિદેશ ખાતાએ કહ્યું હતું કે આ એન્ટિટીએ ઇરાનના શાસનને લાખો ડૉલર પહોંચાડ્યા હતા, ઇરાનની આવક જારી રાખી હતી જેથી તે ગેરકાયદે વર્તણૂક કરી શકે. વિદેશ ખાતાએ વધુમાં કહ્યું હતું કે અમેરિકા સરકાર ઇરાનના પેટ્રોકેમિકલ પ્રોડક્ટસ ખરીદનાર અને વેચનાર બન્ને પર પ્રતિબંધો મૂકી રહી છે.

આ સાથે અમરિકાએ સમુદ્ર મરિન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડને ૨૩ ઑક્ટોબર સુધી વિન્ડ ડાઉન ટ્રાન્ઝેક્શન કરવાની છૂટ આપી છે. વિન્ડ-ડાઉન ટ્રાન્ઝેકશન એ હંગામી અધિકૃત ગ્રેસ પિરિયડ છે જેમાં પક્ષો હાલના બિઝનેસને પૂરો કરી શકે અને નવા પ્રતિબંધ આવે કે કંપની ફડચામાં જાય એ પહેલાં ઑપરેશન બંધ કરી દે. (એજન્સી)

એઆઇના જોખમો: ઓપનએઆઇએ ત્રણ સંશોધકને કેમ પાણીચું આપ્યું?

લંડન: અમેરિકાની કંપની ઓપનએઆઇએ શુક્રવારે જણાવ્યું હતું કે તેણે 'વિશ્વાસ ભંગ' કરવાના કારણે ત્રણ સેફ્ટી રિસર્ચરને નોકરીમાંથી કાઢી મૂક્યા છે. કંપનીએ આ લોકોને નોકરીમાંથી કાઢવાના પોતાના નિર્ણયનો બચાવ કર્યો હતો જ્યારે આ ત્રણેય લોકોએ આરોપ લગાવ્યો હતો કે કંપનીએ સુરક્ષાથી વધુ પોતાના કોર્પોરેટ હિતોને પ્રાથમિકતા આપી છે અને આ તેમને હટાવવાનું કારણ છે.

ચેટજીપીટી બનાવનારી કંપનીએ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે તપાસમાં જાણવા મળ્યું હતું કે આ ત્રણેય રિસર્ચરે સંવેદનશીલ માહિતીને સંભાળવા સાથે જોડાયેલી સ્પષ્ટ નીતિઓનું ઉલ્લંઘન કર્યું હતું. કંપનીએ તેમને નોકરીમાંથી છૂટા કરી દીધા છે.

કંપનીએ આ નિવેદન એવા સમયે આપ્યું છે કે જ્યારે ટોમેક કોરબાક, જૈસ્મીન વાંગ અને મિકિતા બાલેસ્ની નામના ત્રણ સંશોધકોએ ઓપનએઆઈના અલગ અલગ સેફ્ટી ગ્રુપોને એક પત્ર લખીને પોતાને બરતરફ કરવાની સ્થિતિ અને એઆઇને લઈને પોતાની ચિંતાઓ વિસ્તારથી જણાવી હતી.

તેઓએ જણાવ્યું હતું કે તેમને ડર છે કે તેમની બરતરફી અંગે થયેલી 'આંતરિક અને બાહ્ય વાતચીત' કંપનીના એ કલ્ચરને નુકસાન પહોંચાડ્યું છે જે સુરક્ષા ચિંતાઓ વિશે મુક્તપણે બોલવા અને અસંમત થવા માટે પ્રોત્સાહિત કરતી હતી. જુલાઈમાં આ મુદ્દો ત્યારે ઉભો થયો જ્યારે ઓપનએઆઈએ ખુલાસો કર્યો હતો કે તેના એઆઇ એજન્ટોનું એક જૂથ ટેસ્ટિંગ ગ્રાઉન્ડમાંથી બહાર નીકળી ગયું છે અને એક કામ માટે જરૂરી જાણકારી હાંસલ કરવા માટે ચોરી કરવામાં આવેલા ક્રેન્ડિશિયલ્સનો ઉપયોગ કરીને એઆઇ ડેવલમેન્ટ હબ અને માર્કેટપ્લેસ 'હગિંગ ફેસ'ના સર્વરમાં ઘૂસી ગયો ઓપનએઆઈએ રિસર્ચરના દાવાઓને ખોટા ગણાવ્યા હતા અને કહ્યું કે તેમને નોકરીમાંથી કાઢી મુકવા પાછળનું કારણ 'સુરક્ષા ચિંતાઓ કે નિડર થઈને' બોલવાનું નહોતું.

પ્રજામત

થાણે-ભિવંડી ટ્રાફિક

થાણેથી ભિવંડી સરકારે પાંચ લેન રોડ બનાવ્યા છે. લગભગ ૭૦ ટકા કામ પૂરું થઈ ગયેલું છે, પરંતુ ૧૨ લેન બનાવતે તો પણ ટ્રાફિક ઓછો નહીં થાય કારણ કે ટ્રક, ટેમ્પો, ડમ્પર બધી જ લેન ઑક્યુપાય કરીને ચલાવે છે. ટ્રકની સ્પીડ લગભગ ૩૦ કિ.મી. અને કારની લગભગ ૫૦ કિ.મી. કારને આગળ જવા માટે વારંવાર લેફ્ટ-રાઇટ કરવું પડે છે જે ત્રાસરૂપ છે. ટ્રાફિકના નિયમો કડક કરવામાં આવે તો જ ટ્રાફિક ઓછો થાય. ટ્રક, ટેમ્પો, ડમ્પરને બે લેન ફિક્સ કરે તો જ સરકારનો ખર્ચ લેખે લાગે. બાકી તો થાણાથી ભિવંડી જવું હોય તો બે કલાક ગણી લેવા.

-ફખરુદ્દીન ખાનભાઈ ચિત્તલવાલા, મુંબઈ

પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો જરૂરી

કોઈ પ્રદેશમાં વરસાદ ઓછો કે નહીંવત પડે એટલે દુષ્કાળગ્રસ્ત જાહેર થાય. દુકાળના નિવારણ માટે કરોડો -અબજો રૂપિયાની યોજનાઓ ઘડાય, માસ્ટર પ્લાન તૈયાર થાય, સામાજિક સંસ્થાઓ-દાનવીરો દાનની સરવણી વહાવે. નિષ્ઠાવાન સેવાભાવી કાર્યકરો નિ:સ્વાર્થભાવે કંઈક કરી છૂટવાની ભાવના સાથે સેવાની ધૂણી ધખાવે. દુકાળની ઘેરી છાયા ફરી વળી હોય, પ્રજા પાણી વિના પીડાઈ રહી હોય, અબોલ પશુ-પંખીઓ ઘાસચારા અને પાણી વિના તરફડતાં હોય ત્યારે આવી વિકટ પરિસ્થિતિમાં તાત્કાલિક રાહત પહોંચાડવી એ આપણી ફરજ છે. પાણીના પોકાર માટે ત્વરિત ઉપાયનું અમલીકરણ કરવું પડે, પણ પાણીની ઊભી થયેલી અછતના કારણે ઉપરછલ્લા-અલ્પજીવી ઉપાયો-યોજનાઓ કરીને અટકી ન જઈએ. પાણીની સળગતી સમસ્યાનો ઉકેલ કામચલાઉ ઇલાજો અજમાવીને નહીં આવે. એ માટે તો કાયમી મૂળથી નિરાકરણ આવે એવા મૂળગામી ઉપાયો અજમાવવા જોઈએ. વરસાદના રૂપમાં મળેલા પાણીની એક એક બુંદને પ્રાચીન કુદરતી વ્યવસ્થા પ્રમાણે જાળવણી કરીએ-વેડફીએ નહીં. સુચારુ સંચાલન કરીને એનો કાળજીભર્યો ઉપયોગ કરીએ. આધુનિક જીવનશૈલીના કારણે કેટલેક અંશે જાતે ઊભું કરેલું આ જળસંકટ છે. એટલે આ વિષયમાં જાગી જવાની જરૂર છે. પાણીની સમસ્યાને હંમેશ માટે મૂળથી નિવારવાના પ્રયત્નો આદરવા જોઈએ. સમસ્યાનો શૉર્ટકટ હંમેશ માટેનો ન હોવો જોઈએ. પાણી એ પૃથ્વી પરની તમામ જીવસૃષ્ટિના જીવનને ટકાવી રાખનાર મહત્ત્વનો સ્રોત છે.

-સેવંતીભાઈ એમ. સંઘવી, થરાદ

પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ–મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

- તંત્રી

પહેલા પાનાનું ચાલુ

જેન–ઝીથી ડરી

સેવાઓ બંધ કરી દીધી છે અને રાષ્ટ્રીય રાજધાનીને કિલ્લામાં ફેરવી નાખી છે. આ કડક કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે સીજેપી શનિવારે જંતર-મંતર પર એક વિશાળ પ્રદર્શનની તૈયારી કરી રહી છે. આ વિરોધ પ્રદર્શનનો હેતુ ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીની 'સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન' (એસઆઇઈઆર) પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓને લઈને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ કરવાનો છે.

સરકારના અગાઉથી લેવાયેલા પગલાંની ટીકા કરતા સીજેપીના સ્થાપક અભિજીત દીપકેએ પ્રદર્શનકારીઓને રોકવા માટે લોકોની અવરજવર પર પ્રતિબંધ મૂકવા બદલ કેન્દ્ર સરકારની નિંદા કરી અને કહ્યું કે કેન્દ્ર સરકાર 'જેન ઝી'થી ડરે છે.

બેંગલુરુથી પરત ફર્યા બાદ શુક્રવારે મુંબઈ એરપોર્ટ પર પત્રકારો સાથે વાત કરતા દીપકેએ ભારપૂર્વક કહ્યું કે સીજેપીના સ્વયંસેવકો શનિવારે જંતર મંતર પર વિરોધ પ્રદર્શન કરવાની યોજના પર આગળ વધશે. જો તમને યુવાનોથી આટલો જ ડર લાગતો હોય તો આખો દેશ બંધ કરી દો. તેમણે ૧૦ ઓક્ટોબરે સવારે ૪:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યાની વચ્ચે નવી દિલ્હી અને હઝરત નિઝામુદ્દીન સ્ટેશનો પર આવનારી અનેક મેલ અને એક્સપ્રેસ ટ્રેનો રદ કરવા બદલ કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. દીપકેએ કહ્યું કે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર જેન-ઝીથી થી ડરે છે અને તેમણે સરકારને પોતાની ધરપકડ કરવાનો પડકાર ફેંક્યો હતો. સીજેપીના નેતા સૌરવ દાસે દેશની સ્થિતિની સરખામણી ઇમર્જન્સી સાથે કરી હતી અને દાવો કર્યો હતો કે ભાજપ શાસિત રાજ્યોમાં પાર્ટીના સ્વયંસેવકોની અટકાયત કરવામાં આવી રહી છે અને કેટલાકને નજરકેદ (હાઉસ અરેસ્ટ) કરવામાં આવ્યા છે. ચાલો કોઈ ભ્રમમાં ન રહીએ. દેશમાં ઇમર્જન્સી લાદવામાં આવી છે અને દિલ્હી એક કિલ્લામાં ફેરવાઈ ગયું છે. દિલ્હી પોલીસે સીજેપીને જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી આપી નથી.

દિલ્હીમાં

રસ્તા તેમ જ ઘણી ઑફિસ, દુકાનો બંધ રહેવાની છે. અમુક સ્થળે ઇન્ટરનેટ પણ બંધ કરવાનો આદેશ અપાયો છે.

પોલીસે દિલ્હીમાં દેખાવકારોને સામૂહિક અટકાયત હેઠળ લઇને રાખી શકાય એવા દસ ડિટેન્શન સેન્ટર ઊભા કર્યા હોવાનું કહેવાય છે. અનેક વિસ્તારમાં લોકોને મોટી સંખ્યામાં ભેગા નહિ થવાનો આદેશ પણ અપાયો છે.

નવી દિલ્હીના અમુક વિસ્તારમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ લાગુ પાડવામાં આવી હોવાનો દેખાવકારો દ્વારા આક્ષેપ કરાયો હતો. દિલ્હીમાં શુક્રવાર રાતના નવ વાગ્યાથી જ ૫૭ મેટ્રો સ્ટેશન બંધ કરી દેવાયા હતા અને દિલ્હીના બે મુખ્ય રેલવે સ્ટેશનની ટ્રેનો રદ કરવાની જાહેરાત કરાઇ હતી. આમ છતાં, સર્વોચ્ચ અદાલતે મુસાફરોને બહુ મુશ્કેલી ન પડે, તે માટે મેટ્રો અને ટ્રેન-સેવાનું યોગ્ય નિયમન કરવાનો આદેશ આપ્યો હતો.કૉક્રોચ જનતા પાર્ટીના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે સરકાર અમને ડરાવવા પ્રયાસ કરી રહી છે. દિલ્હી પોલીસે સીજેપીને શનિવારે જંતર મંતર ખાતે દેખાવ યોજવા પરવાનગી નથી આપી.રાજધાનીની પોલીસે સ્પષ્ટતા કરી હતી કે જે ટ્રેનોના મુસાફરો પાસે ટિકિટ હશે, તેઓને અમે નહિ અટકાવીએ.આમ આદમી પક્ષ (આપ)ના વડા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે જનતાને આ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી હતી.

ઓલ ઇન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિયેશનનાં પ્રમુખ નેહા બોરાએ જણાવ્યું હતું કે અમારા નેતાઓની ધરપકડ કરાશે તો પણ અમે આંદોલન ચાલુ રાખીશું.

કૉક્રોચ જનતા પાર્ટીના નેતાઓ - અભિજિત દીપકે, સૌરવ દાસ અને આશુતોશ રાંકાએ આક્ષેપ કર્યો હતો કે સરકાર યુવાનોને આ વિરોધ પ્રદર્શનમાં જોડાતા રોકવા આકરાં પગલાં ભરી રહી છે.

સૌરવ દાસે જણાવ્યું હતું કે મને લાગે છે કે સરકાર દેશની જનતા સામે યુદ્ધે ચઢી છે. (એજન્સી)

'નાવી' પિલ્લઇને

આંતરરાષ્ટ્રીય અદાલત (ઇન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ)માં ચાલ્યો હતો ત્યારે તેમણે ન્યાયાધીશ તરીકે ફરજ બજાવી હતી.

તેમનો જન્મ ભારતીય મૂળના ગરીબ તમિળ માતા-પિતાને ત્યાં ૧૯૪૧ની ૨૩ સપ્ટેમ્બરે ડરબન ખાતે થયો હતો. તેમનો ઉછેર રંગભેદની નીતિનો સામનો કરતા થયો હતો. તેમણે વાંશિક ભેદભાવનો જોરદાર વિરોધ કર્યો હતો.

નવનીતમ 'નાવી' પિલ્લઇએ રંગભેદ-વિરોધી કાર્યકરોનો બચાવ કરવામાં અને માનવ અધિકારો તેમ જ સમાનતા માટે પણ ઘણું કાર્ય કર્યું હતું.

ઇન્સ્ટિટ્યૂટ ફૉર આફ્રિકન વિમેન ઇન લૉ દ્વારા પ્રકાશિત માહિતી મુજબ નવનીતમ 'નાવી' પિલ્લઇના પિતા ગરીબ બસ ડ્રાઇવર હતા અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવા માટે અનેક નોકરી કરતા હતા, જ્યારે માતા પોતાના આઠ સંતાનની દેખરેખ રાખતી હતી. ગરીબી અને નાણાંની બહુ જ ખેંચ હોવા છતાં માતા-પિતાએ પોતાની દીકરીઓને દીકરાઓની જેમ જ ઉચ્ચ શિક્ષણ આપ્યું હતું. નવનીતમ 'નાવી' પિલ્લઇ નાતાલ યુનિવર્સિટીમાં ભણ્યા હતા અને બાદમાં હાર્વર્ડ યુનિવર્સિટી ખાતેથી લૉમાં અનુસ્નાતક થયાં હતાં. દક્ષિણ આફ્રિકાના નાતાલ પ્રાંતમાં તેઓ ૧૯૬૭માં કાયદાની પ્રેક્ટિસ કરનારા સૌપ્રથમ અશ્વેત મહિલા હતાં.

તેમણે રંગભેદ-વિરોધી ચળવળ ચલાવી રહેલા લોકો અને ખોટી રીતે રાજકીય કારણસર અટકાયત હેઠળ લેવાયેલા લોકોનો દાયકાઓ સુધી બચાવ કર્યો હતો. તેમણે દક્ષિણ આફ્રિકાની વડી અદાલત, ઇન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલ ફૉર રવાંડા અને ઇન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટમાં ફરજ બજાવી હતી. તેઓ રવાંડા ટ્રિબ્યુનલના પ્રમુખ અને ન્યાયાધીશ તેમ જ યુએન હાઇ કમિશનર ફૉર હ્યુમન રાઇટ્સ હતાં. શાંતિ માટેનો પ્રથમ નોબેલ પુરસ્કાર ૧૯૦૧માં અપાયો હતો અને તેથી ૨૦૨૬નો આ પુરસ્કાર ૧૨૫મો છે. (એજન્સી)

સરકારનો

પરોઢિયેના ચાર વાગ્યાથી બપોરના બે વાગ્યા સુધી દિલ્હી અને હઝરત નિઝામુદ્દીન રેલેવે સ્ટેશને આવનારી ફક્ત ૩૮ ટ્રેન રદ કરાઈ છે. દિલ્હીના બીજા સ્ટેશનમાં ટ્રેનના ઑપરેશન્સ સામાન્ય છે. નોર્ધન રેલવેના ચીફ પબ્લિક રેલવે ઑફિસર હિમાંશુ શેખર ઉપાધ્યાએ કહ્યું હતું કે નવી દિલ્હી અને હઝરત નિઝામુદ્દીન રેલવે સ્ટેશન પર પરોઢિયેના ચાર વાગ્યાથી બપોરના બે વાગ્યા સુધી આવતી ફક્ત ૩૮ ગાડી રદ કરાઈ છે. દસ ઑક્ટોબરે આ સ્ટેશનોની આસપાસના વિસ્તારોમાં ટ્રાફિકની ભીડ થવાની હોવાથી આ પગલું લેવામાં આવ્યું છે. આ બે સ્ટેશનો સિવાય બીજા સ્ટેશનો જેવા કે આનંદ વિહાર ટર્મિનલ, સરાઈ રોહિલા, જૂનું દિલ્હી અને દિલ્હી કેન્ટોનમેન્ટમાં ટ્રેન નિર્ધારિત સમયે આવશે. સીજેપી અને ઈન્ડિયા બ્લોકના નેતાઓએ શુક્રવારે ટ્રેનોના રદ કરવાના પગલાની ટીકા કરી હતી. તૃણમૂલ કૉંગ્રેસના નેતા ડેરિક ઓબ્રિયેને સરકાર પર યુવાનોથી ડરી જવાનો આક્ષેપ કર્યો હતો. . સીજેપીના સ્થાપક અભિજિત દીપકેએ આની આલોચના કરતા કહ્યું હતું કે જો તમે યુવાનોથી ગભરાતા હોય તો આખા દેશને બંધ કરી દો.

માખીને મારવા

અને ટ્રેન-સેવા પર મુકાયેલા સંપૂર્ણ પ્રતિબંધને ઉઠાવી લેવા કેન્દ્ર અને અન્ય સંબંધિત સત્તાવાળાને આદેશ આપ્યો હતો અને જણાવ્યું હતું કે મેટ્રો અને ટ્રેન-સેવા બંધ રાખવાથી લાખો મુસાફર મુશ્કેલીમાં મુકાઇ શકે છે. પોલીસે સાર્વજનિક પરિવહન સેવાને રક્ષણ પૂરું પાડવું જોઇએ. બૅન્ચે જણાવ્યું હતું કે પરિવહન સેવા સાવ બંધ કરવી અને તેનું નિયમન કરવું, એ બે અલગ બાબત છે. વહીવટીતંત્ર આ રીતે મેટ્રો અને ટ્રેન-સેવાને સંપૂર્ણ બંધ કરી ન શકે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે હું સત્તાવાળાઓને મેટ્રો અને ટ્રેન-સેવા સંપૂર્ણ બંધ નહિ રાખવાનો અને તેનું યોગ્ય નિયમન કરવાનો અદાલતનો આદેશ જણાવીશ. અદાલતે જણાવ્યું હતું કે મેટ્રો અને ટ્રેનોની અવરજવર અંગે યોગ્ય રીતે જાહેરાત કરવી જરૂરી છે કે જેથી જનતાની સમસ્યા ઓછી થાય. બૅન્ચે જણાવ્યું હતું કે રસ્તા પર બૅરિકેડ્સ ગોઠવવાને બદલે વૈકલ્પિક માર્ગ રાખવો જોઇએ. (એજન્સી)

રાષ્ટ્ર પ્રમુખે

હતું કે વડા પ્રધાન મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારે દેશની લોકશાહીનો વિનાશ કરવાનું ષડ્યંત્ર ઘડ્યું છે. તૃણમૂલ કૉંગ્રેસનાં વડાં મમતા બેનરજીએ જણાવ્યું હતું કે અમે (વિપક્ષો) મજબૂત છીએ. અમે ઘણાં સશક્ત છીએ. અમે દેશની ૬૦ ટકાથી વધુ જનતાનું પ્રતિનિધિત્વ કરીએ છીએ. અગાઉ, કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે જણાવ્યું હતું કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર કરતાં 'ઘણી મોટી સમસ્યા' ઊભી થઇ છે. જો વિપક્ષો આગામી થોડા દિવસ વિરોધ પ્રદર્શન ચાલુ રાખશે, તો સરકારનું પતન થશે.(એજન્સી)

સ્ટેટ ટ્રાન્સપોર્ટની ૩,૫૦૦ એકરથી વધુ જમીનના વિકાસને મહારાષ્ટ્ર સરકારની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે જાહેર-ખાનગી ભાગીદારી (પીપીપી) મોડલ હેઠળ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશન (એમએસઆરટીસી)ની માલિકીની ૩,૫૦૦ એકરથી વધુ જમીનના વ્યાવસાયિક વિકાસને મંજૂરી આપી છે, જેમાં લીઝની મુદત ૯૮ વર્ષ સુધી લંબાવી શકાય તેવી જોગવાઈ છે.

આ મિલકતોના કમર્શિયલ ડેવલપમેન્ટ પાછળનો ઉદ્દેશ્ય મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશનને લાંબા ગાળા માટે આર્થિક રીતે સક્ષમ બનાવવાનો અને તેની આવકમાં મહત્તમ વધારો કરવાનો છે. ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે એમએસઆરટીસી પાસે રાજ્યભરમાં લગભગ ૮૫૦ સ્થળોએ ૩,૫૦૦ એકરથી વધુ જમીન છે, જેમાંથી મોટાભાગની જમીન પ્રાઈમ વિસ્તારોમાં આવેલી છે. વ્યાવસાયિક, રહેણાંક, ઔદ્યોગિક અને અન્ય હેતુઓ માટે આ મિલકતોના વિકાસથી આર્થિક ભીડનો સામનો કરી રહેલા સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટે નોંધપાત્ર આવક ઊભી થવાની અપેક્ષા છે.

રાજ્ય સરકારે પીપીપી મોડલ હેઠળ વધારાની જમીનના વિકાસ માટે ૪૯ વર્ષની લીઝ પીરિયડ (જેને વધુ ૪૯ વર્ષ માટે લંબાવી શકાય છે) મંજૂર કર્યો છે, જેનાથી સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટે લાંબા ગાળાની આવકનો સ્રોત ઊભો કરવાનો માર્ગ મોકળો થયો છે. આ પ્રક્રિયાની દેખરેખ રાખવા માટે પ્રતાપ સરનાઈકના અધ્યક્ષપદ હેઠળ એક ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. પ્રતાપ સરનાઈક પોતે એમએસઆરટીસીના અધ્યક્ષ પણ છે. સરકારી ઠરાવ હેઠળ સ્ટેટ ટ્રાન્સપોર્ટની માલિકીની વિવિધ શ્રેણીની જમીન પર વિકાસ પ્રોજેક્ટ હાથ ધરી શકાય છે. આમાં એમએસઆરટીસી પોતાની માલિકીની મિલકતો, જમીન સંપાદન દ્વારા મેળવેલી જમીન, અગાઉના રોડ ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ પાસેથી હસ્તાંતરિત જમીન, લીઝ કરાર હેઠળની જમીન અને ભેટ દસ્તાવેજો (ગિફ્ટ ડીડ) દ્વારા મળેલી જમીનનો સમાવેશ થાય છે. ■

કોંક્રીટ મિક્સરમાં પડતાં ૧૬ વર્ષના મજૂરનું મોત

બીડઃ બીડ જિલ્લામાં કામ કરતી વખતે અચાનક કોંક્રીટ મિક્સરમાં પડતાં ૧૬ વર્ષના મજૂરનું મૃત્યુ થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું. જિલ્લાના વાઘવાની તહેસીલના રૂઇ પિંપલગાંવ ગામમાં ગુરુવારે બપોરે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા મજૂરની ઓળખ અમોલ મચ્છિન્દ્ર જાવલે તરીકે થઇ હતી. ખડકી ગામનો રહેવાસી અમોલ જાવલે બાંધકામની પ્રવૃત્તિ માટે વિસ્તારમાં શરૂ કરાયેલા રેડી-મિક્સ કોંક્રીટ પ્લાન્ટમાં કામ કરી રહ્યો હતો ત્યારે તે મિક્સરમાં પડ્યો હતો અને તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી. (પીટીઆઇ)

ડ્રગ્સ સપ્લાય કરતી ગેન્ગ વિરુદ્ધ એમસીઓસીએઃ મહિલા પેડલરની અટકાયત

થાણેઃ નવી મુંબઈ પોલીસે મેફેડ્રોન ડ્રગ્સનો પુરવઠો તેમ જ વિતરણમાં સંડોવાયેલી ટોળકી વિરુદ્ધ એમસીઓસીએ (મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ) લગાવ્યો હતો અને ડ્રગ્સ વિરુદ્ધની ઝુંબેશના ભાગરૂપે મહિલા પેડલરની અટકાયત કરી હતી.

ડ્રગ્સ સપ્લાયમાં સતત સંડોવણી બદલ સીતાબાઇ સંતોષ ઇંગળે (૩૫) નામની મહિલાની પોલીસે પ્રિવેન્શન ઓફ ઇલિસિટ ઇન નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટેન્સીસ એક્ટ હેઠળ અટકાયત કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન સંબંધિત કાર્યવાહીમાં પોલીસે મુંબઈ, નવી મુંબઈ અને નાશિકમાં ડ્રગ્સ સપ્લાય કરનારી ટોળકી વિરુદ્ધ એમસીઓસીએ લગાવ્યો હતો.

પોલીસે મે મહિનામાં નવી મુંબઈના ઉલવે વિસ્તારના રહેવાસી પાસેથી ૮૬ લાખ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કર્યા બાદ ઇમરાન હુસેન ખાન (૩૬)ના નેતૃત્વ હેઠળની આ ટોળકીનો પર્દાફાશ થયો હતો. ઇમરાન ખાન વિરુદ્ધ હત્યાનો પ્રયાસ, મારપીટ સહિત અનેક ગંભીર ગુના દાખલ હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

બિલ્ડરનું અપહરણ કરીને બંદૂકની ધાકે ૧૦ લાખ, સોનાના દાગીના લૂંટ્યાઃ બે પકડાયા

પાલઘરઃ પાલઘર જિલ્લાના નાલાસોપારામાં બિલ્ડરનું કારમાં અપહરણ કર્યા બાદ બંદૂકની ધાકે ૧૦ લાખ રૂપિયા તથા સોનાના દાગીના લૂંટવાના કેસમાં પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના ૨ ઑક્ટોબરે બની હતી. મુખ્ય આરોપી રોહિત સુભાષ જાંગિડે (૨૭) ૨ ઑક્ટોબરે બિલ્ડરને કૉલ કરીને તેની કન્સ્ટ્રક્શન સાઇટ પર વ્યાવસાયિક દુકાન ખરીદવાની હોવાનું જુઠ્ઠાણું ચલાવ્યું હતું અને સોદાને બહાને બિલ્ડરને નાલાસોપારા પૂર્વમાં હોટેલમાં બોલાવ્યો હતો.

બિલ્ડર ઘટનાસ્થળે પહોંચ્યા બાદ તેમણે તેનું કાળા રંગની હ્યુન્ડાઇ ક્રેટા એસયુવીમાં અપહરણ કર્યું હતું અને બંદૂકની ધાક દાખવી તેની પાસેના ૧૦ લાખ રૂપિયા તથા સોનાના દાગીના લૂંટી લીધા બાદ આરોપીઓ ફરાર થઇ ગયા હતા.

આ ઘટના બાદ બિલ્ડરે પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન ક્રાઇમ ડિટેક્શન સેલ-૩ (વિરાર)ના અધિકારીઓએ ૪ ઑક્ટોબરે ગુનામાં સામેલ રોહિત જાંગિડ અને તેના સાથીદાર શિવકુમાર ગુપ્તા ઉર્ફે મોનુ (૨૧)ને ઝડપી પાડ્યા હતા. બંને આરોપી પાસેથી ૧૦ લાખ રૂપિયા અને સોનાના દાગીના જપ્ત કરવામાં આવ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

ઘાસચારાના વધતા ભાવથી દૂધ ઉત્પાદકો ચિંતિત

છત્રપતિ સંભાજીનગર : છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં દૂધ ઉત્પાદકો વધતા ખર્ચ અને પાણીની અછત તથા પશુચારાના ભાવ વધી જવાને કારણે પશુપાલન ચાલુ રાખવા અંગે મથામણ અનુભવી રહ્યા છે.

મહારાષ્ટ્રમાં મરાઠવાડા સહિત અનેક વિસ્તારો આ ચોમાસામાં વરસાદની અછતને કારણે દુષ્કાળનો સામનો કરી રહ્યા છે. ''ગયા વર્ષે અમે અમારા પોતાનાં ખેતરોમાં જ પશુઆહાર (ચારા)નું ઉત્પાદન કરી શક્યા હતા. પરંતુ આ વર્ષે પાણીની અછતને કારણે અમારે બહારથી ખરીદી કરવી પડી રહી છે. આ વર્ષે ચારાના ભાવ લગભગ બમણા થઈ ગયા છે,'' એમ છત્રપતિ સંભાજીનગર શહેરથી ૧૭ કિમી દૂર આવેલા ગામના દૂધ ઉત્પાદકે જણાવ્યું હતું.

''ગયા વર્ષે ખોળની કિંમત ૧૫૦૦-૧૬૦૦ રૂપિયા પ્રતિ થેલી હતી, પરંતુ હવે તે વધીને ૨૧૫૦ રૂપિયા થઈ ગઈ છે. ગયા વર્ષે અમને શેરડી (જેનો ઉપયોગ લીલા ઘાસચારા તરીકે થાય છે) લગભગ ૨૫૦૦ રૂપિયા પ્રતિ ટનના ભાવે મળતી હતી, જેનો ભાવ હવે વધીને ૪૫૦૦ રૂપિયા પ્રતિ ટન થઈ ગયો છે. અત્યારે તો તે મળી રહી છે. (પીટીઆઈ)■

સ્કૂલના સ્થાપકની જાતીય સતામણીનો ભોગ બનેલી વિદ્યાર્થિનીઓને ફરિયાદ નોંધાવવા અપીલ

લાતુરઃ લાતુરમાં આવેલી ખાનગી સ્કૂલના સ્થાપકની જાતીય સતામણીનો ભોગ બનેલી સગીર વિદ્યાર્થિનીઓને નિર્ભયપણે આગળ આવીને ફરિયાદ નોંધાવવાની પોલીસે અપીલ કરી છે અને તેમની ઓળખ છતી ન થાય તેની ખાતરી આપી છે.

જાતીય સતામણીની ફરિયાદ મળ્યા બાદ પોલીસે આદર્શ ઇન્ટરનેશનલ સ્કૂલના સ્થાપક બશીર ઉસ્માન શેખ (૫૪) વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો નોંધીને બુધવારે તેની ધરપકડ કરી હતી. બાદમાં પોલીસ દ્વારા આ અપીલ કરવામાં આવી છે.

લાતુર જિલ્લાની પોલીસે એક નિવેદનમાં એવી અન્ય સગીર વિદ્યાર્થિનીઓને અપીલ કરી છે, જેમણે સમાન પ્રકારના દુર્વ્યવહારનો સામનો કર્યો હોય. તેઓ કોઇ પણ સંકોચ વિના પોલીસનો સંપર્ક કરે.

વિદ્યાર્થિનીઓ અથવા તેનાં માતા-પિતા આ કેસ સંબંધી માહિતી આપવા માટે ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ભાગીરથી પવારને તેમના મોબાઇલ સીધો સંપર્ક કરી શકે છે.

પોલીસે ખાતરી આપી છે કે માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે અને તેને રક્ષણ આપવામાં આવશે. (પીટીઆઇ)■

બોરીવલી, કાંદિવલી, ચારકોપ, મલાડમાં ગટર છલકાવાનું પ્રમાણ ઘટશે

બોરીવલીથી માલવણી સુધીની ૫.૮ કિલોમીટર લાંબી અંડર ગ્રાઉન્ડ સ્યુએજ ટનલનું 'બ્રેક થ્રૂ' સફળઃ પ્રોજેક્ટનું ૯૦ ટકા કામ પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સ્યુએજ મેનેજમેન્ટ અને પ્રદૂષણ નિયંત્રણના પ્રયાસોને નોંધપાત્ર પ્રોત્સાહન આપતા મુંબઈ મહાનગરપાલિકાએ બોરીવલીમાં ડોન બોસ્કો સ્કૂલ જંકશનથી માલવણીના ન્યૂ મલાડ પમ્પિંગ સ્ટેશન સાથે જોડતી ૫.૮ કિમી લાંબી અંડર ગ્રાઉન્ડ ટનલનું અંતિમ કામ (બ્રેક થ્રૂ) પૂર્ણ કર્યું છે.


પાલિકાના પ્રાયોરિટી સ્યુએજ ટનલ ફેઝ-૧ પ્રોજેક્ટ હેઠળ બનાવવામાં આવી રહેલી અંડર ગ્રાઉન્ડ ટનલનું 'બ્રેક-થ્રુ' સફળતાપૂર્વક પૂર્ણ થવાની સાથે જ પ્રોજેક્ટનું ૯૦ ટકા કામ પૂરું થયું છે અને ૩૧ જુલાઈ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

પાલિકાના મહત્ત્વાકાંક્ષી પ્રાયોરિટી સ્યુએજ ટનલ ફેઝ-૧ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય સમુદ્ર અને નદીના પાણીમાં છોડવામાં આવતા ગટરના પાણીની ગુણવત્તા સુધારવા અને જળ પ્રદૂષણને રોકવાનો છે.

સ્યુએજ ટનલ ફેઝ-૧ પ્રોજેક્ટનું કામ સેગમેન્ટલ લાઇનિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલી આ ટનલનો આંતરિક વ્યાસ ૩.૨ મીટર છે અને તેની સ્યૂએજ વહન કરવાની ક્ષમતા ૧,૧૮૨ મિલ્યન લિટર પ્રતિ દિવસ છે. આ માળખામાં પાંચ શાફ્ટ, ત્રણ ડ્રોપ શાફ્ટ અને છ સ્ક્રીન ચેમ્બરનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ મુંબઈના પશ્ચિમ ઉપનગરમાં ખાસ કરીને દહિસર, બોરીવલી, ગોરાઈ, ચારકોપ, મલાડ અને કાંદિવલી પરિસરમાં હાલનું સ્યૂએજ (ગટર) નેટવર્ક સક્ષમ બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ શરૂ થઈ જશે એ બાદ પહેલા તબક્કામાં દહિસર, બોરીવલી, ગોરાઈ, શિમ્પોલી અને ચારકોપમાં ગટર-વહન ક્ષમતા પ્રતિ દિન ૧,૧૩૬ મિલ્યન લિટર સુધી વધારવાની અપેક્ષા છે, જેનાથી હાલના ગટર નેટવર્ક પરનો બોજ ઓછો થશે અને ગટર ઓવરફ્લોનું જોખમ ઘટશે.

આ અંડરગ્રાઉન્ડ ટનલ એકમાં ગોરાઈ, શિંપોલી, ચારકોપ અને મલાડ આ ચાર પમ્પિંગ સ્ટેશનો તરફ આવતા ગટરના પાણીને વાળવામાં આવશે, જેનાથી આ ચારેય પમ્પિંગ સ્ટેશન પરનો ભાર ઘટશે અને તેને કારણે પમ્પિંગ સ્ટેશનની જાળવણી અને સમારકામ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે. ■







LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સંસ્થા સમાચાર


‘સંબંધોના સંભારણા’ પુસ્તકનો વિમોચન સાથે ‘સાહિત્યની સાંજ’ સંપન્ન



મુંબઈઃ ‘યાદોને શબ્દોમાં અને શબ્દોને સંબંધોમાં ગૂંથતી સફર’ સમાન કાવ્યો, ટૂંકી વાર્તાઓ, લેખો અને ગઝલનો સંગ્રહ એટલે લેખક કિશોર સરૈયાનું હૃદયસ્પર્શી પુસ્તક ‘સંબંધોના સંભારણા’. આ પુસ્તકનું વિમોચન અને ‘સાહિત્યની સાંજ’ કાર્યક્રમ મલાડ સ્થિત ડી.જી. ખેતાન ઓડિટોરિયમ ખાતે અત્યંત ઉત્સાહ અને લાગણીસભર માહોલમાં ઉજવાયો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન જાણીતા ફિલ્મ દિગ્દર્શક, પ્રોડ્યુસર અને લેખક ગુજરાત રત્ન શ્રી મેહુલકુમાર, મીડિયા જગતના શિરમોર ડો. યોગેશભાઈ લાખાણી, તેમજ આંતરરાષ્ટ્રીય બિઝનેસ કન્સલ્ટન્ટ અજીતભાઈ શાહના હસ્તે આ પુસ્તકનું વિમોચન કરાયું હતું. આ ઉપરાંત ભાજપના ધારાસભ્ય યોગેશભાઈ સાગરે પોતાના વ્યસ્ત કાર્યક્રમના કારણે ઉપસ્થિત ન રહી શકતા, પોતાનો ખાસ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો અને લેખક શ્રી કિશોરભાઈ સરૈયાને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. નવરાત્રી રાસ ગરબા ક્વીન પ્રીતિ-પિંકી એ માતાજીના આગમનની વધામણીની જોરદાર સ્તુતિની પ્રસ્તુતિ રજૂ કરી સમારંભની શોભા વધારી હતી.

સમસ્ત બ્રાહ્મણ મહાસંઘનો ‘મહર્ષિ વેદવ્યાસ બ્રહ્મ અવોર્ડ’ ગઝલકાર જવાહર બક્ષીને



મુંબઈઃ ગઝલોથી વિશ્વભરના ગુજરાતીઓમાં જાણીતા જવાહર બક્ષીને એક ભવ્ય કાર્યક્રમમાં ₹ ૨,૫૧,૦૦૦ ની ધનરાશિ સાથેનો ‘મહર્ષિ વેદ વ્યાસ બ્રહ્મ અવોર્ડ’ રવિવારે પ્રબોધનકાર ક્રિડા સંકુલ વિલે પારલેમાં, સમસ્ત બ્રાહ્મણ મહાસંઘ દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અતિથિ વિશેષ જન્મભૂમિ જૂથના અખબારોના સીઈઓ કુંદન વ્યાસ તથા સમસ્ત બ્રાહ્મણ મહાસંઘના મેનેજિંગ ટ્રસ્ટી રાજુભાઈ રાવલના હસ્તે ગઝલકાર જવાહર બક્ષીને આ એવોર્ડ ,શાલ તથા ચાંદીના શ્રીફળ સાથે એનાયત થયો.

આ પ્રસંગે ઉપસ્થિત જન્મભૂમિ જૂથના અખબારના સીઈઓ કુંદન વ્યાસે ગઝલકાર જવાહર બક્ષીને ગુજરાતી ગઝલના અગત્યના પડાવ તરીકે ઓળખાવ્યા. જવાહર બક્ષીની ગઝલની બારીકીઓને પણ એમણે બે ત્રણ ઉદાહરણ સાથે શ્રોતાઓ સમક્ષ રજૂ કરી.

સમસ્ત બ્રાહ્મણ મહાસંઘના મેનેજિંગ ડિરેક્ટર રાજુભાઈ રાવલ પ્રબોધનકાર ક્રીડા સંકુલના પણ ટ્રસ્ટી છે .એમણે જવાહરભાઈના સર્જનને તો પોંખ્યું જ સાથે સાથે યુવાનોમાં રમતગમતની અગત્યતા ઉપર પણ એમણે ભાર મૂક્યો. એક સમયે ભારતની નેશનલ હોકી રમતોમાં ટીમના પ્લેયર રહી ચૂકેલા રાજુભાઈ રાવલે યુવાનોની ફિટનેસ તથા રમત ગમત તરફ આગળ વધવાની ધગશને પ્રોત્સાહન આપવાની પણ ભલામણ કરી. પ્રબોધનકાર ક્રીડા સંકુલના રમતવીરો એશિયન રમોત્સવમાં ત્રણ ગોલ્ડ મેડલ જીતી આવ્યા છે એનો પણ એમણે ઉલ્લેખ કર્યો .

અવોર્ડ સમારંભ બાદ ગઝલકાર જવાહર બક્ષીએ પોતાની કેટલીક ઉત્તમ ગઝલો સંભળાવી અને ત્યારબાદ નરસિંહ મહેતાનાં પદોમાં જે બારીકીઓ છે તેની તથા વેદપુરાણો સાથેના એના સેતુબંધની વાત કરી, નરસિંહ ફક્ત કવિ નહીં યોગી પણ હતો એવું પ્રતિપાદન કર્યું હતું.

જૈન સંગઠન શ્રી વાગડ વીસા ઓસવાળ ચોવીસી મહાજનની નવરાત્રિ

જૈન સંગઠન શ્રી વાગડ વીસા ઓસવાળ ચોવીસી મહાજને ગોરેગામ-વેસ્ટના બાંગુર નગરમાં એમરોલ્ડ નામના એસી ડોમમાં નવરાત્રીના દસ દિવસ માટે સેજલ રાસ ઉત્સવનું આયોજન કર્યું છે. એનો ઉદ્દેશ જ્ઞાતિનાં લગ્નોત્સુક યુવાન-યુવતીઓને એકબીજાની નજીક લાવીને તેઓ જ્ઞાતિમાં જ લગ્નગ્રંથિથી જોડાય એ છે. આ ઉપરાંત જે બહેનો અપરિચિત ક્રાઉડની અંદર ગરબા-રાસ રમવાનું પસંદ નથી કરતી તેઓ પોતાની જ્ઞાતિના જ ઓળખીતા ખેલૈયાઓ સાથે નિર્ભયપણે રમવાનો આનંદ માણી શકે છે અને ગરબા-રાસના કાર્યક્રમ બાદ એકબીજાને મળીને મેળાવો કરી શકે છે. જેથી સમાજનું સંગઠન પણ મજબૂત બનશે.

વિધાન પરિષદની પાંચ બેઠકોનું ચિત્ર સ્પષ્ટ

મુંબઈઃ વિધાન પરિષદની પાંચ બેઠકોની ચૂંટણી અંગેનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ઉમેદવારી ફોર્મ પાછા ખેંચવાની મુદત સમાપ્ત થતાં પુણે ટીચર્સ, પુણે ગ્રેજ્યુએટ્સ, નાગપુર ગ્રેજ્યુએટ્સ, અમરાવતી ટીચર્સ અને છત્રપતિ સંભાજીનગર ગ્રેજ્યુએટ્સ - આ પાંચ મતવિસ્તારોમાં ચૂંટણી લડવાનું નક્કી થયુ છે. કેટલાક ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી લીધી છે, તો કેટલાક બળવાખોરોએ ચૂંટણી લડવાનો નિર્ણય યથાવત્ રાખ્યો છે. આનાથી મહાયુતિ અને મહાવિકાસ અઘાડીના સત્તાવાર ઉમેદવારોની ચિંતા વધવાની શક્યતા છે.

પાંચેય મતવિસ્તારોમાં મુખ્ય પક્ષોના ઉમેદવારો સામે અપક્ષ અને બળવાખોરોનો પડકાર છે. તેના કારણે મતોનું વિભાજન થઈને ચૂંટણીના સમીકરણો બદલાઈ શકે છે.

પુણે ટીચર્સ મતવિસ્તારમાં ભાજપના કૌસ્તુભ ગાવડે અને કૉંગ્રેસના જયંત આસગાવકર વચ્ચે મુખ્ય સ્પર્ધા થશે. જોકે, સચિન સાનપે પોતાની ઉમેદવારી યથાવત્ રાખતા મહાયુતિના ઉમેદવાર માટે મુશ્કેલી ઊભી થવાની શક્યતા છે. પુણે ગ્રેજ્યુએટ મતવિસ્તારમાં ભાજપના સ્મિતા જાધવ અને એનસીપી (એસપી) ના હર્ષદા દેશમુખ વચ્ચે મુકાબલો રહેશે. ભૂતપૂર્વ ધારાસભ્ય દત્તા સાવંતે પણ અપક્ષ તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. તેથી, આ મતવિસ્તારમાં સ્પર્ધા વધુ તીવ્ર બનવાની શક્યતા છે.

નાગપુર ગ્રેજ્યુએટ મતવિસ્તારમાં ભાજપના સુધાકર કોહલી અને કૉંગ્રેસના અભિજીત વણજારી વચ્ચે ચૂંટણી લડાશે. ભાજપના પૂર્વ ધારાસભ્ય અનિલ સોલેએ પોતાની ઉમેદવારી યથાવત રાખતા ભાજપ સામે બળવાખોરીનો પડકાર ઊભો થયો છે. એનસીપી (એસપી)ના નિતેશ કરાલે પણ અપક્ષ તરીકે મેદાનમાં છે. તેના કારણે આ મતવિસ્તારમાં મતોનું વિભાજન થવાની શક્યતા છે.

અમરાવતી ટીચર્સ મતવિસ્તારમાં મુખ્ય મુકાબલો કૉંગ્રેસના અદિતિ પોહરે અને શિવસેનાના શિંદે જૂથના કિરણ સરનાઈક વચ્ચે થશે. શિવસેનાના ઠાકરે જૂથના દત્તાત્રેય લહાણેએ પણ પોતાની ઉમેદવારી જાળવી રાખી હોવાથી, અહીં ત્રિ-માર્ગી લડાઈ થવાની શક્યતા છે.

આ ઉપરાંત શિંદે જૂથના પૂર્વ ધારાસભ્ય શ્રીકાંત શિંદે અને ભાજપના ધારાસભ્ય રાજેશ વાનખડેના સાળા શેખર ભોયર પણ પાછા હટ્યા નથી. જેના કારણે આ મતવિસ્તારમાં બળવાની ચર્ચા વધી ગઈ છે.

છત્રપતિ સંભાજીનગર ગ્રેજ્યુએટ મતવિસ્તારમાં મુખ્ય મુકાબલો રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના અજિત પવાર જૂથના સતીશ ચવ્હાણ અને શિવસેનાના ઠાકરે જૂથના દિલીપ ઘુગે વચ્ચે થશે. રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના શરદ ચંદ્ર પવાર જૂથના પ્રતાપસિંહ પાટીલ પણ ચૂંટણી લડી રહ્યા છે. તેથી, અહીં ત્રિ-માર્ગી લડાઈ થવાની શક્યતા છે.

સત્તાવાર ઉમેદવારો માટે આ ચૂંટણી માત્ર વિરોધીઓ સામે લડવા પૂરતી મર્યાદિત રહી નથી; પરંતુ પોતાના જ લોકોનો બળવો રોકવાની પણ કસોટી થવાની છે. હવે મતદારો કોના પક્ષમાં જનાદેશ આપે છે અને બળવાખોરો કોની રમત બગાડે છે, તેના પર સૌની નજર ટકેલી છે.

છેલ્લા પાનાનું ચાલુ

ગેરકાયદે સીડીઆર

આવ્યા હતા, જેમાં ઝારખંડના કોન્સ્ટેબલ પંકજકુમાર શુકલા અને બિહારના કોન્સ્ટેબલ પ્રિન્સકુમાર પ્રવીણ સહાનીનો સમાવેશ છે. બંને કોન્સ્ટેબલને નોટિસ આપવામાં આવી છે અને તેમને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે, એમ યુનિટ-૧૨ના સિનિયર ઇન્સ્પેક્ટર સંદીપ યેડે-પાટીલે જણાવ્યું હતું.

આરોપીઓએ અત્યાર સુધી પચાસ સીડીઆર, ૫૨૦થી વધુ એસડીઆર, ૫૦૦થી વધુ મોબાઇલ નંબરના લોકેશન અને ૪૨૦થી વધુ આઇએમઇઆઇ નંબરની માહિતી પૂરી પાડી હોવાનું જાણવા મળ્યું હતું. આરોપીઓ પાસેથી સાત મોબાઇલ જપ્ત કરાયા હતા.

ઓશિવરા વિસ્તારમાં રહેનારો શખસ ચોરાયેલા અથવા ખોવાયેલા મોબાઇલ હસ્તગત કરી અપાશે, એવી જાહેરાત પોતાના ઇન્સ્ટાગ્રામ આઇડી પર પોસ્ટ કરતો હતો. જે લોકોના મોબાઇલ ચોરાયા કે ખોવાયા હતા તેમણે ઉપરોક્ત જાહેરાતમાં આપેલા આરોપીના નંબર પર કૉલ કર્યો હતો. આરોપી પોતાની ઓળખ ‘ઇન્સ્પેક્ટર સંજય’ તરીકે આપતો હતો અને ચોરી થયેલા મોબાઇલ હસ્તગત કરી આપવા માટે પૈસા પડાવતો હતો.

આરોપી ગેરકાયદે રીતે સીડીઆર, એસડીઆર, લોકેશન અને આઇએમઇઆઇ નંબરની માહિતી પૂરી પાડતો હોવાની મહિતી મળ્યા બાદ પોલીસે જોગેશ્વરી પશ્ચિમમાં એસ.વી. રોડ પર ઇમારતના ગેટ નજીક છટકું ગોઠવીને આરોપીને પકડી પાડ્યો હતો. તપાસ દરમિયાન પોલીસ ટીમે સીડીઆર, એસડીઆર, લોકેશન પૂરા પાડતી અપર લિંક પરથી નવ આરોપીને ઓળખી કાઢ્યા હતા, જેમાંથી પાંચની ધરપકડ કરવામાં આવી હતી.

દુષ્કાળની સમીક્ષા

આર્થિક વળતરની માગણી કરી હતી.

કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના સંયુક્ત સચિવ મુક્તાનંદ અગ્રવાલના નેતૃત્વમાં એક ટીમે ડેમની ગામના ખેડૂત વિલાસ શિંદેના ખેતરની મુલાકાત લીધી હતી. આ પ્રતિનિધિમંડળમાં મહાલનોબિસ નેશનલ ક્રોપ ફોરકાસ્ટ સેન્ટરના ડેપ્યુટી ડાયરેક્ટર સુનીલ કુમાર, નીતિ આયોગના સલાહકાર ડો. જસપાલ સિંહ, પશુપાલન અને ડેરી વિભાગના ડો. સાક્ષી ભદોરિયા, મહારાષ્ટ્રના કૃષિ સચિવ પરિમલ સિંહ અને જિલ્લા કલેક્ટર વિનય ગૌડા જી.સી.નો સમાવેશ થતો હતો. સ્થાનિક ખેડૂત સાઈનાથ શિંદેએ સત્તાવાળાઓને લાંબી ઔપચારિકતાઓ બાજુ પર મૂકીને ઝડપથી સહાય ચૂકવવાની વિનંતી કરી હતી અને જણાવ્યું હતું કે કપાસ, મકાઈ અને સોયાબીન જેવા પાકને વ્યાપક નુકસાન થયું છે. સમર્થન આપતા, અન્ય એક ખેડૂત સોમનાથ શિંદેએ ભવિષ્યની ખેતીની મોસમ સુરક્ષિત કરવા માટે લાંબા ગાળાના જળ-સંરક્ષણ પ્રોજેક્ટ્સની સાથે સાથે પ્રતિ એકર ઓછામાં ઓછા ₹૫૦,૦૦૦ના વળતરની માગ કરી હતી.

વરસાદની અછતને પગલે ૨૬ સપ્ટેમ્બરના રોજ મહારાષ્ટ્ર સરકારે રાજ્યના ૩૫૮ પૈકી ૨૬૫ તાલુકાઓમાં દુષ્કાળ જાહેર કર્યો હતો. આ યાદીમાં છત્રપતિ સંભાજીનગર વિભાગમાં સૌથી વધુ ૭૪ તાલુકાઓનો સમાવેશ થાય છે. ત્યારબાદ અમરાવતી (૫૬), નાશિક (૪૯), નાગપુર (૩૯), પુણે (૩૫) અને થાણે (૧૨) વિભાગોનો ક્રમ આવે છે. થાણે વિભાગમાં રાયગઢના એક, રત્નાગિરીના ત્રણ અને સિંધુદુર્ગના આઠ તાલુકાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

લાતુરના રહેવાસીઓને હજુ પાણીના સાંસા

કેન્દ્રના જળ જીવન મિશન હેઠળ ખોદવામાં આવેલ કૂવો ભરાઈ ગયો હોવા છતાં તેમને પાણીની અછત સહન કરવી પડી રહી છે એવો આરોપ લાતુરના એક ગામના પાંચ ગામના રહેવાસીઓએ કર્યો છે. ઘેર ઘેર પાણી પહોંચાડવાની વ્યવસ્થા હજુ પૂર્ણ ન થઈ હોવાથી આ સમસ્યા ઊભી થઈ છે.

ઉદગીર તાલુકાના નાગલગાંવ ગામના ભૂતપૂર્વ સરપંચ રાજીવ વાઘેએ જણાવ્યું કે પાઇપલાઇન અને ઓવરહેડ ટાંકી અધૂરી હોવા ઉપરાંત લીકેજની પણ સમસ્યા છે. શુક્રવારે પીટીઆઈ સાથે વાત કરતા તેમણે આરોપ મૂક્યો કે કોન્ટ્રાક્ટરને પૈસાની ચુકવણીના કારણે વિલંબ થયો છે. પાણી પુરવઠાના અભાવે રહેવાસીઓ, ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. એક રહેવાસીએ દાવો કર્યો હતો કે ‘કુવો છલકાયો હોવા છતાં ગામડાઓમાં પાણીનો અભાવ છે. પાણી સંગ્રહ કરવાની ટાંકી બે ત્રણ વર્ષ પહેલાં બનાવવામાં આવી હતી. દરેક ઘરમાં નળ નાખવામાં આવ્યા હતા, પરંતુ છેલ્લા બે થી ત્રણ વર્ષથી તેમાંથી જરાય પાણી નથી આવી રહ્યું. અન્ય એક મહિલાએ કહ્યું કે સરકારે સત્તાવાર પાણી યોજનાઓને મંજૂરી આપી, અનેક બોરવેલ ખોદ્યા અને લાખો રૂપિયા ખર્ચ્યા છતાં, સ્થાનિક સમુદાય પીવાના અને ઘરેલુ પાણી બંનેથી સંપૂર્ણપણે દૂર રહે છે. પરિવારોને ઘડા દીઠ ૧૦ રૂપિયા આપી પાણી ખરીદવું પડે છે. લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.’ (પીટીઆઈ)

હીટવેવ

સામાન્ય કરતાં ૪.૪ ડિગ્રી વધારે હતું. ૨૦૧૪ પછી ત્યાં નોંધાયેલા ઑક્ટોબર મહિનાના સૌથી ઊંચા તાપમાનમાં આનો સમાવેશ થાય છે, તે સમયે ૧૭ ઑક્ટોબરે ૩૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સમયગાળા દરમ્યાન સૌથી વધુ તાપમાન ૩૦ ઑક્ટોબર, ૨૦૧૮ના રોજ ૩૭.૨ ડિગ્રી નોંધાયું હતું.

ભારતીય હવામાન વિભાગના કોલાબા અને સાંતાક્રુઝ વેધશાળા દ્વારા નોંધવામાં આવેલ ભેજની માત્રા અનુક્રમે ૮૧ ટકા અને ૭૩ ટકા હતી.

એન્ટિસાયકલોન જવાબદાર

ભારતીય હવામાન વિભાગનાં વૈજ્ઞાનિક સુષ્મા નાયરે તાપમાનમાં થયેલા આ વધારા માટે મુંબઈ અને તેની આસપાસના વિસ્તારો પર સર્જાયેલા ‘એન્ટિસાયક્લોન’ (પ્રતિ-ચક્રવાત) ને જવાબદાર ગણાવ્યું હતું. આ સિસ્ટમને કારણે દરિયાઈ પવન અટકી ગયા છે, જે સામાન્ય રીતે દરિયાકાંઠાના વિસ્તારોમાં દિવસની ગરમીથી રાહત અપાવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે એન્ટિસાયક્લોન એ હવાનું પરિભ્રમણ છે જેના કારણે હવા જમીન તરફ નીચે બેસે છે.

મુંબઈ પરની આ સિસ્ટમ સુવ્યવસ્થિત છે અને સ્વચ્છ, વાદળરહિત આકાશને કારણે તાપમાનમાં વધુ વધારો થયો છે. શનિવારે આ સિસ્ટમની તીવ્રતા ઘટવાની અને તેમાં થોડો ફેરફાર થવાની શક્યતા છે, જેનાથી થોડી રાહત મળી શકે છે. પૂર્વ અને ઉત્તર દિશાના પવન, જે પ્રમાણમાં સૂકા હોય છે, તે પણ આ વિસ્તારના હવામાન પર અસર કરી રહ્યા છે.

કોંકણમાં ઊંચું તાપમાન

હવામાન નિષ્ણાતોએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર પર ફૂંકાતા ઉત્તર-પૂર્વ અને પૂર્વ દિશાના પવનને કારણે દરિયાઈ પવન (સી-બ્રીઝ) શરૂ થવામાં વિલંબ થઈ રહ્યો છે. આના પરિણામે કોંકણ વિસ્તારમાં તાપમાન વધી રહ્યું છે, જ્યાં અનેક સ્થળોએ તાપમાન ૩૮-૩૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

ચોમાસાની જલદી વિદાય

સામાન્ય રીતે મુંબઈમાંથી નૈર્ઋત્યના ચોમાસાની વિદાય આઠથી ૧૧ ઑક્ટોબરની વચ્ચે થતી હોય છે, પરંતુ આ વર્ષે નિયમ સમય કરતાં વહેલા એટલે ત્રણ ઑક્ટોબરે જ તેણે વિદાય લઈ લીધી હતી. ચોમાસાના ચાર મહિના દરમ્યાન સપ્ટેમ્બર મહિનો મોટાભાગે સૂકો રહ્યો હતો અને ચોમાસાની વિદાય દરમ્યાન સામાન્ય રીતે જોવા મળતી ગાજવીજ સાથેની વરસાદી પ્રવૃત્તિઓ પણ જોવા મળી ન હતી. ચોમાસાની જલદી વિદાય સાથે ઑક્ટોબર હીટનો અનુભવ પણ જલદી અનુભવવા મળ્યો છે.

દુષ્કાળની અસરોને

એમ ઇન્ડિયા ટુડે કોન્કલેવમાં બોલતા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યના લગભગ ૭૫ ટકા પાકને અસર થવાથી ભારે નુકસાન થયું છે. સરકાર પરિસ્થિતિનો સામનો કરવા યોજના તૈયાર કરી રહી છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે ‘આપણે એક વિકાસશીલ અર્થતંત્ર છીએ અને વિકાસશીલ અર્થતંત્રએ હંમેશા કોઈને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. હાલના તબક્કે આ વર્ષે અલ નિનોને કારણે દુષ્કાળ સૌથી મોટી સમસ્યા છે.’ મુખ્ય પ્રધાન તરીકે તેમની સમક્ષ રહેલા સૌથી મોટા પડકારો શું છે તે અંગેના પ્રશ્નનો જવાબ આપતા ફડણવીસ જણાવી રહ્યા હતા.’

વધુ વિગતો આપી સીએમએ જણાવ્યું હતું કે ‘મહારાષ્ટ્રના લગભગ ૭૫ ટકા પાકને અસર થઈ છે. પાકને મોટું નુકસાન થયું છે. આગામી મહિનાઓમાં પીવાના પાણીની સમસ્યા તેમજ પશુઓ માટે ઘાસચારાની અછત પણ સર્જાઈ શકે છે. અમે આ મુશ્કેલીઓને પહોંચી વળવા આયોજન કરી રહ્યા છીએ. મહારાષ્ટ્રના ભૌગોલિક વિસ્તારનો ૫૨ ટકા ભાગ દુષ્કાળગ્રસ્ત છે કારણ કે રાજ્યનો મોટો ભાગ વરસાદી છાયા ક્ષેત્રમાં આવેલો છે, જ્યાં અપૂરતો વરસાદ પડે છે. મહારાષ્ટ્રનો મહદ વિસ્તાર વરસાદી છાયા ક્ષેત્રમાં હોવાથી ત્યાં પૂરતો વરસાદ પડતો નથી. જોકે, રાજ્યમાં વારંવાર દુષ્કાળની સમસ્યા હોવા છતાં, દેશના ૪૦ ટકા મુખ્ય બંધ મહારાષ્ટ્રમાં છે. (પીટીઆઈ)

આઈઆઈટી બોમ્બે

લઈ જવામાં આવ્યા હતા. પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું તે તેમાંથી ચારને બાદમાં ચિંચપોકલી સ્થિત પાલિકા સંચાલિત કસ્તુરબા હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. એક જખમી પર હજી પણ રાજાવાડી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ પાંચ લોકોની ઓળખ અંશ અહિરવાર (૧૨), તહજીબ આલમ (૯), ઈશ્વર સિંહ (૩૭), શિવકુમાર સિંહ (૩૪) અને અનિલકુમાર યાદવ (૨૩) તરીકે કરવામાં આવી છે.

વિરાર રૂટ પર

મીટર રાખવાની રેલવેની યોજના છે.

પાંચમી અને છઠ્ઠી લાઈન શરૂ થયા બાદ ઉપનગરીય લોકલ અને લાંબા અંતરની ટ્રેનોનું સંચાલન અલગ રીતે કરી શકાશે. તેનાથી ટ્રેનોના માર્ગમાં આવતી અડચણો ઘટાડવામાં અને લોકલ સેવાઓની સંખ્યા વધારવામાં મદદ મળવાની અપેક્ષા છે. જોકે, કામ પૂર્ણ થયા બાદ સંચાલનની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરીને વધારાની લોકલ સેવાઓનું આયોજન કરવામાં આવશે.

અંધેરી સ્ટેશન પર દરરોજ આશરે ૪.૫ લાખ મુસાફરોની અવરજવર થાય છે અને એક હજારથી વધુ ઉપનગરીય ટ્રેનોની અવરજવર રહે છે. અહીં ભીડ ઘટાડવા માટે બે તબક્કામાં વિસ્તરણ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં પ્લેટફોર્મ નંબર ચાર અને પાંચને દક્ષિણ તરફ લંબાવવાનું કામ શરૂ થયું છે. પ્લેટફોર્મ નંબર છ અને સાતને પણ દક્ષિણ તરફ ૨૦ મીટર અને ઉત્તર તરફ ૧૦ મીટર લંબાવવાની યોજના છે. આ બદલાવની સાથે જ સિગ્નલ વ્યવસ્થામાં પણ ફેરફાર કરવામાં આવશે

બીજા તબક્કામાં અંધેરી સ્ટેશન પર છઠ્ઠી લાઈનની બાજુમાં ઉત્તર તરફ ૧૨ કોચ માટેનું એક નવું હોમ પ્લેટફોર્મ બનાવવામાં આવશે. આ પ્લેટફોર્મને કારણે ટ્રેનમાંથી બંને તરફના દરવાજાઓમાંથી બહાર નીકળી શકાશે. હાલમાં પ્લેટફોર્મ નંબર નવ પર આવતા મુસાફરોને મુખ્યત્વે ફૂટઓવર બ્રિજ અને સાંકડા દાદરાઓનો ઉપયોગ કરવો પડે છે, જેના કારણે ધસારાના સમયે ભારે ભીડ સર્જાય છે. નવા પ્લેટફોર્મથી અંધેરી પૂર્વ તરફ બહાર નીકળવું સરળ બનવાની અને ફૂટ ઓવરબ્રિજ પરનું દબાણ ઘટવાની અપેક્ષા છે. બોરીવલી, અંધેરી અને વિરારના પ્લેટફોર્મ વિસ્તરણની સાથે પાંચમી અને છઠ્ઠી લાઈનનું કામ પૂર્ણ થયા બાદ પશ્ચિમ રેલવેની લોકલ સેવાઓની ક્ષમતા વધારવાની તક મળશે. આ યોજનાથી વિરાર સુધી ૩૦થી ૪૦ વધારાની લોકલ સેવાઓ શરૂ થઈ શકે છે, જોકે તેની શરૂઆત કામ પૂર્ણ થયા પછીના સંચાલન ઉપર નિર્ભર રહેશે.

હિન્દુ મરણ

બામણબોરવાળા, સ્વ. કેશવલાલ મગનલાલ કોટેચાના દીકરી રાજકોટ નિવાસી સ્વ. લતાબેન કિશોરભાઈ જોબનપુત્રા (ઉં. વ. ૬૪) જે રાજકોટ નિવાસી સ્વ. પ્રેમજીભાઈ ગોકળદાસ જોબનપુત્રાના દીકરા. અશ્વિનભાઈના નાનાભાઈ. કિશોરભાઈ જોબનપુત્રાના ધર્મપત્ની. સુનિલભાઈ, રવિભાઈ, રાહુલભાઈના માતૃશ્રી. પરેશભાઈ, અજયભાઈ, દિલીપભાઈના કાકી. તા. ૮-૧૦-૨૬, ગુરુવારના અવસાન થયેલ છે. ધ સ્પેશ બિલ્ડીંગ, કલબ હાઉસની બાજુમાં, માધાપર ચોકડી પાસે, રાજકોટ ખાતે.

કચ્છી મોઢ વણિક

ધીરેનભાઇ કરસનદાસ મહેતા (ઉં. વ. ૬૭) ગામ અંજાર (કચ્છ) હાલ માટુંગા ગુરુવાર તા. ૮-૧૦-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. પ્રભાબેન કરસનદાસ મહેતાના પુત્ર. મીનાબેનના પતિ. નીશી તથા દેવાંશના પિતા. હસમુખભાઇ તથા સ્વ. ચંદ્રકાંતભાઇ, સ્વ. ઉષાબેન, સ્વ. હર્ષદાબેન, સ્વ. નયનાબેનના ભાઇ. સ્વ. કાંતિલાલ રતનલાલ મહેતાના જમાઇ. સ્વ. નરેન્દ્રભાઇ તથા અશ્વિનભાઇ, ભરતભાઇ, વિજયભાઇ, સ્વ. મિલનબેન તથા પ્રજ્ઞાબેનના બનેવી. લૌકિક વ્યવહાર બંધ છે.

ચોરવાડ ગિરનારા બ્રાહ્મણ

શ્રેયસ ભગીરથ ભટ્ટ (ઉં.વ. ૪૫) તે સ્વ. ઇન્દુમતી જયંત ભટ્ટના પૌત્ર. પ્રજ્ઞા ભગીરથ ભટ્ટના સુપુત્ર. શીતલના પતિ. મનનના પિતા. ભૂમેશના ભાઇ. નયના ચેતનભાઇ ભટ્ટના જમાઇ (વિરાર) તા.૮-૧૦-૨૬ના વિલેપાર્લે મુકામે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૧૦-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. બ્રહ્મા મહેશ્વર ભવન, સન્યાસ આશ્રમ, વિલેપાર્લે (વેસ્ટ).

કપોળ

શિહોરવાળા હાલ મુંબઇ હિતેન તે સ્વ. પ્રિયવંદા મધુસુદન મહેતાના સુપુત્ર (ઉં. વ. ૬૫) તા. ૮-૧૦-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે પારૂલનાં પતિ. વિરાલી અને નિહારનાં પિતાશ્રી. હેમંત, સ્વ. રાજેન તથા રાજીવનાં ભાઇ. સાસરા પક્ષે સ્વ. ભૂપતરાય તાપીદાસ મહેતાનાં જમાઇ. મોસાળ પક્ષે હરેન્દ્ર નરસિંહદાસ મોદીના ભાણેજ. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

ઘોઘારી લોહાણા

મૂળ ગામ ધોલેરા હાલ મીરારોડ નિવાસી ગં. સ્વ. સૂર્યબાળા બિપીન ઠક્કર (ખખ્ખર) (ઉં. વ. ૭૬) તે સ્વ. બિપીનભાઇ ચંપકલાલ ઠક્કરના ધર્મપત્ની. જીગર તથા કિંજલ જતીનભાઇ રૂપારેલિયાના માતુશ્રી. અ. સૌ. કેતકીના સાસુ. સ્વ. શાંતાબેન જયંતીલાલ જયરામદાસના દીકરી. સ્વ. સુલોચનાબેન અનિલભાઇ ઠક્કર તથા વસંતબેન વિરેન્દ્રભાઇ ઠક્કરના દેરાણી. સ્વ. બકુલભાઇ, દીપકભાઇ ઠક્કર, સ્વ. લતાબેન રજનીકાંત ઠક્કર, ધનુબેન ભોગીલાલ સાદરાણી, સ્વ. શોભા અશ્વિન પારેખ, નીના પ્રદીપ પાવના બેન તા. ૮-૧૦-૨૬ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

પરજીયા સોની

ભાવનગરવાળા હાલ બોરીવલી, સોની અરવિંદભાઈ જેન્તીલાલ સાગર (ઉં. વ. ૭૦) તે કુસુમબેનના પતિ. પંકજ, નરેન્દ્ર અને કિરણબેન ઇન્દ્રજીત ઝગડાના પિતા. દેવીબેન અરવિંદભાઈ ધકાણ, ભાનુબેન જમનાદાસ થડેશ્વર, ભારતીબેન રમેશકુમાર ધકાણ, સ્વ. દિલીપભાઈના ભાઈ. સ્વ. મગનલાલ કાલિદાસ ઝગડા, મેંદરડાવાળાના જમાઈ ગુરુવાર તા. ૮/૧૦/૨૬ને રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૦/૧૦/૨૬ને શનિવાર સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦, સોનીવાડી બોરીવલી વેસ્ટ.

નવગામ વિસા નાગર વણિક

મૂળ વતન પિલવાઇ હાલ કાંદિવલી, સ્વ. શાંતાબેન કચરાદાસ શાહના પુત્ર અરવિંદભાઈ કચરાદાસ શાહ (ઉં. વ. ૮૮) ૯/૧૦/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે આશાબેનના પતિ. મીનલ તથા નીનાના પિતા. સ્વ. ગુલાબબેન નથુભાઈ શાહના જમાઈ. પ્રાર્થનાસભા ૧૦/૧૦/૨૬ના રોજ ૪ થી ૬ ક. પહેલે માળે, પાવનધામ મહાવીર નગર કાંદિવલી વેસ્ટ.

વૈષ્ણવ

મહુવા નિવાસી હાલ વિલેપાર્લે, દીપકભાઈ પ્રતાપરાય શેઠ (ઉં. વ.૭૦) તા. ૮ ઓક્ટોબર ૨૦૨૬, ગુરુવારના શ્રીકૃષ્ણશરણ પામેલ છે. તે સ્વ. પ્રતાપરાય નારણદાસ શેઠ તથા સ્વ. વિમળાગૌરી શેઠના પુત્ર સ્વ. હરકિશનભાઈ અને સ્વ. સુશીલાબેન શાહના જમાઈ. દિનેશભાઈ, અરવિંદભાઈ શેઠ, સ્વ. ધનવિદ્યાબેન દોશી, મધુબેન મોદીના ભાઈ. અ.સૌ. શ્રદ્ધા શાહ, રોહનના પિતાશ્રી. ભાવેશકુમાર, અ.સૌ. ગોરલના સસરા. શૌર્ય, કેશવ તથા કાલિંદીના દાદા-નાના. પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૦-૧૦-૨૬ના સાંજે ૫ થી ૭. સ્થળઃ જલારામ હૉલ, એન. એસ. રોડ નં. ૬, હાટકેશ સોસાયટી, જે.વી.પી.ડી. સ્કીમ, વિલે પાર્લે પશ્ચિમ.

સુરતી વિશાલાડ વણિક

મહેન્દ્ર છગનલાલ બંગાળી (ઉં. વ. ૯૧) તે સ્વ. અરુણાના પતિ. મેઘાના પિતા. સ્વ. જીતેન્દ્રભાઇ, પરેશભાઇ, સ્વ. પદ્માબેન, સ્વ. માલતીબેન, સ્વ. વાસંતીબેન, સ્વ. નિર્મળાબેનના ભાઇ, સ્વ. સુભદ્રાબેન મોતિલાલ ઝવેરીના જમાઈ ગુરુવાર, તા. ૮.૧૦.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

કચ્છી લોહાણા

ગઢશિશા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. કેસરબેન વીરજી ચોથાણીના સુપુત્ર તુલસીદાસભાઈ (ઉં. વ. ૯૬) તા. ૯-૧૦-૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ગીતાબેનના પતિ. નીતિનભાઈ - રેવાબેન, દિગંતભાઈ - રેખાબેન, સોનલ વિપુલભાઈ પારેખના પિતાશ્રી. હરીશભાઈ - મીરાબેન, પુષ્પાબેન, નિર્મલાબેન, હંસાબેન, કુસુમબેન, કુમુદબેન, ઉષાબેન, માયાબેનના ભાઈ. રૂક્ષ્મણીબેન ગોવિંદજી વધણ - કોટડી મહાદેવના જમાઈ. વિમળાબેન - પ્રવીણભાઈ, તરુબેન - દિનેશભાઈ, કામિનીબેન - અરુણભાઈ, દીપકભાઈ, દમયંતીબેન પ્રતાપભાઈ, સરોજબેન દિલીપભાઈના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

પારસી મરણ

પરવીન રૂસી મેહેરશાહી તે મરહુમ રૂસી ફરામરોઝ મેહેરશાહીના ધણીયાની. તે મરહુમો રૂસ્તમ તથા હુમાયુન મેહેરશાહીના દીકરી. તે ફરીદા, અનાહીતા તથા કેશમીરાના માતાજી. તે નેવીલ તથા કુરુષના સાસુજી. તે નરગીશ, સાયરસ તથા મરહુમો મીનોચેર તથા શીરીનના બહેન. તે નૌશાદ, યોહાન, જાલ, બેનાઝ, વસપાર તથા ફરશીદના મમઇજી. (ઉં. વ. ૭૯) પેડર હાઉસ, ૧લે માળે, પ્રોક્ટર સ્ટ્રીટ, ગ્રાન્ટરોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૧-૧૦-૨૬ દિવસે સાંજે ૩.૪૫ એ મીઠાઇવાલાની અગિયારીમાં કરવામાં આવશેજી.

એરચ કાવસજી મરોલીયા તે મરહુમો મોતાબાઇ કાવસજી મરોલીયાના દીકરા. તે રતી, પતવા, શાપુર, અદી, મરહુમ દાલી, નાજુ તોદીવાલા, નરગીસ, ડોલી પુનાવાલા તે અદી, પોરસ, કેરશાસપ, ફરઝાના, તે શાહરુખ, રચોમંદ, બરઝીનના કાકા. તે દીલબર, માનેક, વીરાફ ને ફરીદાના મામા. તે નરગીસ સ. મરોલીયા, પરવીન એ. મરોલીયાના જેઠ. તે યાસમીન દી મરોલીયાના દેર. (ઉં. વ. ૮૩) રે. ઠે. રૂમ.નં.૧, પારસી પંચાયત કોટેજ, કેમસ કોરનર, ડુંગરવાડી, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૦-૧૦-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે વાચ્છા ગાંધી અગિયારીમાં છેજી.

જૈન મરણ

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

રાજપરા (તણસા) નિવાસી હાલ બોરીવલી સ્વ. ચંદનબેન પ્રભુદાસ હીરાચંદ શાહના સુપુત્ર બીપીનભાઇ (બીપીન મામા) (ઉં.વ. ૬૯) તા. ૭-૧૦-૨૬ના અવસાન પામ્યા છે. તે આશાબેનના પતિ. સાગર તથા નિકિતાના પિતાશ્રી. ભાવેશ તથા હેત્વીના સસરા. મિશિકા, રાહીલ, નમનના દાદા-નાના. તે સ્વ. કાંતિભાઇ, સ્વ. ચંદુભાઇ, સ્વ. સવિતાબેન, સ્વ. ઇચ્છાબેન, મંજુબેન, મધુબેન, સ્વ. ગુણીબેન, રંજનબેનના નાનાભાઇ. તે સ્વસુર પક્ષે દીપચંદ ધરમશીભાઇ શાહ (મોટાખૂટવડાવાળા, હાલ સુરત)ના જમાઇ. સ્મરણાંજલી રાખેલ છે શુક્રવાર, તા.૧૬-૧૦-૨૬ના સવારના ૯.૩૦થી ૧૨. ઠે. જાસ્મિન હોલ, રઘુલીલા મોલ, ૪થા માળે, પોઇસર, કાંદિવલી (વેસ્ટ).

કચ્છી વિશા ઓશવાળ જૈન

કપાયાના સાકરબેન લાલજી નંદુ (ઉં. વ. ૯૫) તા. ૬-૧૦-૨૬ના અવસાન પામ્યા છે. લાલજી હીરજીના ધર્મપત્ની. ભાણબાઇ/મમીબાઇ/મુલબાઇ હીરજી ઘેલાભાઇના પુત્રવધુ. શાંતિલાલ, નવીન, ભારતી, રેખા, ચંદ્રીકા, દીના, ધનલક્ષ્મી, પુષ્પાના માતુશ્રી. ગુંદાલાના જેતબાઇ મુરજી નેણશીના સુપુત્રી. ભવાનજી, નાનજી, પ્રેમજી, ધનજી, મેઘજી, વેલજીના બેન. પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર ટા. ૩.૩૦થી ૫.

સોરઠ વિશા શ્રીમાળી જૈન

મૂળ ધોરાજી નિવાસી, હાલ નાયગાંવ, સ્વ. રંજનબેન રમણીકલાલ સંઘવી (ઉં. વ. ૭૬) તા. ૬-૧૦-૨૬, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. પન્નાલાલ છોટાલાલ પટવાની દીકરી. પાટણ સંઘવીનો પાડો સ્વ. રમણીકલાલ ચંદુલાલ સંઘવીની પત્ની. કિંજલ, મિકી તથા જયના માતૃશ્રી. સૌરભ, અમિત તથા હર્ષદા સાસુ, ક્રિશા, જીનલ, સિદ્ધ તથા શિખાના નાની, ફલકના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

ધારગણી નિવાસી હાલ બોરીવલી, સ્વ. જશવંતરાય સૌભાગ્યચંદ વડાલીયાના ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૭૫) મંગળવાર ૬/૧૦/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે હેમંત, મેહુલ, પારૂલના માતુશ્રી, રૂપલ, મીનલ, સચિનકુમાર શેઠના સાસુ. પિયરપક્ષે નાથાલાલ માણેકચંદ લાખાણી (ખાંભાવાળા)ના દીકરી. સ્વ. વસંતબેન અમૃતલાલ, મધુબેન કિરીટભાઈ, સરોજબેન ભરતભાઈના ભાભી. ભાવિકા રસીકભાઇના જેઠાણી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. એડ્રેસઃ ડી ૬૬ વ્યોમેશ, ગોકુળ હોટલની સામે, મંડપેશ્વર રોડ, બોરીવલી વેસ્ટ.

બેતાલીસ દશા હુંમબડ દિગંબર જૈન

મારા ધર્મપત્ની અ.સૌ. કૈલાશબેન સતીશકુમાર શાહ (છાલા) હાલ બોરીવલી, ૮-૧૦-૨૬ના રોજ દેહવિલય થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૧૦-૨૬, ૯:૩૦ થી ૧૧:૩૦. સતીશકુમાર અંબાલાલ શાહ, ઊર્મિલાબેન મુકેશકુમાર શાહ, પુત્રી - અમીષા પિયુષકુમાર શાહ રીમા મેહુલકુમાર શાહ, રેશમા પિંકેશકુમાર કોટડીયા, વિનીતા વિનેશકુમાર શાહ. પિયરપક્ષનુ બેસણું એ જ સ્થળે રાખેલ છે. જૈનમ હોલ, શાંતિસાગર હોલ, દિગંબર જૈન મંદિરની સામે, ચામુંડા સર્કલની બાજુમાં, બોરીવલી વેસ્ટ.

વૈષ્ણવ વણિક

જેતપુર નિવાસી હાલ કાંદિવલી, મનિશા - શશીકાંત જયસુખલાલ મારડિયાનાં પુત્રવધૂ, સચિન મારડિયાના પત્ની અને જીનીતાના મમ્મી. વિનોદ મારડિયા, ઉષાબેન અને સ્મિતાબેનનાં ભત્રીજાવહુ તેમજ પદમાબેન રમણલાલ શાહ (વડાવલી પરિવાર)નાં દીકરી મિતેશ, દેવેન શાહનાં બહેન, અ.સૌ. દીના મારડિયા (ઉં. વ.૫૦) તા. ૯.૧૦.૨૬, શુક્રવારના શ્રીજીચરણ પામ્યાં છે. સાસરી તેમજ પિયરપક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૧૦.૧૦.૨૬, શનિવારના રોજ સવારે ૧૦ થી ૧૧.૩૦. પાવનધામ, પહેલો માળ, એસી હોલ, મહાવીરનગર, કાંદિવલી પશ્ચિમ.

ખંભાત દશા શ્રીમાળી વણિક

તરલીકાબેન શાહ (થાણાવાલા) (ઉં. વ. ૮૪) તે સ્વ વંસતલાલ મંગળદાસ શાહના પત્ની. સ્વ. પિયુષ અને સંજયના માતા, નીતા અને પારિદાના સાસુ. લેખા ચિરાગ શાહ, મીરા મીત પરીખ અને સુકેતુના દાદી. સ્વ. શકુંતલા વિનયકાંત દલાલના પુત્રી તા ૮-૧૦-૨૦૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ છે.

વૈષ્ણવ લોહાણા

અરુણાબેન રમેશ સાયાણી તા. ૦૬.૧૦.૨૬ ચેન્નઈમાં અવસાન થયેલ છે. તે સ્વ. રમેશચંદ્ર જેઠાલાલ સાયાણીના પત્ની. સ્વ. હીરાલક્ષ્મી અને સ્વ. લક્ષ્મીદાસ ઠક્કર (સેદાની)ના દીકરી. સ્વ. ચંપાબેન અને સ્વ. જેઠાલાલ કાલિદાસ સાયાણીના વહુ. રાજેશ - નમિતા, સૂરજ-તૃપ્તિ સાયાણી, શીતલ અને અજિત ઠક્કરના મમ્મી, ધ્રુવ, પ્રાચી, શાન, પાન્યા, અરમાન, શિવેનના દાદી.

મરણ ખબર માટેની સૂચના	મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે	(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

નાગરી સમસ્યા માટે કોલાબા, કફ પરેડ અને ફોર્ટના રહેવાસીઓ માટે 'હેલો એ વોર્ડ ચેટ બોટ' પર ફરિયાદ કરી શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના કોલાબા, કફ પરેડ અને ફોર્ટના રહેવાસીઓની નાગરિક સમસ્યાઓનું સમયસર અને પારદર્શક રીતે નિરાકરણ લાવી શકાય તે માટે ટેકનોલોજીના અસરકારક ઉપયોગ તરફ એક મોટું પગલું ભરતા મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર અશ્વિની ભીડેએ શુક્રવારે 'હેલો એ વોર્ડ'નું ઉદ્ઘાટન કર્યું, જે એક આર્ટિફિશ્યિલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આધારિત વોટ્સએપ નાગરી સહાયક અને ફરિયાદ નોંધણી સિસ્ટમ છે.

આ ચેટબોટ નાગરિકોને સરળ ઇન્ટરેક્ટિવ સંદેશાઓ દ્વારા નાગરી ફરિયાદો નોંધાવવા અને તેમના નિવારણને સરળ બનાવવા માટે વિકસાવવામાં આવ્યો છે. આ સુવિધા દક્ષિણ મુંબઈના મુખ્ય વિસ્તારો જેમ કે કોલાબા, કફ પરેડ અને ફોર્ટના રહેવાસીઓ માટે ઉપલબ્ધ રહેશે. અલગ મોબાઇલ એપ્લિકેશન ડાઉનલોડ કર્યા વિના અથવા લાંબા ફોર્મ ભર્યા વિના, નાગરિકો તેમના વિસ્તારના નાગરિક સમસ્યાઓ વિશે ફરિયાદો નોંધાવી શકશે. આમાં પાલિકાના અધિકારક્ષેત્ર હેઠળ આવતા કચરા વ્યવસ્થાપન, પાણીપુરવઠો, રસ્તાનું સમારકામ અને સ્ટ્રીટલાઇટ જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. જોકે, ખાનગી રહેણાંક ઇમારતોના વિવાદો આ સુવિધા હેઠળ આવશે નહીં. વોર્ડ નંબર ૨૨ના નગરસેવક મકરંદ નાર્વેકરે જણાવ્યું હતું કે આ સિસ્ટમ નાગરિકોને વોટ્સએપ પર સરળ રીતે ફરિયાદ નોંધાવવા માટે ઉપયોગી સાબિત થશે. ફોટો સાથે નાગરિકો ફરિયાદ નોંધાવી શકશે અને નાગરિકને સમસ્યાનું નિરાકરણ કરવા માટે સોંપાયેલ મ્યુનિસિપલ અધિકારીનું નામ પણ આ સિસ્ટમ હેઠળ જણાવાશે. નાગરિક ફરિયાદની વિગતોની પુષ્ટિ કર્યા પછી સિસ્ટમ એક ફરિયાદ નંબર અને ફરિયાદનો સંક્ષિપ્ત સારાંશ જનરેટ કરે છે. આનાથી ફરિયાદનો સંદર્ભ લેવાનું સરળ બને છે. આ સુવિધા ફક્ત ફરિયાદ નોંધાવવા સુધી મર્યાદિત નથી, પરંતુ 'હેલો એ વોર્ડ' દ્વારા ફરિયાદ નિવારણ પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા જાળવવામાં આવશે. નાગરિકો ફરિયાદ નોંધણી, સંબંધિત વિભાગમાં ટ્રાન્સફર, વાસ્તવિક કાર્ય શરૂ કરવા અને અંતિમ નિરાકરણ સહિત દરેક તબક્કે પ્રગતિ જોઈ શકશે. જવાબદારી નક્કી કરવા માટે ફરિયાદની સ્થિતિ અંગેના અપડેટેડ સંદેશાઓ સીધા નાગરિકોના વોટ્સએપ ચેટ પર મોકલવામાં આવશે. ■

ગોરેગામ-મુલુંડ લિંકમાં અડચણરૂપ રહેલાં ૧૮૦ બાંધકામનો સફાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પૂર્વ અને પશ્ચિમ ઉપનગર માટે મહત્ત્વનો કનેક્ટર બની રહેનારા ગોરેગાંવ-મુલુંડ લિંકના બાંધકામમાં અવરોધરૂપ રહેલા ૧૮૦ બાંધકામને શુક્રવારે 'એસ' વોર્ડ દ્વારા હટાવવામાં આવ્યા હતા.

પાલિકાના 'એસ' વોર્ડ દ્વારા આ કાર્યવાહી ખિંડીપાડા સોનાપુર વિસ્તારમાં કરવામાં આવી હતી. આને કારણે 'એસ' ડિવિઝનની હદમાં આવતા ગોરેગામ-મુલુંડ લિંકના કામમાં અડચણરૂપ રહેલા બાંધકામ દૂર કરવામાં આવતા કામ ઝડપથી થશે.

ગોરેગામ-મુલુંડ લિંકની લંબાઈ ૧૨.૨૦ કિલોમીટર છે. આ લિંક રોડનું કામ ચાર તબક્કામાં પૂર્ણ કરવામાં આવવાનું છે, જેમાં રોડ, અંડરગ્રાઉન્ડ ટનલ, ફ્લાયઓવર વગેરેનો સમાવેશ થાય છે. 'એસ' વોર્ડની હદમાં આવતા ખિંડીપાડા સોનાપુર ખાતે લગભગ ૧૮૦ બાંધકામને શુક્રવારે ડેપ્યુટી કમિશનર (ઝોન-છ) ના માર્ગદર્શન હેઠળ દૂર કરવામાં આવ્યા છે. આનાથી ગોરેગાંવ-મુલુંડ લિંક રોડને પહોળો કરવાનું કામ શરૂ કરવાનું શક્ય બનશે.

આ કામગીરીમાં મહાનગરપાલિકાના ૩૦ થી વધુ એન્જિનિયરે, ૧૦૦ કર્મચારીઓ, ચાર પોકલેન પ્લાન્ટ, ચાર જેસીબી પ્લાન્ટ, ૧૦ ડમ્પર વગેરેનો સમાવેશ થાય છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં ૯૦થી વધુ પોલીસ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા હતા.

ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટમાં શુક્રવારની કાર્યવાહી બાદ રસ્તો સાફ કરવામાં આવ્યો છે. અતિક્રમણ દૂર કરવાનું કામ પૂર્ણ થઈ ગયું છે અને બાંધકામનો કાટમાળ દૂર કરવાનું કામ હાલમાં ચાલી રહ્યું છે. ■

એક્વા લાઇનની પ્રથમ વર્ષગાંઠે ૧૦ વર્ષ માટે સીલ કરાઈ ટાઇમ કેપ્સ્યૂલ

મુંબઈઃ મુંબઈ મેટ્રોની એક્વા લાઇનના સંપૂર્ણ રૂટ પર કામગીરીને એક વર્ષ પૂર્ણ થતાં મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) દ્વારા બે વિશેષ પહેલ શરૂ કરવામાં આવી છે. ૯ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ એમએમઆરસીએ 'એક્વા લાઇન પાસપોર્ટ એન્ડ સ્ટેમ્પ ટ્રેઇલ'નું અનાવરણ કર્યું અને 'એક્વા લાઇન ટાઇમ કેપ્સ્યુલ'ને સીલ કરી હતી. આ કાર્યક્રમ એમએમઆરસીનાં મેનેજિંગ ડિરેક્ટર અશ્વિની ભિડેના હસ્તે યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

એક્વા લાઈન ટાઈમ કેપ્સ્યુલને ૧૦ વર્ષ માટે સીલ કરવામાં આવી છે. તેને ૮ ઑક્ટોબર ૨૦૩૬ના રોજ, એક્વા લાઈનના સંપૂર્ણ રૂટ પર કામગીરીની ૧૦મી વર્ષગાંઠ નિમિત્તે ખોલવામાં આવશે. તેમાં વર્ષ ૨૦૨૬ દરમિયાન એક્વા લાઈનની સફર, તેની સિદ્ધિઓ અને યાદોને દર્શાવતી સામગ્રી સાચવી રાખવામાં આવી છે, જેથી ભવિષ્યની પેઢીઓ મુંબઈની પ્રથમ ભૂગર્ભ મેટ્રોની શરૂઆત અને વિકાસની ઝલક મેળવી શકે. ભારતના મેટ્રો ક્ષેત્રમાં આ પ્રકારની પ્રથમ પહેલ ગણાતી ટાઈમ કેપ્સ્યુલમાં એક્વા લાઈનના નિર્માણ અને સંચાલન સાથે જોડાયેલી તસવીરો, દસ્તાવેજો, મહત્વપૂર્ણ સિદ્ધિઓ અને યાદગાર વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પહેલનો હેતુ એક્વા લાઇનની ઐતિહાસિક સફરને સાચવી રાખવાનો છે, જેથી એક દાયકા પછી પણ લોકો આ પ્રોજેક્ટની શરૂઆત અને તેની સાથે જોડાયેલી યાદોને જાણી શકે.

વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે એમએમઆરસીએ 'એક્વા લાઇન પાસપોર્ટ એન્ડ સ્ટેમ્પ ટ્રેઈલ' ની પણ શરૂઆત કરી છે. ■

મહારાષ્ટ્રનાં પાણીની કટોકટી અને દુકાળ વચ્ચે મુંબઈના રસ્તા ધોવાના પ્રસ્તાવને નગરસેવકોએ પ્રશાસનને આડે હાથ લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં પાણીની ગંભીર કટોકટી અને મુંબઈમાં ૧૦ ટકા પાણીકાપ લાગુ કરવામાં આવ્યો છે ત્યારે મુંબઈમાં ધૂળના પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે મુંબઈના રસ્તાઓ ટેન્કરના પાણીથી ધોવાના પાલિકાના પ્રસ્તાવને શુક્રવારે સત્તાધારી અને વિરોધીપક્ષે બહુમતીએ સ્થાયી સમિતિની બેઠકમાં ફગાવી દીધો હતો.

મહારાષ્ટ્રમાં પાણીની ગંભીર કટોકટી સર્જાઈ છે અને રાજ્યમાં દુકાળ જાહેર કરવામાં આવ્યો છે ત્યારે રસ્તાની સફાઈ માટે બિન-પીવાલાયક પાણીનો ઉપયોગ કરવાની અસંવેદનશીલતા દર્શાવી હતી. સ્થાયી સમિતિએ પાલિકા પ્રશાસનને એવો ઉકેલ શોધવાનો નિર્દેશ આપ્યો હતો જેમાં રસ્તાને ધોયા વિના ધૂળને દબાવી શકાય.

પાલિકાએ ચોમાસાને બાદ કરતા મુંબઈના સાત ઝોનમાં ઉચ્ચ દબાણવાળા પાણીનાં ટેન્કરોનો ઉપયોગ કરીને દરરોજ ૬૭૭ કિલોમીટર સુધી ફેલાયેલા ૩૭૭ રસ્તાઓને ૧૫૦ દિવસ સુધી ધોવાનો પ્રસ્તાવ મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ રાખ્યો હતો. બાંધકામ, ટ્રાફિક અને ઔદ્યોગિક પ્રવૃત્તિમાંથી ધૂળના પ્રદૂષણને રોકવા માટે ૮.૨૫ કરોડ રૂપિયાના ખર્ચનો આ પ્રસ્તાવ હતો. સ્થાયી સમિતિની બેઠકમાં પાલિકાના સભાગૃહના નેતા ગણેશ ખનકરે પાણીની કટોકટી વચ્ચે રસ્તા ધોવાની પ્રસ્તાવને રદ કરવાની વિનંતી કરી હતી. કૉંગ્રેસના જૂથના નેતા અશરફ આઝમીએ રસ્તાની સફાઈ માટે શહેરના હાઈડ્રેન્ટ્સને પુનઃસ્થાપિત કરવા અને તેનો ઉપયોગ કરવા માટે હાઈડ્રેન્ટ પૉલિસીને ફરી અમલમાં લાવવાની હાકલ કરી હતી. તેમ જ વધતા વાયુ પ્રદૂષણને રોકવા માટે વૈકલ્પિક પગલાં શોધવા વિનંતી કરી હતી.

સ્થાયી સમિતિના અધ્યક્ષ પ્રભાકર શિંદેએ ડેવલપરોને કન્સ્ટ્રકશન સાઈટ પર ધૂળને નિયંત્રિત કરવા માટે જવાબદાર ઠેરવવા હાકલ કરી હતી અને ચેતવણી આપી હતી કે પાણીની કટોકટી વચ્ચે રસ્તાઓ ધોવા અસંવેદનશીલતા ગણાશે. રસ્તા ધોવાના પ્રસ્તાવને સ્થાયી સમિતિ દ્વારા સર્વાનુમતે નામંજૂર કરવામાં આવ્યો હતો.

પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે બોમ્બે હાઈ કોર્ટના નિર્દેશોના પાલનમાં પાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા પગલાઓમાં રસ્તા ધોવાનો સમાવેશ થાય છે. પ્રસ્તાવને નકારી કાઢવામાં આવતા પાલિકા પ્રશાસનને ધૂળના પ્રદૂષણને કાબૂમાં લેવા માટે વૈકલ્પિક માર્ગો શોધવા પડશે. ■

મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર)ના માર્ગમાં અવરોધરૂપ બનેલાં બોરીવલીમાં ૩૦ બાંધકામ તોડી પડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર)નું કામ શક્ય એટલી વહેલી તકે પૂરું કરવાના પ્રયાસ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહ્યા છે, જે હેઠળ પાલિકાના 'આર-ઉત્તર' વોર્ડ દ્વારા બોરીવલીમાં લિંક રોડની પશ્ચિમ બાજુએ રહેલા ૩૦ બાંધકામને શુક્રવારે તોડી પાડવામાં આવ્યાં હતાં.

મુંબઈ મહાનગરમાં ટ્રાફિક જૅમની સમસ્યાને ઉકેલવા અને સરળ અને ઝડપી મુસાફરી સુનિશ્ચિત કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ મહત્ત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર) હાથ ધર્યો છે. આ દ્વારા મુંબઈનો સમગ્ર દરિયાકાંઠો એકબીજા સાથે જોડાઈ જવાનો છે. આ પ્રોજેક્ટના બાંધકામને સાત અલગ અલગ પૅકેજોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. પૅકેજ એકમાં ૩.૪૭ કિમી લાંબા ગોરાઈ ઇન્ટરચેન્જથી દહિસર ઇન્ટરચેન્જ (અપગ્રેડેડ રોડ) ના વિકાસનો સમાવેશ થાય છે.

મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર) માર્ગ બોરીવલી કનેક્ટરની પશ્ચિમ બાજુ પરનાં ૩૦ બાંધકામોને અસર કરી રહ્યો છે. પાલિકાના ઝોન - સાતના ડેપ્યુટી કમિશનરના માર્ગદર્શન હેઠળ આર-ઉત્તર વોર્ડ દ્વારા શુક્રવારે આ બાંધકામો દૂર કરવામાં આવ્યા હતા. આ તમામ બાંધકામો દૂર કરવામાં પાંચ એન્જિનિયર, પાલિકાના ૨૦ કર્મચારીઓ, બે પોકલેન પ્લાન્ટ, બે જેસીબી પ્લાન્ટ, ત્રણ ડમ્પર વગેરેનો સમાવેશ થતો હતો.

આ કાર્યવાહી દરમ્યાન મહારાષ્ટ્ર હાઉસિંગ બોર્ડ કોલોની પોલીસ સ્ટેશનના સ્ટાફને તહેનાત કરવામાં આવ્યા હતા. ■

દેશ વિદેશ

નીટ-યુજી પેપર લીક


એનટીએનું ઉત્તરદાયિત્વ નિશ્ચિત કરવા માળખું રચોઃ સંસદીય સમિતિ

નવી દિલ્હીઃ યુજીની પરીક્ષાનું પેપર લીક થવા અને પરીક્ષા રદ થવાના બનાવ બાદ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ની ભૂમિકાની તપાસ કરી રહેલી સંસદીય સ્થાયી સમિતિએ એનટીએની સંસદના બંને ગૃહ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરવા માટે કાયદાકીય વ્યવસ્થા ઊભી કરવાની સંસદીય સ્થાયી સમિતિએ શુક્રવારે ભલામણ કરી હતી. સમિતિએ નોંધ્યું હતું કે એનટીએ દ્વારા લેવામાં આવતી પરીક્ષામાં લોકોનો વિશ્વાસ જળવાઈ રહેવો એ સામાજિક ન્યાય અને રાષ્ટ્રીય અખંડિતતાનો વિષય છે. શિક્ષણ, મહિલા, બાળ વિકાસ, યુવા અને રમતગમત અંગેની સંસદીય સમિતિએ જણાવ્યું હતું કે શિક્ષણ વિભાગ એવી યોગ્ય સંસદીય વ્યવસ્થા રજૂ કરી શકે છે જે એનટીએની સંસદ પરત્વેની જવાબદારી સુનિશ્ચિત કરે.

સમિતિએ જણાવ્યું હતું કે નીટ-યુજી પરીક્ષા રદ થવાથી સ્પષ્ટ થાય છે કે હજુ વધુ સુધારાની જરૂર છે. (એજન્સી) ■



Deepak Somaiya



ભારતીય આઇટી પ્રોફેશનલ્સ માટે વૅન્સના ઘસાતા શબ્દોઃ ભારત સરકાર લાલચોળ

નવી દિલ્હીઃ ભારતે શુક્રવારે અમેરિકાના એ નિર્ણયની ટીકા કરી હતી જેમાં તેણે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને વિપ્રો સહિતની મુખ્ય વૈશ્વિક અને ભારતીય આઈટી કંપનીઓ માટેના મહત્વપૂર્ણ 'ગ્રીન-કાર્ડ' પ્રોસેસિંગ પ્રોગ્રામ' પર રોક લગાવી દીધી છે.

ભારતે કહ્યું હતું કે આ પગલું બંને દેશોના સહિયારા લક્ષ્યોને આગળ વધારશે નહીં. સાથે જ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વૅન્સે વિદેશી પ્રોફેશનલ્સને 'કરારબદ્ધ નોકરો' ગણાવતા ભારતે તેની આકરી ટીકા કરી હતી અને નિવેદનને સંપૂર્ણપણે 'બિનજરૂરી અને અત્યંત અપમાનજનક' ગણાવીને ફગાવી દીધું હતું.

અમેરિકામાં વિદેશી કામદારોની સંખ્યા ઘટાડવાના વ્યાપક પ્રયાસોના ભાગરૂપે ટ્રમ્પ સરકારે આઠ મોટી આઈટી કંપનીઓ માટે 'પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન' (પીઈઆરએમ) પ્રોગ્રામને સસ્પેન્ડ કરી દીધો છે અને અનેક યુનિવર્સિટીઓની તપાસ શરૂ કરી છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ભારત-અમેરિકાના સંબંધોમાં તણાવ છે. જે કંપનીઓ સામે આ કાર્યવાહી કરવામાં આવી છે તેમાં ઇન્ફોસિસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, વિપ્રો, એચસીએલ ટેક્નોલોજીસ, માઈક્રોસોફ્ટ, એડોબ, કેપજેમિની અને કોગ્નિઝન્ટનો સમાવેશ થાય છે. પીઈઆરએમને અમેરિકામાં કાયમી નિવાસ અને નાગરિકતા મેળવવાના માર્ગ તરીકે વ્યાપકપણે જોવામાં આવે છે. ■

નંદીગ્રામ અને મુસ્લિમ બહુમતીવાળા રેજીનગરની બેઠક પર ભાજપનો કબજો

કોલકાતાઃ ભારતીય જનતા પાર્ટીએ પશ્ચિમ બંગાળની બે બેઠકની પેટા ચૂંટણીમાં તેના હરીફોને કચડી નાખીને જોરદાર વિજય મેળવ્યો હતો. ભાજપે નંદીગ્રામ બેઠક વિક્રમી સરસાઈથી જીતી હતી અને આશ્ચર્યકારક રીતે મુસ્લિમ બહુમતીવાળી રેજીનગરમાં વિજય મેળવ્યો હતો.

ભાજપે વિધાનસભાની ચૂંટણીમાં તૃણમૂલ કૉંગ્રેસને હરાવીને તેના પંદર વર્ષના શાસનનો અંત આણ્યો હતો. આ જીતે વિભાજિત વિરોધ પક્ષોની નબળાઈ છતી કરી હતી. બન્ને બેઠક પર બીજો ક્રમાંક મેળવનાર ઉમેદવાર સિવાય બીજા બધા હરીફ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ હતી. નંદીગ્રામમાં સુવેન્દુ અધિકારીના મરણ પામેલા પર્સનલ આસિસ્ટન્ટ ચંદ્રનાથ રથની માતા અને ભાજપનાં ઉમેદવાર હસીરાણી રથે કૉંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનને ૧,૨૨,૭૫૩ મતથી હરાવ્યા હતા. વિધાનસભાની ચૂંટણીમાં અધિકારીએ આ બેઠક પર ૯,૬૬૫ મતથી વિજય મેળવ્યો હતો. અધિકારીએ ભવાનીપુરની બેઠક જાળવી રાખવાનો નિર્ણય લીધો હતો. રેજીનગરમાં ભાજપના ઉમેદવાર શંકરવ સરકારે આમ જનતા ઉન્નાયન પાર્ટીના ઉમેદવાર ગુલામ નબી આઝાદને ૭૫,૮૧૬ મતથી હરાવ્યા હતા.

દરમિયાન તમિળનાડુમાં પેટાચૂંટણીની બે બેઠક મદુરનન્ચકમ અને ધરમપુરમાં શાસક પક્ષ ટીવીકેએ વિજય મેળવ્યો હતો. દ્રમુકના વડા સ્ટાલિને આને દગાખોરીનો વચગાળાનો વિજય કહ્યો હતો. પુડુચેરીની થટ્ટાટાવડી બેઠકમાં શાસક પક્ષ ઓલ ઈન્ડિયા એન. આર. કૉંગ્રેસે વિજય મેળવ્યો છે.

આસામમાં ભાજપના ઉમેદવાર દેવાશિષ શર્માએ નાગાંવની લોકસભાની બેઠક પર વિજય મેળવ્યો હતો. તેમણે એઆઈયુડીએફના હરી બદરુદ્દીન અજમલને હરાવ્યા હતા.

ઉત્તર પ્રદેશમાં ધનરાજ પરિમલ સહિત દસે ઉમેદવારો બિનહરીફ ચૂંટાયાઃ ઉત્તર પ્રદેશની રાજ્યસભાની દસ બેઠકમાં દસે ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા. ભાજપના આઠ અને સમાજવાદી પાર્ટીના બે ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા. ભાજપના રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણીના પુત્ર ધનરાજ સમાજવાદી પાર્ટીની ટિકિટ પર જીતી ગયા છે. ધનરાજ સિવાય બીજા નવ ઉમેદવારે તેમની જીતના સર્ટિફિકેટ લીધા હતા. રાજ્યસભાના નવ ઉમેદવારની મુદત ૨૫ નવેમ્બરે પૂરી થનારી હોવાથી આ ચૂંટણી રખાઈ હતી. ■

દુઃખદ અવસાન



શ્રીમતી અરુણાબેન રમેશચંદ્ર સાયાણી (ચેન્નઈ વાળા)
(08.11.1946 - 06.10.2026) ■
-:શોકાતુર પરિવાર:- ■
પતિ -રમેશચંદ્ર જેઠાલાલ સાયાણી
માતા -પિતા
સ્વ. શ્રીમતી હીરાલક્ષ્મી અને
સ્વ. શ્રી લક્ષ્મીદાસ ઠક્કર (સેદાની)
સાસુ - સસરા
સ્વ -શ્રીમતી ચંપાબેન અને
સ્વ.શ્રી જેઠાલાલ કાલિદાસ સાયાણી
પુત્ર-પુત્રવધુ: રાજેશ અને નમિતા સાયાણી
સૂરજ અને તૃમિ સાયાણી
પુત્રી -જમાઈ : શીતલ અને અજિત ઠક્કર
પૌત્ર -પૌત્રી: ધ્રુવ ,પ્રાચી ,શાન , પાન્યા , અરમાન ,શિવેન
તેમજ સમસ્ત સાયાણી પરિવાર

ટ્રમ્પનું 'એસઆઈઆર': બે લાખ ભારતીય મૂળના વોટરોનાં નામ કપાયાં

ન્યૂ યૉર્કઃ અમેરિકાની મતદાર યાદીમાંથી ભારતીય મૂળના બે લાખ મતદારોના નામ કપાઈ ગયા છે. આ તમામ મતદારોના નામ એ ૨૬ રાજ્યમાં કપાયા છે જ્યાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીની સરકાર છે. અમેરિકામાં ભારતીય મૂળના અંદાજે ૨૧ લાખ મતદાર છે. અમેરિકામાં ત્રણ નવેમ્બરે મધ્યસત્ર ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણીમાં ટ્રમ્પની પાર્ટીને હારી જવાનો ડર સતતાવી રહ્યો છે જેનું એક કારણ ભારતીય મૂળ ધરાવતા મતદારોનું વલણ છે જે હંમેશાં વિપક્ષ ડેમોક્રેટિક પાર્ટીની તરફેણમાં રહ્યું છે.


વર્ષ ૨૦૨૪ની અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીમાં ભારતીય મૂળના ૬૫ ટકા મતદારોએ ડેમોક્રેટિક પાર્ટીની ઉમેદવાર કમલા હૅરિસને મત આપ્યા હતા. અમેરિકામાં ટ્રમ્પ વહીવટીતંત્ર મતદાર યાદીની ચકાસણી કરી રહ્યું છે જેથી કરીને અયોગ્ય મતદારોના નામ હટાવી શકાય. સરકારનું કહેવું છે કે આને કારણે ચૂંટણીમાં ગોટાળો રોકવામાં અને મતદાન પ્રક્રિયાને વધુ સુરક્ષિત બનાવવામાં મદદ મળશે.

આ લક્ષ્ય સાથે જ ટ્રમ્પ 'સેવ અમેરિકા ઍક્ટ'નું સમર્થન કરી રહ્યા છે. ફેબ્રુઆરીમાં અમેરિકાની સેનેટના નીચલા સદનમાં આ ખરડાને મંજૂરી આપવામાં આવી હતી. આ અંતર્ગત મતદાર તરીકે નામ નોંધણી કરાવનારે અમેરિકાનું નાગરિકત્વ પુરવાર કરવા માટે જન્મનું પ્રમૈણપત્ર કે પાસપોર્ટ જેવા દસ્તાવેજ આપવા પડશે. મતદાન કરવા માટે ઓળખપત્ર દેખાડવાને લગતા નિયમો પણ કડક કરવામાં આવશે. આ નિયમ મતદાન કેન્દ્ર પર અને પોસ્ટ મારફતે મતદાન કરનાર એમ બંનેને લાગુ પડશે.

અમેરિકામાં ચૂંટણીમાં મોટાપાયે ગેરરીતિ કરવામાં આવતી હોવાનો ટ્રમ્પ દાવો કરતા રહે છે. જોકે ટ્રમ્પના આ દાવાઓનું સમર્થન કરે એવાં નક્કર પુરાવાઓ હજુ સુધી નથી મળ્યા. ■

સ્મિત મચ્છરને ઇઝરાયલનો અવૉર્ડ

જેરુસલેમઃ ફ્લાયદુબઇ વિમાનના કોકપિટમાં પોતાના સહ-પાઇલટ દ્વારા કરવામાં આવેલા હુમલાનો સામનો કરનાર અને ૧૭૪ મુસાફરો અને ક્રૂ સભ્યોના જીવ બચાવનાર કેપ્ટન સ્મિત મચ્છરને ઇઝરાયલનો નાગરિક વીરતા માટે પ્રમુખકીય પુરસ્કાર' (પ્રેસિડેન્સિયલ એવોર્ડ ફોર સિવિલિયન હીરોઈઝમ) મળશે. નાગરિક બહાદુરી માટે આ દેશનો સર્વોચ્ચ પુરસ્કાર છે. ■



રવીન્દ્ર જાડેજા ટેસ્ટની પૂર્વતૈયારી માટે રણજીમાં રમશે, સૌરાષ્ટ્રની ટીમ વધુ મજબૂત થઈ

રાજકોટઃ રવિવાર, ૧૧મી ઑક્ટોબરે શરૂ થઈ રહેલી રણજી ટ્રોફીની નવી સીઝનની પ્રથમ મૅચમાં પીઢ સ્પિન-ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા રમશે જેને પગલે સૌરાષ્ટ્રની ટીમ વધુ મજબૂત થઈ છે. બે વખત ચૅમ્પિયન બનેલી સૌરાષ્ટ્રની ટીમના કૅપ્ટનપદે લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર જયદેવ ઉનડકટને જાળવી રાખવામાં આવ્યો છે. તે તાજેતરમાં જ ઇંગ્લૅન્ડની કાઉન્ટી ક્રિકેટમાં સસેક્સ વતી રમીને ૨૮ વિકેટના પર્ફોર્મન્સ સાથે પાછો આવ્યો છે. પેસ બોલિંગમાં તેને ચેતન સાકરિયાનો સાથ મળશે.

સૌરાષ્ટ્ર-છત્તીસગઢની રણજી મૅચ રવિવારે (સવારે ૯.૩૦ વાગ્યે) શરૂ થશે. ભારતે તાજેતરમાં વેસ્ટ ઇન્ડિઝ સામે ૨-૧થી જીતેલી વન-ડે સિરીઝમાં જાડેજા રમ્યો હતો. જોકે બે મૅચમાં તે બે વિકેટ લઈ શક્યો હતો, પરંતુ તેને બૅટિંગ કરવાનો મોકો નહોતો મળ્યો. જાડેજા હવે રેડ-બૉલથી રમાતી રણજી મૅચમાં રમીને ટેસ્ટ-શ્રેણી માટેની થોડી મૅચ-પ્રૅક્ટિસ કરી લેશે. વેલિંગ્ટનમાં પ્રથમ ટેસ્ટ ૧૯મી ઑક્ટોબરે શરૂ થશે. ત્યાર બાદ બીજી અને અંતિમ ટેસ્ટ ૨૭મી ઑક્ટોબરથી કાઇસ્ટચર્chમાં રમાશે.

ગઈ રણજી સીઝનમાં સૌરાષ્ટ્રની ટીમ વહેલી બહાર થઈ ગઈ હતી. આ વખતે તેના ગ્રૂપ-બીમાં આંધ્ર, આસામ, છત્તીસગઢ, હૈદરાબાદ, કર્ણાટક, પંજાબ અને ત્રિપુરા છે. ૧૧મી ઑક્ટોબરથી પણજીમાં ગોવાની મૅચ બરોડા સામે રમાશે, જ્યારે અમદાવાદમાં ગુજરાત-ઓડિશા ટકરાશે.

સૌરાષ્ટ્રની ટીમઃ જયદેવ ઉનડકટ (કૅપ્ટન), રવીન્દ્ર જાડેજા, હાર્વિક દેસાઈ (વિકેટકીપર), અર્પિત વસાવડા, ચિરાગ જાની, પ્રેરક માંકડ, જય ગોહિલ, ચેતન સાકરિયા, અંકુર પન્વાર, સમ્મર ગજ્જર, પાર્થ ભુત, વિશ્વરાજસિંહ જાડેજા, હેત્વિક કોટક, નીલ પંડ્યા, અર્થ યાદવ અને તરંગ ગોહેલ. ■

મયંક નામના વાવાઝોડા પછી હોપ-રુધરફર્ડ-શેફર્ડની સુનામી, ભારત હારી ગયું

રાંચીઃ વેસ્ટ ઇન્ડિઝે અહીં શુક્રવારે ટી-૨૦ ફૉર્મેટમાં ૨૫૦ રનના પોતાના હાઇએસ્ટ ચેઝ સાથે ભારતને હરાવ્યું હતું અને શ્રેણી ૧-૧થી લેવલ કરી હતી. વેસ્ટ ઇન્ડિઝે કૅપ્ટન-ઓપનર શાઇ હોપ (૧૦૨ અણનમ, ૪૫ બૉલ, નવ છગ્ગા, છ ચોગ્ગા) અને શેરફેન રુધરફર્ડ (૮૪ રન, ૩૭ બૉલ, સાત છગ્ગા, સાત ચોગ્ગા)ની ૫૪ બૉલમાં થયેલી ૧૨૦ રનની વિક્રમી ભાગીદારીથી અને પછી હોપ તથા રોમારિયો શેફર્ડ (૩૪ અણનમ, ૧૩ બૉલ, ત્રણ છગ્ગા, ત્રણ ચોગ્ગા) વચ્ચે ૨૬ બૉલમાં થયેલી ૭૪ રનની અતૂટ ભાગીદારીથી ૧૮.૩ ઓવરમાં ચાર વિકેટે ૨૫૨ રનના સ્કોર સાથે વિજય મેળવ્યો હતો.

મયંક યાદવ (૩-૦-૩૬-૩) નામનું વાવાઝોડું ત્રાટક્યા બાદ ત્રણેય કૅરિબિયન બૅટ્સમેનોએ પોતાની ટીમની જીત આસાન બનાવી હતી. મયંકે બે બૉલમાં બે વિકેટ અને પછી ત્રીજી વિકેટ લીધી ત્યારે કૅરિબિયન ટીમના કેટલાક ખેલાડીએ તેમ જ વેસ્ટ ઇન્ડિઝ તરફી પ્રેક્ષકો-દર્શકોએ આશા ગુમાવી હશે, પણ કૅપ્ટન શાઇએ હોપ નહોતી ગુમાવી. કુલદીપ યાદવને એક વિકેટ મળી હતી, જ્યારે અર્શદીપ તેમ જ અક્ષર, શિવમ અને નમનને વિકેટ નહોતી મળી. ભારતના એક સમયના ફાસ્ટેસ્ટ બોલર મયંક યાદવે દાવની પહેલી જ ઓવરમાં ઉપરાઉપરી બે બૉલમાં વિકેટ લઈને સનસનાટી મચાવી દીધી. કલાકે ૧૪૩ કિલોમીટરની ઝડપવાળા બૉલમાં કમિલ પૂરનને


કૅપ્ટન-ઓપનર શાઇ હોપ

સબસ્ટિટ્યૂટ બિશ્નોઈના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. મયંકનો ચોથો બૉલ કલાકે ૧૪૪ કિલોમીટરની ઝડપવાળો હતો જેમાં તેણે ૮૭ ટી-૨૦ મૅચના અનુભવી અને ૧,૬૦૦-પ્લસ રન બનાવી ચૂકેલા શિમરૉન હેટમાયર (૦)ને ક્લીન બોલ્ડ કર્યો હતો. મયંકના વેગીલા બૉલને હેટમાયર સમજે એ પહેલાં તેની બેલ્સ ઉડી ગઈ હતી.

મયંકે ત્રીજી ઓવરમાં કલાકે ૧૪૯.૫ કિલોમીટરની ઝડપે બૉલ ફેંકીને રૉવમૅન પૉવેલ (૨૪ રન)નું ઑફ સ્ટમ્પ ઉખાડી નાખ્યું હતું. શાઇ હોપે એક ગઢ સાચવી રાખ્યો અને તેને રુધરફર્ડનો યાદગાર સાથ મળ્યો હતો. સિરીઝની છેલ્લી વન-ડેમાં શાઇ હોપે જ અણનમ ૧૬૨ રન બનાવીને ૦-૩નો વાઇટવૉશ ટાળ્યો હતો અને ભારતે સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી. શુક્રવારે ભારતે બૅટિંગ મળ્યા પછી પાંચ વિકેટે ૨૪૯ રન બનાવ્યા હતા. સૅમસન (૮૨ રન, ૪૧ બૉલ, ચાર છગ્ગા, નવ ચોગ્ગા) અને કિશન (૪૩ રન, બાવીસ બૉલ, બે છગ્ગા, છ ચોગ્ગા) વચ્ચેની ૯૭ રનની ભાગીદારી બાદ કૅપ્ટન શ્રેયસ (૪૦ રન, ૧૮ બૉલ, ત્રણ છગ્ગા, ત્રણ ચોગ્ગા) અને તિલક વર્મા (૪૪ અણનમ, ૧૮ બૉલ, ત્રણ છગ્ગા, ત્રણ ચોગ્ગા) વચ્ચેની પાંચમી વિકેટ માટેની ૮૩ રનની ભાગીદારીએ ભારતને ૫/૨૪૯નો તોતિંગ સ્કોર અપાવ્યો હતો. રૉસ્ટન ચેઝે ત્રણ વિકેટ અને શમાર સ્પ્રિન્ગરે બે વિકેટ મેળવી હતી.

ભારતમાં એશિયન હૉકી સ્પર્ધાઃ પાકિસ્તાનની હકાલપટ્ટી

જલંધરઃ આગામી ૨૭મી ઑક્ટોબરથી પાંચમી નવેમ્બર સુધી પંજાબના જલંધર અને મોહાલીમાં એશિયન હૉકી ચૅમ્પિયન્સ ટ્રોફી રમાવાની છે જેમાં ભાગ લેનાર છ દેશમાં પાકિસ્તાનનો પણ સમાવેશ હતો, પરંતુ પાકિસ્તાને આડોડાઈ કરી એને પગલે એની હૉકી ટીમને આ સ્પર્ધામાંથી કાઢી મૂકવામાં આવી છે અને એના સ્થાને બંગ્લાદેશની ટીમને પ્રવેશ આપવામાં આવ્યો છે. અગાઉ પાકિસ્તાન આ ટૂર્નામેન્ટમાં રમવાનું હતું, પરંતુ એણે ભારતને બદલે કોઈ તટસ્થ દેશમાં આ સ્પર્ધા રાખવાની માગણી કરી હતી. જોકે એશિયન હૉકી ફેડરેશને એ માગણી ઠુકરાવી હતી અને પાકિસ્તાનને જણાવ્યું હતું કે એણે પોતાની ટીમને ભારતમાં જ મોકલવી પડશે. હૉકીની આ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લેનાર છ દેશમાં ભારત, જાપાન, ચીન, મલયેશિયા, દક્ષિણ કોરિયા અને બાંગ્લાદેશનો સમાવેશ છે. ■

શ્રેયસ ઍન્ડ કંપની આવે એ પહેલાં જ ન્યૂ ઝીલૅન્ડની 'બે વિકેટ પડી'

પેસ બોલર ચૅપમૅન અને ફૉક્સ ઈજાને લીધે ટી-૨૦ સિરીઝની બહાર

ઑકલૅન્ડઃ ન્યૂ ઝીલૅન્ડમાં શ્રેયસ ઐયરની કૅપ્ટન્સીમાં ભારતીય ટી-૨૦ ટીમ બાવીસમી ઑક્ટોબરે પાંચ મૅચની શ્રેણી શરૂ કરે એ પહેલાં જ યજમાન ટીમને બે ઝટકા લાગ્યા છે, કારણકે એના બે અનુભવી પેસ બોલર ઈજાને લીધે આ સિરીઝની બહાર થઈ ગયા છે.

માર્ક ચૅપમૅન અને ઝૅક ફૉક્સને ઈજા થઈ છે. ચૅપમૅનને ડાબા પગની સાથળમાં અને ફૉક્સને જમણા થાપામાં ઈજા થઈ છે. તેમના સ્થાને જૉશ ક્લાર્કસન અને બ્લેર ટિકનેરને સ્ક્વૉડમાં સમાવવામાં આવ્યા છે.

રૉબ વૉલ્ટર ન્યૂ ઝીલૅન્ડની ટીમના હેડ-કોચ છે અને તેમણે પત્રકારોને કહ્યું છે કે 'ચૅપમૅન અને ફૉક્સ ઈજાને લીધે ભારત સામેની સિરીઝમાં ઉપલબ્ધ નહીં રહે એ અમારા માટે મોટું નુકસાન છે. આશા રાખું છું કે તેઓ બહુ જલદી સ્વસ્થ થઈ જાય. ક્લાર્કસન અને બ્લેર સારા પેસ બોલર છે અને તેઓ ભારત સામેની શ્રેણીમાં રમવા ઉત્સુક છે.'

ઑલરાઉન્ડર રચિન રવીન્દ્રને થોડા દિવસ પહેલાં એક પ્રમોશનલ ઇવેન્ટના શૂટિંગ દરમ્યાન કૅચ ઝીલતી વખતે સેફ્ટી નેટ પર પડી જતાં ખભામાં ઈજા થઈ હતી જેને લીધે તે આ સિરીઝમાં નથી રમવાનો એટલે મિચલ સૅન્ટનરની કૅપ્ટન્સીવાળી કિવીઓની ટીમને કુલ ત્રણ ઝટકા લાગ્યા છે.

પેસ બોલર ઍડમ મિલ્ન એક વર્ષે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મૅચ રમશે. ટીમના અન્ય મુખ્ય બોલર્સમાં મૅટ હેન્રી, લૉકી ફર્ગ્યુસન, કાઇલ જેમીસન, જેકબ ડફીનો સમાવેશ છે એટલે તેઓ પણ ભારતને ભારે પડી શકે એમ છે. ■

ઑસ્ટ્રેલિયાનો કૅન્સર-મુક્ત નિક મૅડિન્સન ૧૦ વર્ષે રમ્યો, ૩૩મા બૉલ પર શૂન્યમાં આઉટ થયો



ડરબનઃ ઑસ્ટ્રેલિયાનો ૩૪ વર્ષની ઉંમરનો ઓપનિંગ બૅટ્સમૅન નિક મૅડિન્સન કૅન્સરની બીમારીને સફળતાપૂર્વક લડત આપીને ૧૦ વર્ષે ફરી ટેસ્ટ-મૅચ રમવા મેદાન પર ઊતર્યો અને ૩૨ બૉલ સુધી શૂન્ય પર જ ક્રીઝમાં રહ્યા પછી ૩૩મા બૉલ પર ક્લીન બોલ્ડ થઈ ગયો હતો. તેની વિકેટથી ઑસ્ટ્રેલિયાની ટીમના ખેલાડીઓને અને ઑસ્ટ્રેલિયા તરફી પ્રેક્ષકોને આઘાત લાગ્યો હતો, પરંતુ મૅડિન્સને કર્કરોગની ગંભીર બીમારીને પરાજિત કર્યા પછી ફરી રમવાનું શરૂ કર્યું એ બદલ તેની હિંમતને સૌ કોઈએ દાદ પણ આપી હતી. મૅડિન્સન ઑસ્ટ્રેલિયા વતી ત્રણ ટેસ્ટ રમ્યો છે અને સાઉથ આફ્રિકા સામે શુક્રવારે ડરબનમાં શરૂ થયેલી સિરીઝની પ્રથમ ટેસ્ટ તેની ચોથી ટેસ્ટ છે. આ પહેલાં તે ૨૦૧૬માં ત્રણ ટેસ્ટ રમ્યો હતો. તેણે નવેમ્બર, ૨૦૧૬માં સાઉથ આફ્રિકા સામે જ ટેસ્ટ-કારકિર્દી શરૂ કરી હતી અને ત્યારે પહેલી જ ઇનિંગ્સમાં શૂન્ય પર આઉટ થયો હતો. ત્યાર પછીની પાંચ ઇનિંગ્સમાં તે સારું નહોતો રમ્યો અને ત્યાર પછી તેને પેટમાં કૅન્સરની ગાંઠ થતાં તેણે સર્જરી કરાવવી પડી હતી તેમ જ કીમોથેરપીના સેશન્સના સંઘર્ષ પણ સહેવા પડ્યા હતા. કૅન્સર તેના પેટમાં તેમ જ ફેફસાંમાં ફેલાયું હતું, પણ હવે તે ઘણો સ્વસ્થ છે.

લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન મૅડિન્સનને શુક્રવારે સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલર માર્કો યેનસેને ક્લીન બોલ્ડ કર્યો હતો. મૅડિન્સનને ૨૦૨૫માં ડૉક્ટરે ફરી રમવાની છૂટ આપી હતી. તેણે ફર્સ્ટ-ક્લાસ સ્તરની ૧૨૯ મૅચમાં ૧૮ સેન્ચુરી અને ૩૬ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૭,૮૩૨ રન બનાવ્યા છે.

પહેલા દિવસે ઑસ્ટ્રેલિયાના છ વિકેટે ૧૮૭

ડરબનઃ ૨૦૧૮ના સૅન્ડ-પેપર કાંડને લીધે ઑસ્ટ્રેલિયાની ક્રિકેટ બદનામ થઈ ત્યાર બાદ આઠ વર્ષે સાઉથ આફ્રિકામાં રમવા આવેલી ઑસ્ટ્રેલિયન ટીમે ટેસ્ટ શ્રેણીના પ્રથમ દિવસે વરસાદ અને નબળા પ્રકાશને કારણે ટૂંકી થયેલી રમતમાં ૬૫.૨ ઓવરમાં છ વિકેટે ૧૮૭ રન બનાવ્યા હતા. મૅથ્યૂ રૅન્શો ૪૬ રને રમી રહ્યો હતો. તેની સાથે કૅપ્ટન પૅટ કમિન્સ ૩૩ રને દાવમાં હતો. માર્કો યેનસેન, ઍન્રિક નોર્કિયા અને વિઆન મુલ્ડેરે બે-બે વિકેટ લીધી હતી.

ભારતના આ ત્રણ સ્ટાર બૅટ્સમેન ભારતની જ ધરતી પર બન્ને મૅચમાં ફ્લૉપ, સિરીઝ હારી ગયા

પુડુચેરીઃ શુભમન ગિલની કૅપ્ટન્સીમાં ભારતની વન-ડે ટીમની આવતા મહિને ન્યૂ ઝીલૅન્ડમાં કપરી કસોટી થશે ત્યારે થશે, પણ એ પહેલાં ભારતની ધરતી પર ઋતુરાજ ગાયકવાડના સુકાનમાં સ્ટાર બૅટ્સમેનોવાળી ઇન્ડિયા-એ ટીમ બિનસત્તાવાર વન-ડે શ્રેણીમાં ઑસ્ટ્રેલિયા-એ સામે ફ્લૉપ રહી છે, કારણકે શુક્રવારે ઇન્ડિયા-એ બૅક-ટુ-બૅક મૅચ હારી ગઈ હતી. નૅથન મૅકસ્વીનીના નેતૃત્વમાં ઑસ્ટ્રેલિયા-એ ટીમે ત્રણ મૅચની સિરીઝમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી હતી.

અહીં ઇન્ડિયા-એ ટીમનો બીજી બિનસત્તાવાર વન-ડેમાં ૬૯ રનથી પરાજય થયો હતો. મંગળવાર, છઠ્ઠી ઑક્ટોબરે શ્રેણીની પ્રથમ મૅચમાં ઇન્ડિયા-એનો ૧૨૫ રનથી પરાજય થયો હતો. શુક્રવારે ઇન્ડિયા-એને જીતવા ૨૭૬ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, પણ આ ટીમ પ્રવાસી ટીમના બોલર્સના પેસ અને બાઉન્સ સામે ઝૂકી ગઈ હતી. ઇન્ડિયા-એ ટીમ ૨૦૬ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. ઑસ્ટ્રેલિયા-એના આઠ બોલર સામે આ ભારતીય ટીમના ટોચના સાત બૅટ્સમેનમાંથી ફક્ત રજત પાટીદાર (૮૨ બૉલમાં ૬૭ રન) સારું રમ્યો હતો અને એકંદરે બૅટિંગ લાઇન-અપ લડત નહોતી આપી શકી. ઑસ્ટ્રેલિયા-એના ફાસ્ટ બોલર સ્પેન્સર જૉન્સન (ત્રણ વિકેટ), રાઇલી મેરેડિથ (બે વિકેટ) અને ભારતીય મૂળના સ્પિનર તનવીર સંઘા (બે વિકેટ) સૌથી સફળ રહ્યા હતા. બેન ડ્વારશુઇસ, માઇકલ ઑવેન અને નિખીલ ચૌધરીને એક-એક વિકેટ મળી હતી.

સાઇ સુદર્શન (૧૩ રન), દેવદત્ત પડિક્કલ (એક રન) અને ઋતુરાજ ગાયકવાડ (૧૨ રન) સાવ સસ્તામાં આઉટ થઈ જતાં ઑસ્ટ્રેલિયન ટીમ માટે વિજયનો માર્ગ મોકળો થઈ ગયો હતો. વિકેટકીપર કુમાર કુશાગ્ર (૧૭ રન), નિશાંત સિંધુ (૧૩ રન) અને હાર્દિક પંડ્યાના સ્થાને ટીમમાં સમાવવામાં આવેલો સૂર્યાંશ શેડગે (૧૦ રન) પણ સારું નહોતા રમી શક્યા. આઠમા ક્રમના વિપ્રજ નિગમે ૨૩ રન અને આઠમા નંબરના અનુકૂલ રૉયે અણનમ ૩૪ રનનું યોગદાન આપ્યું હતું જે ટીમને વિજય અપાવવા અપૂરતું હતું. એ પહેલાં, ઑસ્ટ્રેલિયા-એ ટીમ વતી બેન કૉન્સ્ટાસ (૬૭ રન) અને જૉશ ફિલિપે (૫૮ રન) ભારતીય બોલર્સ અર્શદ ખાન, યશ ઠાકુર વગેરેનો સમજદારીથી સામનો કર્યો હતો અને ટીમને ૨૭૫ રનનો પડકારરૂપ સ્કોર અપાવ્યો હતો.

નવાઈની વાત એ છે કે કરોડો રૂપિયા અપાવતી આઇપીએલમાં મોટા સ્કોર સાથે છવાઈ જતા ટૉપ-ઑર્ડરના બૅટ્સમેનો ઑસ્ટ્રેલિયા-એ સામે પાણીમાં બેસી ગયા હતા. સુદર્શને સિરીઝની પ્રથમ મૅચમાં એક રન બનાવ્યો હતો, જ્યારે પડિક્કલનો એમાં ઝીરો હતો અને કૅપ્ટન ગાયકવાડ ફક્ત ૧૫ રન બનાવી શક્યો હતો. ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. **પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

A	B
પ્રદીપ્ત	પ્રમુખ
પ્રદોષ	કામદેવ
પ્રદ્યુમ્ન	છળકપટ
પ્રધાન	અપરાધ
પ્રપંચ	ઉત્તેજિત

જાણવા જેવું

અંગ્રેજીમાં સલ્ફર તરીકે ઓળખાતો ગંધક એટલે પીળા રંગનો અત્યંત બરડ અને ગરમીથી ઓગળી જઈ બળે એવો એક ખનિજ પદાર્થ. તે નેપાળ, કાશ્મીર, બર્મા અને હિંદના કોઇ કોઇ ભાગમાં મળે છે. જ્વાળા આસમાની ને વાસ આકરી હોય છે. વિજ્ઞાનમાં એના અનેક ઉપયોગ જાણીતા છે.

ગુજરાત મોરી મોરી રે


વિવિધ ભાષાના સાહિત્યકારો તખલ્લુસ રાખવા માટે જાણીતા છે. કયા સર્જકનું તખલ્લુસ 'કલાપી' હતું એ શોધી કાઢો.

અ) ચુનીલાલ મડિયા
બ) કાકાસાહેબ કાલેલકર
ક) સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ
ડ) રમેશ પારેખ

નોંધી રાખો

શિષ્ટ સપનાં જોઈ માણસ સર્જન કરી શકતો હોય છે તો ક્યારેક વિસર્જન કરવાના અશિષ્ટ સપનાં પણ આવતા હોય છે.

શબ્દલાલિત્ય



આડી ચાવી

૧. ભરણપોષણ કરનાર, રક્ષણ કરનાર (૫)
૪. લક્ષાધિપતિ (૪)
૭. ચાકર (૨)
૯. શેઠ, ધણી (૩)
૧૧. હર્ષ, આનંદ (૩)
૧૨. ગંદું (૩)
૧૩. પાઠ, ઘડો (૩)
૧૫. સેંકડો, સોનો સમુદાય (૩)
૧૬. ક્રોધ, ગુસ્સો (૨)
૧૭. બફારો, ઉકળાટ (૨)
૧૯. માગણ (૩)
૨૦. છૂટું, મુક્ત (૩)
૨૨. ગણનામાં ન લેવા જેવું, તુચ્છ (૩)
૨૩. દરકાર, કાળજી (૩)
૨૪. જીવંત, જીવતું (૩)
૨૭. સૂર્ય (૨)
૨૯. માફી માગવી તે (૪)
૩૦. રેલવે સ્ટેશન કે એવી કોઈ જગ્યાએ રાહ જોતા આરામ કરવાની જગ્યા (૫)

ઊભી ચાવી

૧. મૂર્તિ (૩)
૨. પાપ (૩)
૩. ક્યારેક (૨)
૫. અફીણના છોડવાનું બીજ (૪)
૬. મિતિ, હિંદુ મહિનાનો દિવસ (૨)
૮. સખી, સાહેલી (૪)
૧૦. સ્વાદિષ્ટ (૫)
૧૪. કૂકડાના વાહનથી ફરનારી એક દેવી (૫)
૧૮. લશ્કરી વહાણ (૪)
૨૧. ગપ્પા, નવરાશની વાતો (૪)
૨૪. આલોચના (૩)
૨૫. કંકણ, કડું (૩)
૨૬. કુબેરનો અનુચર (૨)
૨૮. બ્રાહ્મણ (૨)

ગયા વખતનો ઉકેલ

૧ ખૂ	૨ ના	મ	૩ ર	૪ કી		૫ અ	૬ લ	૭ મા	૮ રી
૯ સ	દા		૧૦ વ	ર્ત	ન		૧૧ વા	ન	ર
૧૨ ટ	ન	૧૩ લ		ન		૧૪ યા	૬	વ	
		૧૫ જી	૧૬ લ		૧૭ ભે			૧૮ તા	૧૯ પ
૨૦ લો	ક	મ	ત		ર		૨૧ મા		રા
ચ		જ્ઞી		૨૨ અ		૨૩ અ	લ	મ	સ્ત
૨૪ ન	૨૫ ભ			શ્વ		૨૬ દા	મ		
	૨૭ યા	૨૮ ત	ના		૨૯ પા		૩૦ તા	૩૧ પ	૩૨ સ
૩૩ ના	ન	મ		૩૪ ત	ર	૩૫ શ		૩૬ રા	મ
૩૭ મ	ક	સ	દ		૩૮ કી	મિ	યા	ગ	ર

ઓળખાણ પડી?



ટેસ્ટ ક્રિકેટમાં ડબલ સેન્ચુરી ફટકારનાર પ્રથમ ભારતીય ક્રિકેટરની ઓળખાણ પડી? ટીમ મેનેજર બનવાની તક પણ મળી હતી.

અ) રુસી સુરતી
બ) અંશુમાન ગાયકવાડ
ક) પોલી ઉમરીગર
ડ) લાલા અમરનાથ

ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

૨૦૨૨માં ચીનમાં આયોજિત કરવામાં આવેલા એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓને કેટલા મેડલ મેળવવામાં સફળતા મળેલી?

અ) 81 બ) 99 ક) 106 ડ) 122

માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ 7, 18, 39, 70, 111 ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે 111 પછી કઈ સંખ્યા આવે?

અ) 139 બ) 158 ક) 162 ડ) 177

સુડોકુ-આજનો સવાલ

૪	૨	૫	૭					
		૬				૪		૯
૩			૬				૨	
		૧		૮				૩
			૪	૬	૫			
૫				૩		૯		
	૮				૬			૨
૬		૭				૩		
					૩	૮	૬	૪

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

સુડોકુ-ગઈકાલનો જવાબ

૫	૮	૧	૩	૭	૪	૨	૯	૬
૯	૩	૬	૮	૧	૨	૪	૫	૭
૭	૨	૪	૬	૯	૫	૧	૮	૩
૩	૧	૫	૪	૨	૬	૮	૭	૯
૬	૭	૯	૫	૮	૧	૩	૪	૨
૮	૪	૨	૭	૩	૯	૫	૬	૧
૧	૯	૭	૨	૫	૮	૬	૩	૪
૪	૫	૩	૧	૬	૭	૯	૨	૮
૨	૬	૮	૯	૪	૩	૭	૧	૫

ગયા શનિવારના જવાબ

A	B
પ્રથમ	પહેલો
પ્રદક્ષિણા	ફેરા ફરવા
પ્રદર્શન	દેખાવ
પ્રદાન	આપવું
પ્રદીપ	દીવડો

ગુજરાત મોરી મોરી રેઃ
મણિશંકર ભટ્ટ

ઓળખાણ પડી?
રિચર્ડ હેડલી

માઈન્ડ ગેમ :
156

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
1951

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભરત કજરિયા (૬) ધીરેન્દ્ર મુલરાજ (૭) પ્રતિમા પમાણી (૮) ભારતી બુચ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જયવંત પદમશી ચિખલ (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) લજિતા ખોના (૧૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મહેશ એન. સંઘવી (૧૭) નેહુલ એમ. સંઘવી (૧૮) મીનળ કાપડિયા (૧૯) ભાવના કર્વે (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) નંદુભાઈ અ. ગોઠી (૨૩) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૪) ડાયના સંતોકે (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) અરવિંદ કામદાર (૨૮) નિતીન જયંતીલાલ બજરિયા (૨૯) જ્યોત્સના ગાંધી (૩૦) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) રમેશભાઈ દલાલ (૩૩) સુભાષ મોમાયા (૩૪) નીતા દેસાઈ (૩૫) પુષ્પા પટેલ (૩૬) તાહેર ઔરંગાબાદવાલા (૩૭) શીરીન ઔરંગાબાદવાલા (૩૮) મહેશ દોશી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) વિણા સંપટ (૪૧) અતુલ સંપટ (૪૨) મનીષા શેઠ (૪૩) ફાલ્ગુની શેઠ (૪૪) હિંમત ખોલીયા (૪૫) કમલ માતલિયા (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૭) અલકા વાણી

મુંબઈ સમાચાર
વીકએન્ડ

MUMBAI SAMACHAR
■ શનિવાર ■ તા. ૧૦-૧૦-૨૦૨૪

સ્પોર્ટ્સમૅન

સાશા
feedback@
bombaysamachar.com

ખેલકૂદમાં સફળતાનું અસલી રિપોર્ટ કાર્ડઃ

ભણે એ ગણે અને ન ભણે એ પણ પ્રતિભાશાળી બને

એન્જિનિયર એવા આર. અશ્વિનના સ્પિનના જાદુથી સૌ કોઈ પરિચિત છે... ઓછું ભણેલા વિરાટ, રોહિત, હાર્દિકની સિદ્ધિઓ પણ અપ્રતિમ છે



એન્જિનિયર રવિચન્દ્રન અશ્વિને સ્પિનના જાદુથી ભલભલા બૅટ્સમેનોની ખબર લઈ નાખી હતી.



હાર્દિક પંડ્યાને ભણતર સાથે બહુ લેણું નહોતું, પણ વર્લ્ડ કપ સહિતની ટ્રોફીઓ સાથે સેલિબ્રેટ કરી ચૂક્યો છે. તે કુલ ૧૩ મૅન ઑફ ધ મૅચ જીતી ચૂક્યો છે.

હાર્દિક પંડ્યાના હાથમાં એન્જિનિયરિંગની કે મૅનેજમેન્ટની કોઈ ડિગ્રી નથી, પણ ક્રિકેટના મેદાનમાં તે જ્યારે અસલી રંગમાં હોય ત્યારે પાસાં ઉલટા કરી નાખતો હોય છે. વિરાટ કોહલી પાસે કોઈ વિશ્વ વિદ્યાલયની ડિગ્રી કે કોઈ ગોલ્ડ મેડલ નથી, પરંતુ વર્તમાન ક્રિકેટમાં તેનાથી મોટો ભાગ્યે જ કોઈ ખેલાડી હશે. રોહિત શર્માનો કૉલેજકાળ કોઈ ચમકદાર ડિગ્રી સાથે પૂરો નહોતો થયો છતાં ક્રિકેટમાં તેના નામે એવા વિશ્વવિક્રમો છે જે વર્ષોથી નથી તૂટ્યા. બીજી તરફ, નિશાનબાજ મનુ ભાકર છે જે નાની ઉંમરમાં બબ્બે ઑલિમ્પિક મેડલ જીતી ચૂકી છે, મણિપુરી માર્શલ આર્ટમાં તે રાષ્ટ્રીય સ્તરનો ચંદ્રક જીતી છે તેમ જ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હરીફાઈઓમાં તેણે સફળતાપૂર્વક નિશાન લગાવ્યા છે. તેણે ખેલના મેદાનની પહેલાં અભ્યાસના ક્ષેત્રે પણ શાનદાર સફળતા હાંસલ કરી હતી. દિલ્હી યુનિવર્સિટીમાંથી તેણે ગ્રેજ્યૂએશન મેળવ્યું, પંજાબ યુનિવર્સિટીમાંથી પોસ્ટ-ગ્રેજ્યૂએશનની ડિગ્રી મેળવી અને હવે રોહતક આઇઆઇએમમાંથી તે રમતગમતમાં મૅનેજમેન્ટની ડિગ્રી હાંસલ કરવાની છે.

બીજી બાજુ, સ્પિન-લેજન્ડ રવિચન્દ્રન અશ્વિન જે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લઈ ચૂક્યો છે તેણે બોલિંગમાં શાનદાર વિક્રમો રચવાની સાથે-સાથે એન્જિનિયરિંગની ડિગ્રી પણ હાંસલ કરી હતી. આ જ વિષયમાં કે. એલ. રાહુલ, શ્રેયસ ઐયર અને સૂર્યકુમાર યાદવના નામ પણ લઈ શકાય. આ ત્રણેય કૉમર્સ ગ્રેજ્યૂએટ છે અને તેમની પાસે બીકૉમની ડિગ્રી છે. ભાલાફેંકનો ચૅમ્પિયન નીરજ ચોપડા ઑલિમ્પિક્સથી વર્લ્ડ ચૅમ્પિયનશિપ સુધી દરેક મોટી ઇવેન્ટમાં સફળતાના શિખરે પહોંચી ચૂક્યો છે અને તે અભ્યાસમાં પણ ગ્રેજ્યૂએટ છે.

હવે સવાલ એ છે કે આખરે સફળતાનો અસલી રિપોર્ટ કોને કહેવાય? શું ડિગ્રી જરૂરી છે કે પછી કોઈ ખેલાડીની મેદાન પરની પ્રતિભા તેની અભ્યાસની ઊણપ પૂરી કરી દેતી હોય છે? કહેવાનો અર્થ એ છે કે હાર્દિક પંડ્યા આઠમા ધોરણ સુધી ભણ્યો છે અને વિરાટ કોહલી બારમા ધોરણ સુધી. શુભમન ગિલ પણ સ્કૂલના સમયકાળ પછી વધુ અભ્યાસ નહોતો કરી શક્યો. એ જ પ્રમાણે, રવીન્દ્ર જાડેજા તેમ જ રોહિત શર્મા, રિષભ પંત, રિન્કુ સિંહ, મોહમ્મદ શમી, યશસ્વી જયસ્વાલ તેમ જ વેઇટલિફ્ટર મીરાંબાઈ ચાનુ પણ અભ્યાસમાં ખાસ કંઈ આગળ નહોતા વધી શક્યા. મહિલા ખેલાડીઓમાં પણ બૅડમિન્ટન-ક્વીન પી. વી. સિંધુ, સ્ક્વૉશ-ચૅમ્પિયન અનાહત સિંહ તેમ જ ક્રિકેટ-સ્ટાર સ્મૃતિ મંધાનાએ પોતાની રમતની સાથે ભણવામાં પણ ચમક દેખાડી છે. જોકે સ્મૃતિની ઉચ્ચ ડિગ્રીની જાહેરમાં ખાસ કોઈ સ્પષ્ટતા નથી થઈ. એટલે જ તેના વિશે દાવા સાથે કંઈ કહી નથી શકાતું, પણ એક વાત ચોક્કસ છે કે આજકાલ ખેલકૂદની સફળતામાં ભણતરની સફળતા હોવી જ જોઈએ જરૂરી નથી લાગતું. જો કે ઘણા એવા ઍથ્લીટો અને ખેલાડીઓ છે જેઓ ખેલના મેદાન ઉપરાંત શિક્ષણના ક્ષેત્રે પણ ચમક્યા છે.



બહુ ઓછું ભણેલા વિરાટ કોહલીની વિક્રમોની પોથી વિશ્વભરની યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે.

દક્ષિણ ભારતના ક્રિકેટરો તો ઊંચી ડિગ્રીઓ મેળવવાની સાથે ક્રિકેટના મેદાન પર વિરલ સિદ્ધિઓ મેળવવા માટે જાણીતા છે. જાવાગલ શ્રીનાથ અને અનિલ કુંબલેએ એન્જિનિયરિંગની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. રાહુલ દ્રવિડ પણ ઘણું ભણ્યો હતો. આ ખેલાડીઓ ભારતીય ક્રિકેટના લેજન્ડ છે. થોડા સમય પહેલાં એક સંસ્થાએ તેમને જ્યારે માનદ ડૉક્ટરેટની ડિગ્રી આપવાની ઇચ્છા બતાવી ત્યારે તેમણે એ સંસ્થાને આભાર સહ કહી દીધું કે તેઓ આ માનદ ડિગ્રી નથી લેવા માગતા, કારણકે આવી પ્રતિષ્ઠિત ડિગ્રી તેઓ મહેનતથી હાંસલ કરવા માગે છે. ફરી એ જ સવાલ છે કે શું ડિગ્રી જરૂરી છે? બીજો એક સવાલ એ પણ છે કે શું ખેલની પ્રતિભા ભણતરની ઊણપ ભરપાઈ કરી શકે?

કહેવાનો ભાવાર્થ એ છે કે શું સ્કૂલ છોડી દેનાર બાળક પણ દુનિયાનો મહાન ખેલાડી બની શકે? કે પછી રમતગમતની સાથે શિક્ષણ પ્રાપ્ત કરવાનું જાળવી રાખવું એ જ ભવિષ્ય માટે સૌથી સુરક્ષિત વિકલ્પ છે. ભારતીય ખેલ જગત આ સવાલોનો કોઈ એક જવાબ નથી આપતું, પરંતુ એક વાત નક્કી છે કે સફળતાના અલગ-અલગ રસ્તા તો જોવા મળી જ રહ્યા છે. કદાચ આ જ બાબત આ લેખનો હાર્દ છે. એક તરફ એન્જિનિયર આર. અશ્વિન અને બીજી બાજુ સ્કૂલ છોડનાર હાર્દિક પંડ્યા. બન્નેની ભિન્ન શૈક્ષણિક યાત્રા નજરસમક્ષ રાખીએ તો તેમની છબિ બેહદ રોમાંચક છે એમ કહી શકાય.

૪૦ વર્ષના આર. અશ્વિનની આંતરરાષ્ટ્રીય કારકિર્દી શાનદાર હતી. તેણે ૨૦૧૦થી ૨૦૨૪ સુધીની કરીઅરમાં ૫૩૭ ટેસ્ટ વિકેટ સહિત કુલ ૭૫૦-પ્લસ વિકેટ લીધી હતી તેમ જ ટેસ્ટ ક્રિકેટમાં ૩,૫૦૦-પ્લસ રન બનાવવાની સાથે ભારતને અસંખ્ય મૅચો જીતાડી હતી. તેણે એન્જિનિયરિંગની ડિગ્રી હાંસલ કરી હતી. તે ક્રિકેટ જગતના શ્રેષ્ઠ બુદ્ધિમાન સ્પિનર્સમાં ગણાય છે. તેની બોલિંગમાં સ્પિનની વિવિધતા, પેસ તેમ જ રણનીતિ છલકાતી હતી. તેના પર્ફોર્મન્સ જોઈને ઘણી વાર લાગતું કે તેનામાં રહેલો એન્જિનિયર મેદાન પર ઊતરી આવ્યો છે. બીજી તરફ, હાર્દિક પંડ્યા છે જેના વિશેની કથા અશ્વિનથી સાવ અલગ છે છતાં તેણે ઑલરાઉન્ડ પર્ફોર્મન્સીસથી ભારતને વર્લ્ડ કપ સહિતની ઘણી મૅચોમાં વિજય અપાવ્યા છે એટલું જ નહીં, ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં તેણે કૅપ્ટન તરીકે ગુજરાત ટાઇટન્સને ડેબ્યૂ યરમાં જ ટાઇટલ અપાવ્યું હતું. ઈજા અને ફિટનેસની સમસ્યાએ ઘણી વખત તેની કારકિર્દી ખોરવી નાખી છે છતાં આજે હાર્દિકને ભારતના શ્રેષ્ઠ મૅચ-વિનર્સમાં ગણવામાં આવે છે. અશ્વિન અને હાર્દિક, બન્નેએ ભણતરમાં વિરોધાભાસી હોવા છતાં ક્રિકેટના મેદાન પર તેઓ સમાન રીતે પ્રતિભાશાળી ગણાય છે.

વિરાટ કોહલી ક્યારેય કોઈ વિશ્વ વિદ્યાલયના પગથિયાં નહોતો ચડ્યો, પરંતુ બૅટિંગ અને ફિટનેસની યુનિવર્સિટીમાં તે ગોલ્ડ મેડલિસ્ટ છે. માત્ર ભારત નહીં, કોઈ પણ દેશના કોઈ પણ ક્રિકેટપ્રેમીને પૂછશો તો તે કોહલીની વિરાટ પ્રતિભાથી પ્રભાવિત હશે જ અને અનેક લોકો તેના ચાહક હશે તેમ જ તેના વિક્રમોથી પરિચિત પણ હશે. એટલું ન નહીં, તેની ફિટનેસ પર પણ આફરીન હશે. નેટ પ્રૅક્ટિસ તેની પ્રયોગશાળા છે અને ક્રિકેટનું મેદાન તેની સ્કૂલ-કૉલેજનો ક્લાસ રૂમ જેમાં તેણે સફળતાના એક પછી એક શિખર સર કર્યા છે. ક્રિકેટના મેદાન પરના અવૉર્ડ અને સિદ્ધિઓ જ તેની બહુમૂલ્ય ડિગ્રીઓ છે.

વિરાટ જેવી જ પ્રતિભા રોહિત શર્માની પણ છે. વન-ડેમાં વિક્રમજનક ત્રણ-ત્રણ ડબલ સેન્ચુરી અને ૨૬૪ રનનો હાઇએસ્ટ સ્કોર તેની મોટી વિરલ સિદ્ધિઓના બે ઉદાહરણ છે. તેણે કૉલેજનો અભ્યાસ અધવચ્ચેથી છોડવો પડ્યો અને મધ્યમ વર્ગનો સભ્ય હોવાથી તેણે કેટલીક આર્થિક સમસ્યાઓનો સામનો પણ કર્યો હતો. જોકે ક્રિકેટના મેદાન પર તેણે અનેક કીર્તિમાન સ્થાપિત કર્યા, એમએસ ધોનીની માફક મગજ શાંત રાખીને ભારતીય ટીમની કૅપ્ટન્સી સંભાળી હતી અને ટીમને અનેક વિજય અપાવ્યા હતા.



ભણતર ઓછું રહ્યા પછી રોહિત શર્માએ ક્રિકેટના મેદાન પર અનેક અપ્રતિમ સફળતાઓ મેળવી.

જોકે વિરાટ, રોહિત અને હાર્દિક વિશેની આ બધી ચર્ચાનો મતલબ એ નથી કે ભણવાનું છોડી દો અને ક્રિકેટ રમવા લાગો. એન્જિનિયર આર. અશ્વિનનો કિસ્સો પણ અહીં અગત્યનો બની જાય છે. કહેવાનો ભાવાર્થ એ છે કે જો કોઈ વ્યક્તિમાં (કોઈ યુવામાં) કોઈ ક્ષેત્રે અસાધારણ ટૅલન્ટ બતાવવાની પ્રતિભા હોય તો તેને પોતાની પ્રતિભા બતાવવા માટે યોગ્ય અવસર મળવો જોઈએ, તેને યોગ્ય પ્રશિક્ષણ (કોચિંગ) મળવું જોઈએ. દરેક બાળક કંઈ સચિન કે વિરાટ કે રોહિત કે અશ્વિન કે હાર્દિક ન બની શકે, પરંતુ ટૅલન્ટને યોગ્ય દિશામાં વાળવામાં આવે તો તેઓ પણ સફળતાના શિખર સુધી પહોંચી શકે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@
bombaysamachar.com

ઝેરમાટ - આલ્પાઇન વરસાદમાં ફોન્ડ્યુ ને હોટ ચોકલેટનો સાથ...

ઝેરમાટ જવા નીકળી તો પડ્યાં હતાં, પણ ત્યાં ટૅશનું ટર્મિનલ પાર્કિંગ પહોંચ્યાં ત્યાં સુધીમાં તો વરસાદે એવું જોર પકડ્યું હતું કે આ ખીણમાં વસેલા રિજનથી કાર પાછી લઈને નીકળી શકીશું કે કેમ એ પ્રશ્ન થવા લાગ્યો હતો. વરસાદમાં પણ સ્વિત્ઝરલેન્ડ તો હતું એટલું જ સુંદર લાગી રહ્યું હતું, પણ ઘણાં અંશે અમને આસપાસના પહાડો તે સમયે તો દેખાતા પણ ન હતા. અહીંથી ગોટાર્ડ બ્હાન લઈને અમે ઝેરમાટ તરફ આગળ વધ્યાં. આ ટ્રેન પહેલાં અમને ઝેરમાટ લઈને જવાની હતી અને ત્યાંથી અમને વેધર સપોર્ટિવ લાગે તો આગળ મેટરહોર્ન સુધી જવા મળવાનું હતું. આમ તો રાત્રે અમારે બ્રિએન્ઝ પાસેના એપાર્ટમેન્ટ પર પાછાં જવાનો પ્લાન અને બૂકિંગ હતાં જ, પણ જો બીજા દિવસનું વેધર ઓપન-અપ થવાનો જરા પણ અણસાર આવે તો અમે ઝેરમાટમાં રોકાઈ જવા પણ તૈયાર હતાં.

ગોટાર્ડ બ્હાનમાં અમારી સાથે ઝેરમાટમાં લાંબું રોકાવાનાં હોય એવી બૅગ્સ લઈને ચઢેલાં ઘણાં ટૂરિસ્ટ હતાં. સ્વિત્ઝરલેન્ડની લોકપ્રિયતા આખા જગતમાં એવી છે કે લોકો અહીં આવવા માટે તો કોઈ પણ સિઝનમાં તૈયાર જ હોય છે. અહીં સમર હાઇક માટે આવ્યાં હોય કે સ્કી માટે, બારે માસ ટૂરિસ્ટની કોઈ કમી નથી હોતી. ઑક્ટોબરમાં તે સમયે તો લક ટ્રાય કરવા જેવું હતું. ક્યારેક આખું અઠવાડિયું કોરું મળી શકે અને ક્યારેક પંદર દિવસ સુધી વાદળો અને વરસાદ ટેક-ઓવર કરી લે. અમે એવા જ અણધારા વરસાદિયા વાતાવરણમાં ઝડપાઈ ગયાં હતાં. જોકે તેને અમે અમારી એડવેન્ચર સ્પિરિટ પર જરાય અસર થવા ન દીધી.

ઝેરમાટનું મેઇન સ્ટેશન આવતાં માંડ ૧૫ મિનિટ થઈ. જોકે તે દરમ્યાન વેલીનાં દૃશ્યો મજેદાર હતાં. વાદળો પહાડ પર આવીને જાણે વસી જ ગયાં હતાં. એક વાર ઝેરમાટ આવી ગયું પછી પણ વરસાદ ચાલુ જ રહ્યો. અમે થોડી વાર સ્ટેશનની બહાર કવર્ડ એરિયામાં ઊભાં રહીને ત્યાં વરસાદ બંધ કે હળવો થાય એની રાહ જોવા લાગ્યાં.

જેવો વરસાદ હળવો થયો કે અમે વિન્ડશિટર્સ અને છત્રીઓના ડબલ પ્રોટેક્શન સાથે શહેરને માણવા નીકળી પડ્યાં. બધે દુકાનો ખુલ્લી હતી અને સ્વિસ ક્વૉલિટી મગજમાં રાખો તો ખરીદી કરવાની ઇચ્છા થઈ આવે તે સ્વાભાવિક છે. સ્વિસ આર્મી નાઇફ તો અમારી પાસે હતું પણ વિક્ટોરિનોક્સનો સ્ટોર એમ જ પાર કઈ રીતે કરી દેવો. ત્યાંથી અમે કિચન માટેનાં ચાકુ લીધાં. હજી આખો દિવસ માત્ર બેકપેક સાથે ચાલવાનું હતું એટલે આવતાની સાથે જ અહીંથી બહુ બધી ખરીદી કરીને ઊંચકીને સાથે ન ચાલવાની ચર્ચા થઈ. સામે એ પ્રશ્ન થયો કે ઘણી વાર એ જ સ્ટોર બંધ થાય તે પહેલાં ત્યાં ફરી આવી નથી શકાતું. અને ઘણાં સ્થળોએ લાગે કે અહીં માત્ર લટાર મારવા આવેલાં પાટેક ફિલિપની ઘડિયાળ ખરીદીને જનારાં લોકો કોણ હોતાં હશે.


ઝેરમાટ નાનકડું ભલે હોય, ત્યાં સ્વિત્ઝરલેન્ડની દરેક ખ્યાતનામ ચીજ મળતી હતી. એક તો ત્યાં બારેમાસ સ્કી કરનારાંઓ આવી શકે છે. એક આખું સબર્બ સ્કી ટૂરિસ્ટને માટે લાંબા સમય માટેનાં એપાર્ટમેન્ટથી ખીચોખીચ ભરેલું હતું. બીજી તરફ ત્યાં લેડરાખ ચોકલેટ્સ અને બાયર્ડ સ્પોર્ટ્સ સ્ટોર વચ્ચે લાકડાની હેવી ઇમારતો વચ્ચે અમે ગામનું રાઉન્ડ મારીને પછી મેટરહોર્નનો વ્યૂ જોવા માટે એક નાનકડી હાઇક કરવાનાં હતાં. હાઇક માટે વરસાદ બંધ થવો જરૂરી હતો. પંદરમી અને સોળમી સદીનાં ઘરો વચ્ચે ત્યાં દરેક ગલીના અંતે પહાડો પર મકાનોની લેયરિંગ જોઈને યાદ હતું કે આ આખો દેશ જ ફોટોજેનિક છે.

વચ્ચે થોડો ટાઇમપાસ કરવા અમે કાફે ફુક્સમાં ઘૂસી ગયાં. અહીં ઠંડીથી થોડી રાહત મળી, સારી જગ્યા મળી, હવે ગરમા ગરમ કોફી, હોટ ચોકલેટ, થોડો સૂપ, થોડું ચીઝ ફોન્ડ્યુ, અમે ચારેય થોડા સમય માટે સ્વિસ ક્વિઝિનની મજા લેવામાં વ્યસ્ત થઈ ગયાં. જ્યારથી ટૅશમાં કાર મૂકી હતી ત્યારથી જરા શાંતિથી બેસવાનો મોકો અહીં મળ્યો હતો. આ ફુક્સ કાફે પણ અહીં છેક ૧૯૬૦માં બનેલું. તે સમયે અહીં સામાન લાવવાનું પણ સરળ ન હતું. ટૅશનું પાર્કિંગ બન્યા પછી મેટરહોર્નમાં માત્ર સ્પેશિયલ પરમિટવાળાં ઇલેક્ટ્રિક વાહનો જ અલાઉડ છે. આ કાફે અને બેકરીને સ્વિસ બેકરી એવોર્ડ પણ મળી ચૂક્યો છે અને તેની થોડી બ્રાન્ચ પણ ખૂલી ચૂકી છે. એવામાં અમે તો ત્યાં ઘણો યાદગાર સમય વિતાવ્યો. એક વાર બેઠાં પછી તો ભૂલી પણ ગયાં કે અમે ત્યાં વરસાદ બંધ થાય ત્યાં સુધી જ બેસવાનું ઇચ્છતાં હતાં. ખરું જોવા જાઓ તો ટ્રાવેલમાં આ જ મજા હોય છે. બાકી જોવાલાયક સ્થળોનું લિસ્ટ તો હવે વર્ચ્યુઅલી ગમે ત્યારે જોવા મળી જાય છે. બધાં એક જ સરખા ફોટા પાડે છે અને એક જ સરખા રીલ્સ બનાવે છે. પર્સનલ અનુભવો સિવાય યાદગીરી માટે આખી દુનિયા એક સરખાં દૃશ્યોનાં ફોટા લઈને જ ઘરે જાય છે.

અમારી વાતોમાં વરસાદ ધીમે ધીમે સાવ બંધ થઈ રહ્યો હતો. જોકે તેમાં મેટરહોર્નની આગળથી વાદળો હટી જશે તેની કોઈ ગૅરેન્ટી ન હતી. પણ તે સમયે તો અમે વરસાદ બંધ થઈ જવામાં જ ખુશ હતાં. હજી મોટી હાઇક શરૂ કરીએ તે પહેલાં ગોર્નર ગોર્જની એક નાનકડી ટેસ્ટ હાઇક કરવા જવું હતું, પણ ઑક્ટોબર શરૂ થતાં જ ગોર્જનો રસ્તો બંધ થઈ જાય છે. આલ્પાઇન ગોર્જ માત્ર સ્પ્રિંગ અને સમરમાં જ ખુલ્લાં હોય છે. એટલે અમે ત્યાંનાં લેક્સ તરફ ચક્કર મારીને મજા કરી જોઈ. હવે લાંબી હાઇક માટે અમે સજ્જ હતાં. બસ મેટરહોર્નની આગળથી વાદળ ખસવાની રાહ જોવાઈ રહી હતી. ■









એક નજર ઈધર ભી

કામિની શ્રોફ
feedback@
bombaysamachar.com

ગો ડચ... રહેવાસીઓની ખુશખુશાલ ખાસિયત

નેધરલૅન્ડ્સ 'વર્લ્ડ હેપ્પીનેસ' ઇન્ડેક્સમાં સાતમા ક્રમે બિરાજે છે

'વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ ૨૦૨૬' અનુસાર ૭.૨૨૩ ઇન્ડેક્સ સાથે નેધરલૅન્ડ્સ સાતમા ક્રમે છે. ૭.૭૬૪ ઇન્ડેક્સ સાથે ફિનલૅન્ડ પહેલા ક્રમે છે. આર્થિક સમૃદ્ધિથી છલકાતું યુએસએ ૬.૮૧૬ ઇન્ડેક્સ સાથે ૨૩મા ક્રમે છે. એકંદરે ડચ લોકો માનસિક રીતે ખૂબ જ ખુશખુશાલ છે અને રહે પણ છે. જોકે ફરિયાદ કરવી તેમને ખૂબ ગમે છે, પણ આ ફરિયાદ ગંભીરતાથી નથી કરતા. તેમના માટે ખરાબ હવામાન, મોડી પડતી ટ્રેનો કે મોંઘવારી વિશે ફરિયાદ કરવી એ એકબીજા સાથે વાતચીત કરી હળવા થવાનો સૌથી આસાન રસ્તો છે. એમને આ ફરિયાદનો ઉકેલ મેળવવાની કોઈ તાલાવેલી નથી હોતી. બસ ગપાટાં મારવા-ટાઇમ પાસ આવી વાતો કરતા હોય છે.



હેપ્પીનેસ ઇન્ડેક્સમાં નેધરલૅન્ડ્સ સાતમા ક્રમે છે.



ગો ડચઃ એક જ ટેબલ પર સાથે બેઠેલાઓએ પોતપોતાનું બિલ ચૂકવવાનું.

ગો ડચ

આ શબ્દપ્રયોગ નેધરલૅન્ડ્સમાં સૌથી વધુ પ્રચલિત છે અને એમાં ડચ એટલે કે નેધરલૅન્ડ્સના નિવાસીઓનો ઉલ્લેખ આવે છે એ ખરું, પણ એનો ઉગમ ડચ પ્રદેશમાં નહીં, પણ ૧૭મી સદીમાં એંગ્લો-ડચ યુદ્ધ દરમિયાન ઇંગ્લૅન્ડમાં થયો હોવાનું એક સ્થાનિક વ્યક્તિએ જણાવ્યું હતું. ઇંગ્લૅન્ડ અને નેધરલૅન્ડ્સ વચ્ચે આ યુદ્ધ વેપાર અને સમુદ્ર પર વર્ચસ મેળવવા થયું હતું. એ વખતે અંગ્રેજોએ દુશ્મન ડચ લોકો વિરુદ્ધ ઘણા અપમાનાસ્પદ શબ્દપ્રયોગો બનાવ્યા હતા. એમાંનો એક પ્રયોગ હતો કે ડચ લોકો 'કંજૂસ' છે. પોતપોતાનો હિસાબ રાખવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. ૧૯મી સદીના અંત ભાગમાં અમેરિકામાં Dutch treat શબ્દ ચલણમાં આવ્યો જેનો અર્થ એવો થતો કે કોઈ તમને જમવા લઈ જાય પણ તમારે તમારું બિલ તમારે પોતે ચૂકવી દેવાનું. વીસમી સદીના બીજા દાયકામાં આના પરથી Go Dutch શબ્દપ્રયોગ લોકપ્રિય બન્યો. આજની તારીખમાં પણ નેધરલૅન્ડ્સમાં મિત્રો કે જૂથમાં જમતી વખતે બિલ સરખે ભાગે વહેંચવું અથવા પોતપોતાના ઑર્ડર મુજબ ચૂકવવું એ ખૂબ જ સામાન્ય અને સામાન્ય શિષ્ટાચાર ગણાય છે. ટૂંકમાં બે કે એથી વધુ લોકો જમવા રેસ્ટોરાંમાં ગયા હોય તો દરેક વ્યક્તિએ પોતે પેટમાં પધરાવેલી આઇટમના પૈસા ચૂકવી દેવાના. ડચ યંગસ્ટર્સ હોય તો વેઇટર પૂછ્યા વિના વ્યક્તિ એટલા બિલ ટેબલ પર મૂકી દે એ અમે નજરે જોયું. શિષ્ટાચારમાં અવ્વલ ગણાતા ડચ લોકો સાથે જમી અલગ અલગ બિલ ચૂકવી અલગ અલગ ટિપ પણ આપતા જોયા.નેધરલૅન્ડ્સના લોકો આને કંજૂસાઈ નથી ગણાતા, પરંતુ સમાનતા, વ્યવહારિકતા અને આર્થિક સ્વતંત્રતાનું પ્રતીક માને છે.અમારા ચહેરા પર તાજ્જુબીના ભાવ જોઈ સાથે આવેલા એક ભાઈએ જાપાનના શિષ્ટાચારની વાત કરી. એ પોતે જાપાન ફરી આવ્યા હતા. તેમના કહેવા અનુસાર જાપાનમાં પણ Warikan નામની પદ્ધતિ પ્રચલિત છે. અહીં પણ બિલને સરખે ભાગે વહેંચવાની પ્રથા છે જે 'ગો ડચ' નું જેપનીઝ સ્વરૂપ કહી શકાય. એક ફરક એ છે કે આ પદ્ધતિમાં કુલ બિલને ગ્રુપમાં હાજર રહેલા લોકોની કુલ સંખ્યા વડે ભાગી નાખવામાં આવે છે. દરેક વ્યક્તિ, પછી ભલે તેને ઓછું ખાધું હોય કે વધારે, સરખી જ રકમ ચૂકવે છે. નેધરલૅન્ડ્સમાં જેટલું ખાધું એટલું બિલ એ પ્રથા છે.

આખાબોલા

સંબંધો સાચવવાની કળામાં પાવરધા ગુજરાતીઓ કડવી વાતો આકરા શબ્દોમાં કહેવાને બદલે થોડી નરમાશથી કહે છે. સામેની વ્યક્તિને ખોટું ન લાગે તે રીતે પોતાની વાત ખૂબ જ વિનમ્રતાથી, મીઠાસ અને યુક્તિપૂર્વક રજૂ કરવામાં હોશિયાર હોય છે. આ અભિગમને કેટલાક લોકો ગોળગોળ વાત કરવાની આદત સમજી બેસે છે. હા, ગુજરાતીઓને વાતમાં મોણ નાખી બોલવાની આદત હોય છે ખરી. આ ગુજરાતીઓ જો નેધરલૅન્ડ્સ જાય અને ડચ લોકો સાથે નિયમિત વાર્તાલાપ કરવાનું આવે તો શું થાય એ સમજવા માટે ડચ લોકની વાતચીતની શૈલી સમજવી જોઈએ. નેધરલૅન્ડ્સના રોકાણ દરમિયાન મુખ્યત્વે ભારતીય લોકોને મળવાનું થયું, પણ ડચ લોકોને પ્રસંગોપાત મળવાની તક મળી એ વખતે એમના આખાબોલા સ્વભાવનો પરિચય થયો.

ડચ લોકોને ગોળગોળ વાત કરવી મુદ્દલ પસંદ નથી. મનમાં-દિલમાં હોય એ જ હોઠ પર આવી વાણીમાં અવતરે. જો એમના સ્વભાવની ખાસિયત ન જાણતા હો તો એમની વાત અત્યંત અપમાનાસ્પદ લાગી શકે એ હદે એ લોકો આખાબોલા હોય છે. એમના સ્વભાવની આ ખાસિયતને નહીં ઓળખતા વિદેશીઓને ડચ લોકો અસભ્ય કે તોછડા લાગી શકે. એક પાર્ટીમાં અમને એનો અનુભવ થયો. યજમાન દંપતીને ત્યાં આયોજિત એક ગેટ ટુ ગેધરમાં ભારતીય મિત્રો સાથે ડચ લોકોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. ડચ ફ્રેન્ડને સજોડે આવવાનું આમંત્રણ હોવા છતાં એ એકલો આવ્યો હતો. એટલે સહજ ભાવે 'કેમ એકલા?' એવો સવાલ થયો. ડચ ભાઈ શબ્દો ચોર્યા વિના ચહેરા પર સ્મિત સાથે સ્પષ્ટ ખુલાસો કર્યો : She hates such get togethers. (એને આવા મેળાવડા જરાય નથી ગમતા) અને પછી ઘરમાં નજર દોડાવી બોલ્યો કે Your curtains are awful. Please change them. (તમારા ઘરના પડદા ભંગાર છે. એને પ્લીઝ બદલી નાખો). આટલું કહી શેકહૅન્ડ કરી અન્ય લોકોને મળવા આગળ વધ્યો. એની પ્રતિક્રિયાની યજમાન પર શી અસર થઈ એની એને કોઈ દરકાર જ નહોતી. અમે બંને ચોંકી ગયા, પણ ડચ લોકોને સુપેરે ઓળખતા અમારા યજમાને કહ્યું આ બધું નૉર્મલ છે.

સમયની શિસ્ત

ડચ લોકોના સમયની શિસ્તના કડક આગ્રહી. ડચ લોકોને મળવાનું હોય ત્યારે નક્કી કરેલા સમયે જ પહોંચાય એની તકેદારી રાખવાની. કોઈ સમય કરતાં વહેલું આવે કે મોડું, એમને ગમતું નથી. 'યુ આર લેટ' એવું મોઢે ચોપડી પણ દે. બીજી એક ખાસ વાત ધ્યાનમાં રાખવી કે ડચ લોકોને વણબોલાવ્યા લોકોની હાજરી જરાય પસંદ નથી. 'ફલાણે દિવસે અમુક સમયે અમે આવીશું ' અને એનો 'ઓકે' જવાબ ન મળ્યો હોય તો ટપકી નહીં પાડવાનું. 'આ તો તમારું ઘર રસ્તામાં આવતું હતું એટલે થયું કે કેમ છો કેમ નહીં પૂછતો જઉં... બહુ દિવસથી આપણો ભેટો નથી થયો એટલે રહેવાયું નહીં...' જેવું તો ભૂલેચૂકે ન કરવું. નક્કી ન થયું હોવા છતાં તાત્કાલિક મળવું જ પડે એમ હોય તો પહેલાં ફોન કરવાનો અને આગમનની જાણકારી આગોતરી આપી દેવાની. ડચ પીપલ હૅન્ડશેકની બાબતમાં પણ ચોકસાઈનો આગ્રહ રાખતા હોય છે. જમણા હાથે જ હસ્તધૂનન કરવાનું. ડાબા હાથે કરશો તો હાથ નહીં મિલાવે. હાથ મિલાવ્યા પછી હાથમાં હાથ ઝાલી વાત કરતા નહીં રહેવાનું. સામેવાળાને આ રીતે બાંધી નહીં રાખવાના... હથેળી તરત છોડી દેવાની. ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@
bombaysamachar.com

મને શાંતિ પુરસ્કાર નહીં મળે તો 'જોયા જેવી' થશે!

ને એ મને મળી પણ ગયો!



સોસાયટીના ક્લબ હાઉસમાં વાતાવરણ એટલું તનાવગ્રસ્ત હતું કે વગર એસીએ પણ ચારેય બાજુ બરફ જામી ગયો હોય તેવો સન્નાટો પડી ગયો હતો. મે મહિનાના બળબળતા ઉનાળામાં પણ કમિટીના સભ્યો અંદરથી બારણું બંધ કરીને એકબીજાને ધ્રૂજતા ધ્રૂજતા કહી રહ્યા હતા, 'આ તો... આ તો એસીની ઠંડીને કારણે શરીરમાં સહેજ ધ્રુજારી છે, બાકી આપણને કોઈના બાપનીય ચિંતા નથી!' પણ ખરી વાત એ હતી કે ક્લબ હાઉસમાં એસી તો ચાલુ જ નહોતું!

આ ધ્રુજારીનું અસલી કારણ ટેબલ પર પડેલો ટપુ ડગલીનો મિસાઈલ જેવો ધમકીભર્યો લેટર હતો.

લેટરમાં ટપુએ કડક શબ્દોમાં લખ્યું હતું: 'કમિટીના અબુધ સભ્યો જોગ... આ વખતે સોસાયટીનો 'શાંતિ પુરસ્કાર' મને જ મળવો જોઈએ. જો આ પુરસ્કાર બીજા કોઈને આપવાની ભૂલ કરી છે, તો હું મારા મૂળ સ્વભાવ પર આવી જઈશ! તમને બધાને ખબર છે કે મેં આ સોસાયટીમાં કેટલા સમાધાન કરાવ્યા છે!'

ટપુની દહેશતથી જ સોસાયટીના મોટા મોટા જ્વાળામુખીઓ સુષુપ્ત થઈને પડ્યા રહેતા હતા. દેખાવમાં ટપુ એકદમ 'ચોકલેટી' અને ગલુડિયા જેવો નિર્દોષ લાગતો હતો, પણ બાવડાનો પૂરો બળિયો હતો. એનાથીય ખતરનાક એનો સ્વભાવ હતો. અસલ 'સળીબાજ'! સોસાયટીમાં ક્યાંય શાંતિ ચાલતી હોય તો ટપુ ત્યાં જઈને 'શાંતિનો પાયો' હચમચાવી આવતો. ઝઘડો ચાલુ કરાવી અને પછી સમાધાનમાં જતો.

કમિટીના પ્રમુખ મેનનભાઈએ પરસેવો લૂછતાં કહ્યું, 'આ ઘોઘર બિલાડાના ગળે ઘંટ કોણ બાંધશે? ટપુને શાંતિ પુરસ્કાર ના આપીએ તો એ આખી સોસાયટીમાં અશાંતિનો દાવાનળ સળગાવી દેશે અને જો એને શાંતિ પુરસ્કાર આપીએ તો 'શાંતિ' શબ્દ પોતે આત્મહત્યા કરી લેશે!'

મંત્રી જયેન્દ્રભાઈએ ચશ્માંના કાચ સાફ કરતાં ઉમેર્યું, 'સાચી વાત છે. ગયા મહિને જ પ્લોટ નંબર ૪ અને ૫ વચ્ચે કચરાની ડોલ અંગે ભયાનક યુદ્ધ જામ્યું હતું. ટપુએ વચ્ચે પડીને એવું 'સમાધાન' કરાવ્યું કે આજે બંને પ્લોટવાળા પોતાના ઘરનો કચરો ઉપરાંત ટપુના ઘરનો કચરો સોસાયટીની ડસ્ટબીનમાં નાખે છે.'

સોસાયટીનો વાર્ષિક ઉત્સવ નજીક હતો. દર વર્ષે સોસાયટીમાં એવોર્ડ નાઈટ યોજાતી. પણ આ વખતે ટપુ ડગલીના આ 'મિસાઈલ લેટર'થી કમિટીના પાંચેય સભ્યોની રાતોની ઊંઘ ઊડી ગઈ હતી.

ટપુની દાદાગીરીના કિસ્સા તો આખી સોસાયટીમાં પ્રખ્યાત (ના, કુખ્યાત !) હતા. એકવાર સોસાયટીના ગાર્ડનમાં બે કૂતરાં ભસતાં હતાં, તો ટપુએ જઈને કૂતરાઓને એવી ત્રાડ પાડી કે કૂતરાઓએ પણ ભસવાનું મૂકીને ૬ મહિના મૌન વ્રત લઈ લીધું હતું.

દિવાળીમાં ફટાકડા ફોડવા અંગે જ્યારે બે શેરી વચ્ચે વિવાદ થયો, ત્યારે ટપુએ વચ્ચે પડીને આખી સોસાયટીના ફટાકડા પોતે જ ફોડી નાખ્યા અને કહ્યું, 'લો, હવે કોઈ ઝઘડો જ નહિ!' આનું નામ ટપુનું 'સમાધાન'!

ક્લબ હાઉસમાં મીટિંગ આગળ વધી. ખૂણામાં બેઠેલા ચુનિયાએ હળવેથી કહ્યું, 'સાહેબ, એક કામ કરીએ. ટપુને શાંતિ પુરસ્કાર આપી જ દઈએ. બાકીનું બધું મારી પર છોડી દો.'

એક જ સૂરમાં કમિટીએ હા પાડી. જાન બચી તો લાખો પાયે! જો એને પુરસ્કાર નહીં મળે તો એ ક્લબ હાઉસની કાચની બારીઓ તોડશે, વોટર કૂલરમાં ગટરનું પાણી ભેળવી દેશે અને રાત્રે બે વાગે માઈક પર ભજનો ગાશે!'

'પણ સંવિધાન શું કહે છે?' પ્રમુખે ચિંતા વ્યક્ત કરી : 'શાંતિ પુરસ્કારના નીતિ-નિયમો તો જુઓ! આપણે કઈ રીતે ટપુને આ એવોર્ડ આપી શકીએ?'

પરંતુ ચુનિયાએ બાજી સંભાળી સૌને બ્લડપ્રેશર ઊંચું લાવવા લીંબુ શરબત પાયું.

ટપુની 'જોયા જેવી થશે' વાળી ધમકીથી કમિટીના સભ્યોના હાથ-પગ ધ્રૂજતા હતા. એવોર્ડ નાઈટના દિવસે આખી સોસાયટી એકઠી થઈ હતી. ટપુ ડગલી આગળની રોમાં સ્ટેજ તરફ મોં રાખીને, છાતી ફુલાવીને, ગોગલ્સ ચડાવીને બેઠો હતો. એના ચહેરા પર સ્પષ્ટ લખ્યું હતું 'આજે તો એવોર્ડ મારો જ છે, ને જો નહીં હોય તો સ્ટેજ ઊંધું વાળી દઈશ!'

મંચ પરથી પ્રમુખ મનનભાઈએ માઈક સંભાળ્યું. એમનો અવાજ ધ્રૂજી રહ્યો હતો :

'આદરણીય શેરી મિત્રો... હવે સમય આવી ગયો છે આપણા વર્ષના સૌથી મહાન એવોર્ડ એટલે કે 'શાંતિ પુરસ્કાર'ની જાહેરાત કરવાનો. આ વર્ષે આ એવોર્ડ માટે કમિટીએ ખૂબ જ ગંભીર વિચારણા કરી છે. અને આ વર્ષનો 'શાંતિ પુરસ્કાર' જાય છે... શ્રી ટપુ ડગલીને!'

તાળીઓનો ગડગડાટ થયો, જેમાં ખુશી ઓછી અને ટપુનો ડર વધારે હતો! ટપુ ડગલી એકદમ વટથી, જાણે ઓસ્કાર જીત્યો હોય તેમ છાતી ઠોકીને સ્ટેજ પર ચઢ્યો. પ્રમુખે ધ્રૂજતા હાથે ટપુના હાથમાં સોનેરી ચમકતી ટ્રોફી અને પ્રશસ્તિપત્ર સોંપ્યા.

ટપુએ માઈક આંચકી લીધું અને વિજયી હાસ્ય સાથે બોલ્યો, 'ધન્યવાદ! ધન્યવાદ કમિટીના ડાહ્યા સભ્યોનો! મને ખબર જ હતી કે મારી શાંતિ સ્થાપવાની કળાની તમારે કદર કરવી જ પડશે. મેં આ સોસાયટીમાં જે શાંતિ સ્થાપી છે, એ બદલ આ શાંતિ પુરસ્કાર પર મારો જ હક હતો.'

આખી વાતમાં ચુનિયો શાંતિથી બેઠો હતો. હળવેકથી ઊભો થઈ અને ટપુના હાથમાંથી એવોર્ડ લઈ, ટપુના ખભ્ભા પર હાથ મૂકી અને કહ્યું:

'હવે હું આ એવોર્ડ પર લખેલું લખાણ મોટેથી વાંચીને તમને સંભળાવું છું, જેથી તમને ખબર પડે કે 'શાંતિ' કોને કહેવાય!'

ચુનિયાએ ચશ્માં ચડાવ્યા અને ટ્રોફી પર નીચે નાના અક્ષરે કોતરેલું લખાણ મોટેથી વાંચવાનું શરૂ કર્યું. જેમ જેમ એ વાંચતો ગયો, તેમ તેમ ટપુનો ચહેરાનો 'ચોકલેટી' રંગ ઊડીને ફિક્કો પડવા લાગ્યો અને કાનમાંથી ધુમાડા નીકળવા લાગ્યા!

ટ્રોફી પર લખેલું હતું: 'શ્રી શાંતિભાઈ અને શાંતિબેનનાં સ્મરણાર્થે નાનકડો શાંતિ એવોર્ડ.'

આ એવોર્ડ આપણી સોસાયટીના દિવંગત શાંતિભાઈ અને શાંતિબેનની યાદમાં દર વર્ષે એવા સાવ મૃદુભાષી અને ગરીબડા સભ્યને આપવામાં આવે છે કે જે, સ્વભાવે સાવ શાંત અને પાપભીરુ હોય.

પોતાની પત્ની સામે જિંદગીમાં ક્યારેય એક શબ્દ પણ બોલ્યા ન હોય અને કાયમ 'હા જી હા' કરતા હોય.

પાડોશી ગમે તેટલો કચરો નાખી જાય તો પણ ક્યારેય ઊંચો અવાજ કરીને બોલ્યા ન હોય. મિત્રવર્તુળમાં કાયમ પોતે ઘસાયા હોય અને બીજાનું ભલું કરવા માટે સતત પોતાનું અપમાન સહન કરી જતું કરવાની ભાવના રાખતા હોય.

સમાજમાં અને સોસાયટીમાં કાયમ નમીને, હાથ જોડીને અને બી ને રહેતા હોય. આવા સો ટકા 'ગાય જેવા' અને અહિંસક ભલા માણસ તરીકે આ વર્ષે શ્રી ટપુ ડગલીની પસંદગી કરતાં અમને અત્યંત હર્ષ થાય છે!'

આટલું વંચાઈ રહ્યા પછી આખી સોસાયટીમાં ક્ષણભર માટે સન્નાટો છવાઈ ગયો અને પછી એવો ભયાનક હાસ્યનો વિસ્ફોટ થયો કે ક્લબ હાઉસના પતરાં ધ્રૂજી ગયા!

જે ટપુ પોતાની દાદાગીરીના જોરે 'શાંતિ પુરસ્કાર' છીનવી લેવા આવ્યો હતો, તે જ ટપુ આખી સોસાયટી સમક્ષ સત્તાવાર રીતે 'પોતાની પત્નીથી બી નારો, પાડોશીઓ સામે નમીને રહેનારો અને સાવ ગાય જેવો ગરીબડો માણસ' જાહેર થઈ ચૂક્યો હતો!

ટપુએ કમિટી સામે જોયું. કમિટીના સભ્યો હવે ધ્રૂજતા નહોતા, પણ મનોમન હાસ્ય રેલાવી રહ્યા હતા. ચુનિયાએ પેલો એવોર્ડની ટ્રોફી ફરી ટપુ ડગલીના હાથમાં પકડાવી દીધી. ટ્રોફી હાથમાં પકડીને એવા મોઢે ઊભો હતો જાણે એના મોઢામાં કોઈએ કારેલું ઠાંસી દીધું હોય! એણે કમિટીને ધમકી તો આપી હતી કે 'શાંતિ પુરસ્કાર ના મળે તો જોયા જેવી થશે', પણ એવોર્ડ લીધા પછી જે 'જોયા જેવી' એની પોતાની થઈ હતી, એવી તો આખી સોસાયટીના ઇતિહાસમાં ક્યારેય કોઈની થઈ નહોતી! એના મનમાં તો થયું કે 'ગાંધી ચિંધ્યા માર્ગે હિંસક આંદોલન કરું.' પરંતુ સોસાયટીના બધા સભ્યો આવી અને અભિનંદન પાઠવવા લાગ્યા અને મનની મનમાં રહી ગઈ. ■

વિચારવાયુ

મેં આઠ યુદ્ધ શાંત કરાવ્યા છે મને શાંતિનો નોબેલ પુરસ્કાર આપો..: દામભાઈ ટ્રમ્પેન્દ્ર

તા. ક.

મેં ૨૫ નવાં યુદ્ધ ચાલુ પણ કરાવ્યા છે તે આ તકે કમિટીએ બંધ બારણે નોંધ લેવી.

સિક્કાની ત્રીજી બાજુ

જયવંત પંડ્યા
feedback@
bombaysamachar.com

એક નવો ટ્રેન્ડઃ ચાલો, ભૂતકાળમાં પાછા જઈએ

યુરોપના 'મિલેનિયલ્સ' અને 'જેન- ઝી' માં અત્યારે નોનામેક્સિંગ (Nonnamaxxing) અને ગ્રાન્ડમાકોર (Grandmacore) તથા ગ્રાન્ડમા ટુરિઝમના ટ્રેન્ડ પ્રચલિત થઈ રહ્યા છે. ઇટાલીમાં નોના એટલે નાની. દાદી-નાની પ્રત્યે જેન-ઝી આકર્ષિત થઈ રહી છે.



કેટલીક વાર કોઈ ઘટના બને ત્યારે કંઈક સ્ફૂરણા લેખક તરીકે થતી હોય છે અને પછી તે સ્ફૂરણા સાચી પડે ત્યારે આનંદ થતો હોય છે કે શબ્દ એ કોઈ વ્યર્થ બાબત નથી. તેના પડઘા બ્રહ્માંડ ઝીલે છે ખરું. જ્યારે ગત સપ્ટેમ્બરમાં '૮૦ના લુકનો ટ્રેન્ડ AI (આર્ટિ ફિશ્યલ ઇન્ટેલિજન્સ)ના કારણે પ્રચલિત થયો અને રાજકારણીઓ સહિત લોકોએ આ ટ્રેન્ડ પ્રમાણે ૮૦માં ભારતમાં માણસો કેવાં કપડાં પહેરતાં હતાં- કેવા ઘર હતાં- કેવી સાઇકલ કે સ્કૂટર હતાં- તેની સાથે પોતાની તસવીરો સાનંદ મૂકી ત્યારે આ લેખકે અન્યત્ર લખ્યું હતું કે '૮૦નો લૂક જ નહીં, ત્યારના જીવનની અનેક સારી વાત ફરી અજમાવવા-અપનાવવા જેવી છે અને હવે જાણવા મળ્યું કે લો આ ટ્રેન્ડ પણ શરૂ થઈ ગયો છે. અને આ ટ્રેન્ડનું નામ છે Nonnamaxxing. ભારતમાં માતાની માતાને નાની કહે છે અને આ જ પ્રકારનો શબ્દ છે નોના. Nonna. નાનીઓ કેવી રીતે જીવતી હતી તેવી રીતે ચાલો, આપણે પણ જીવીએ. આવો ટ્રેન્ડ ધીમેધીમે નવી પેઢી, જેને આજકાલ 'જેન-ઝી' કહે છે, તેમાં પ્રચલિત થઈ રહ્યો છે.

યુરોપમાં સૌથી લાંબું જીવનારા લોકોની રીતે સૌથી મોખરે ઇટાલી અને સ્વીડન છે. બંને દેશમાં માણસ સરેરાશ ૮૪ વર્ષ જીવે છે. આપણા ભારતમાં ૭૧ વર્ષ છે. ઇટાલીમાં સદી વટાવી ચૂકેલા લોકોની સંખ્યા પણ વધી રહી છે. બ્લુ ઝોન એટલે જ્યાં સદી વટાવી ચૂકેલા લોકો એ જ ઉત્સાહ અને આનંદ સાથે જીવન જીવતા હોય. વિશ્વમાં પાંચ આવા બ્લુ ઝોન છે. તેમાંથી એક સર્દિનિયા ઇટાલીમાં આવેલો ટાપુ છે જ્યાં આવા ગલઢાઓ મસ્તીથી જીવે છે. તે બધા ઘરમાં રાંધેલું જ જમે છે, કૉનનાં ગાઉન પહેરે છે, મિત્રો સાથે સમય વિતાવે છે.

બસ, આ જ રીતે જીવવું એટલે 'નોનામેક્સિંગ'. તમને જેમની સાથે ગમે પછી તે તમારા જૂના મિત્રો હોય કે તમારા કોઈ ઓળખીતા-પાળખીતા, તેની સાથે તમે સમય વિતાવો. ટૂંકમાં જલસા કરો, જેંતાલાલ ! ઘરમાં ઉગેલું તમે રાંધો અને હા, ખાવ પણ ખરા. જીવનની ગતિ ધીમી કરો. બહુ ભાગી લીધું કારકિર્દી પાછળ, શોખ પાછળ. હા, શોખ પાછળ પણ ઘણા ભાગતા હોય છે. સંગીતની કૉન્સર્ટમાં જતા હોય છે. તેના પાસ કે નવરાત્રિના પાસ પાછળ ભાગતા હોય છે. સેલિબ્રિટી આવે ત્યારે ભીડમાં જઈ ચડે અને પછી ભીડનો થાક લાગી જાય. ફોન, મેકઅપ, શર્ટ-પૅન્ટ ઇત્યાદિ કપડાં, દુનિયાને દેખાડવા અમુક-અમુક મહિને કાર લઈને પ્રવાસ.. આ બધું સંતોષ કરતાં દુઃખ વધુ આપે છે. આપણા પૂર્વજોની વાત છોડો, આપણાં માતા-પિતા ક્યાં દર વર્ષે ફરવાં જતાં હતાં તોય તેમનામાં કેટલી સકારાત્મકતા હતી. તેમને કોઈ મોટિવેશનલ સ્પીકરના પ્રવચન સાંભળવા ટિકિટ લઈને જવું નહોતું પડતું. તેમને એન્ટી ડિપ્રેશન મેડિસિન લેવી પડતી નહોતી. તેમની દિનચર્યા એકધારી (મોનોટોનસ) હોવા છતાં તે આનંદથી દરેક કામ કરતા હતા. કોઈ ફરિયાદ નહોતી. પિતા એક જ કંપની કે સરકારી કચેરીમાં એક જ જગ્યાએ આખી જિંદગી નોકરી કરતા. પગપાળા, સાઇકલ લઈને કે ટ્રેનમાં જતા-આવતા. માતા એક જ રસોડામાં સવારે અને સાંજે ગરમીમાં શેકાઈને રસોઈ કરતી, પરંતુ કોઈ ફરિયાદ નહોતી.

એમના જમાનામાં ફિલ્મો જોવાનું દર શુક્રવારે નહોતું થતું. ટીવી પર ફિલ્મ તો શનિ-રવિએ જ આવતી હતી. તે પણ ટીવી ઘરમાં હોય તો જોઈ શકાતું હતું. મનોરંજનનું સૌથી સુલભ સાધન હોય તો રેડિયો પર આવતાં ગીતો. વાંચવા માટે આઠ પાનાંનું એક છાપું જ હતું. દૂરદર્શન પર માત્ર રાતના સાતથી અગિયાર જ કાર્યક્રમો આવતા, પરંતુ આ જિંદગીમાં મન ખુશ રાખે એવી શાંતિ હતી.

આ જ શાંતિ હવે મેળવવા માગે છે નવી પેઢી. તેને જ કહે છે 'નોનામેક્સિંગ' અને બીજો આવો જ ટ્રેન્ડ એટલે 'ગ્રાન્ડમાકોર'. ગ્રાન્ડમાકોર એટલે દાદી-નાની જે કરતાં કે તે કરવાનો ટ્રેન્ડ. દાદી અને નાની ભરતગૂંથણ કરતાં તો તે કરવું, છોડ-ઝાડને પાણી પાવું, રાંધવું. ઉદાહરણ તરીકે 'યુએસ ટુડે' નામના દૈનિકને એક ગૃહિણી હાનાહ આર્નોલ્ડે કહ્યું, તમારા જીવનને થોડું ધીમે પાડો. મને લાગે છે કે મિલેનિયલ્સ અને જેન-ઝી એવું હવે માનવા લાગ્યા છે કે તે બધા હવે માત્ર કામ, કામ અને કામ કરવા નથી માગતા. તે શોખ પણ પૂરા કરવા માગે છે.

આ ઉપરાંત 'ગ્રાન્ડમા ટુરિઝમ' તરફ પણ પશ્ચિમની નવી પેઢી ઝૂકી રહી છે. ભારતમાં દાદા-દાદી હવે સાથે રહેતાં નથી. તેમની પાસે બેસવું, વાતો કરવી, તેમની વાતો ધીરજપૂર્વક સાંભળવી નવી પેઢીને ગમતી નથી તો ગ્રાન્ડમા ટુરિઝમની વાત ક્યાંથી આવે? જોકે વિદેશની પેઢી હવે માનતી થઈ છે કે દાદી-નાની ખૂબ જ પ્રેમથી શીખવે છે. જ્યારે અનિવાર્ય હોય ત્યારે કડક પણ થાય છે, જ્યારે આપણે ભૂલ કરીએ ત્યારે ખીજાય છે અને સારા કામ માટે પ્રોત્સાહિત કરે છે. ગ્રાન્ડમા ટુરિઝમમાં ઘણી વાર સ્થાનિક ઘરડી સ્ત્રી સાથે પણ યુવાનો ફરે છે.

બેએક વર્ષ પહેલાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'મન કી બાત'માં યુવાનોને એક પ્રેરણા આપી હતી કે તમારાં દાદા-દાદી પાસે બેસો. તેમનો વીડિયો કે ઑડિયો ઇન્ટરવ્યૂ લો. તેમના સમયમાં તેમણે સંઘર્ષમાંથી કેવી રીતે માર્ગ કાઢ્યો, તેમની પાસે દાદીમાના ઓસડિયાં, પોતાના ઘરની પરંપરા, વંશવેલો,જેવો જ્ઞાનનો ખજાનો છે તેને આ રીતે ડૉક્યુમેન્ટ કરો.

જોકે વડા પ્રધાનની 'મન કી બાત'ની આ વાત લોકોએ કાને ધરી નહીં હોય, કારણ કે ભારતમાં અત્યારે જેન-ઝી નાઇટ લાઇફ, લિવ ઇન રિલેશન ઇત્યાદિ પશ્ચિમી ટ્રેન્ડ તરફ ઢળેલી છે, જ્યારે પશ્ચિમમાં હવે નોનામેક્સિંગ અને ગ્રાન્ડમાકોર તરફ ઝૂકાવ છે. ■

ઓર એ મોસમ હસીં

કેટલાક મેસેજ આપણે ક્યારેય કેમ ડિલીટ કરતા નથી...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com



ફોનમાં હજારો મેસેજ હોય છે. કામના બૅન્કના - અનેક Good Morning- ને સાથે ઑફર્સ અને OTPના પણ મેસેજ... એમાં કોઈએ મોકલેલી મજાની તસવીર - કોઈએ પૂછેલું ક્યાં છો? - કોઈ જૂનો ફોટો અને ક્યારેક માત્ર એક જ શબ્દ લખ્યો હોય કે, પહોંચ્યા?

મોટા ભાગના મેસેજ આપણને બીજા દિવસે યાદ પણ રહેતા નથી. ફોનમાં કેટલાક મેસેજ એવા પડ્યા હોય છે જેને આપણે ડિલિટ કરી શકતા નથી. મેસેજ સાથે કંઈ ખાસ લખેલું પણ નથી હોતું, જેમકે કાલે મળીશું - તું ચિંતા ન કર - હું છું ને... ક્યારેક તો સામેની વ્યક્તિએ એક ઇમોજી મોકલ્યો હોય છે, છતાં વર્ષો પછી પણ એ મેસેજ સ્ક્રીન પર દેખાય ત્યારે આપણે થોડા સમય માટે એ સમયમાં પહોંચી જઈએ છીએ. બીજા શબ્દોમાં આપણે મેસેજ સાચવતા નથી. આપણે સમય સાચવીએ છીએ.

માનો કે તમારા ફોનમાં પાંચ વર્ષ જૂનો કોઈ મેસેજ છે. એ વ્યક્તિ હવે તમારી જિંદગીમાં નથી. સંબંધ પૂરો થઈ ગયો છે. કદાચ મિત્રતા તૂટી ગઈ. કદાચ પ્રેમ રહ્યો નથી. કદાચ એ કોઈ બીજા શહેરમાં રહે છે. શક્ય છે કે કદાચ એ દુનિયામાં જ નથી, છતાં એ મેસેજ તમે ડિલિટ કર્યો નથી. કોઈ પૂછે તો તમે કહી શકો, 'એમ જ રહી ગયો' પરંતુ 'એમ જ'ની પાછળ કેટલીયે કથા છુપાયેલી હોય છે.

ડિજિટલ યુગ પહેલાં પણ આપણે આવું જ કરતા હતા. જૂના પત્રો સાચવતા. કાગળ પીળો પડી જાય, શાહી ઝાંખી થઈ જાય, છતાં પત્ર ફેંકાતો નહીં. ડિજિટલ દુનિયાએ આ ટેવને ફક્ત નવી સ્પેસ આપી. હવે પત્રની જગ્યાએ ચેટ અને કબાટની જગ્યાએ ફોન છે. હા, જૂના ફોટોગ્રાફના આલબમની જગ્યાએ ક્લાઉડ છે, પણ માણસ બદલાયો નથી.

આધુનિક ટેક્નોલૉજીને લીધે આપણને ભૂલી જવાની તક ઓછી મળે છે. પહેલાં કોઈ પત્ર ખોવાઈ શકે, ફોટો તૂટી શકે કે કાગળ બળી શકે. કોઈ ડાયરી વર્ષો પછી પણ મળતી ન હોય. હવે વાતચીત શોધી શકાય છે. જૂનો ફોટો ફરી મળી શકે છે. કોઈનું નામ સર્ચ કરતાં વર્ષો જૂની ચેટ સામે આવી જાય છે. ટેક્નોલૉજી ભૂતકાળને સાચવવામાં સાથ આપે છે, પણ માણસને ભૂતકાળમાંથી બહાર કાઢવાનો માર્ગ મુશ્કેલ બનાવી દે છે.

ગુમ હૈ કિસી કે પ્યાર મેં સાંભળું ત્યારે મને હંમેશાં એવું લાગે છે કે કોઈ બીજાની પ્રેમકથા નથી ચાલી રહી; જાણે કોઈ એક માણસ પોતાની સામે કાગળ મૂકી બેઠો છે અને એને કોઈ એક વ્યક્તિને કંઈક કહેવું છે, પણ નામ લખવાની વેળા આવે ત્યારે હાથ અટકી જાય છે.

પર તુમ્હેં લિખ નહીં પાઉં, મૈં ઉસકા નામ. આ વાત મને હવે સમજાય છે. ક્યારેક આપણે કોઈ એક માણસને મેસેજ કરવા ફોન ખોલીએ છીએ અને લખીએ છીએ, શું કરે છે? પછી ડિલિટ. ફરી લખીએ - ફરી ડિલિટ. સાચી વાત તો મને તારી યાદ આવે છે પણ એ લખાતી નથી. એટલે કોઈ બહાનું શોધીએ છીએ.

પછી પેલા ગીતમાં આવે છે, સોચા હૈ એક દિન મૈં ઉસસે મિલ કે, કહ ડાલું અપને સબ હાલ દિલ કે. મને આ એક દિવસ નજીક લાગે છે.

આપણે પણ કેટલી વાતો માટે એક દિવસ રાખી મૂકીએ છીએ. એક દિવસ ફોન કરીશ. એક દિવસ મળીશ. એક દિવસ કહી દઈશ કે તું મારા માટે કેટલો મહત્ત્વનો છે. અને ઘણી વાર એ એક દિવસ આવે તે પહેલાં જ સંબંધનો સમય બદલાઈ જાય છે.

કોઈ માણસ પોતાની લાગણી સીધી લખી શકતો નહોતો; એ નાની નાની વાતોમાં મૂકી જતો હતો. ગીતમાં નામ લખાયું નથી, છતાં આખું ગીત એ નામની આસપાસ ફરે છે. જૂના મેસેજમાં પણ ઘણી વાર એવું જ હોય છે. શબ્દો થોડા હોય છે, પણ આપણે જાણીએ છીએ કે એ શબ્દોની પાછળ કોણ ઊભું છે. ■

ધ એન્ડ *દુ:ખ સ્વયં એક ઔષધિ છે*

સ્થાપત્યનું વાઈ-ફાઈ

સ્પેનનું લા મુરલ્લા રોજા - પગથિયાં ને રંગોની રમત

હેમંત વાળા
feedback@bombaysamachar.com







સ્પેનના એલિકેન્ટમાં વર્ષ ૧૯૭૩માં સ્થપતિ રિકાર્ડો બોફિલ દ્વારા નિર્ધારિત કરાયેલ હાઉસિંગની, આવાસ-સમૂહની આ એક રસપ્રદ રચના છે. સ્પેનિશ ભાષામાં લા મુરલ્લા રોજાનો અર્થ 'ધ રેડ વોલ' અર્થાત લાલ દીવાલ થાય છે. અહીં એ વાત તો સ્થાપિત થઈ જાય છે કે આ મકાનના રંગરોગાનમાં લાલાશ પડતા રંગનું મહત્ત્વ વધુ હોય. સ્વાભાવિક છે કે આ રચનાને આ સ્થપતિની દસ સૌથી પ્રતિષ્ઠિત રચનામાં સ્થાન મળ્યું હોય. કહેવાય છે કે આ આવાસ-સમૂહની રચનાની પ્રેરણા ભૂમધ્ય સમુદ્રના વિસ્તારના કાસ્બાહ શૈલીની સ્થાપત્ય પરંપરા પરથી લેવાઇ છે.

આ શૈલીમાં અહીંની આબોહવા અનુસાર બહાર ખુલતાં અને પ્રમાણમાં આંતરિક કહી શકાય તેવાં રવેશના મહત્વ સાથે સાથે પ્રકૃતિ સાથે વિરોધ સ્થાપિત કરી શકે તેવાં રંગોનું પણ મહત્ત્વ રહેલું છે.

આશરે ૫૦ જેટલાં એપાર્ટમેન્ટનો સમાવેશ કરતી આ રચનાનો પ્લાન આમ તો, ચોરસ જગ્યાઓની ચેસ બોર્ડ જેવી ગોઠવણ સમાન સામાન્ય કહી શકાય તેવો છે. આ સામાન્ય ગણી શકાય તેવી ગોઠવણમાં પણ જે રીતે જરૂરી વિવિધતા લાવી શકાઇ છે તે એક રસપ્રદ ઘટના છે.

અહીં ૬૦ ચો.મી.નો સ્ટુડિયો એપાર્ટમેન્ટ, ૮૦ ચો.મી.ના બે-બેડરૂમના એપાર્ટમેન્ટ અને ૧૨૦ ચો.મી. ના ત્રણ-બેડરૂમના એપાર્ટમેન્ટ ગોઠવાયાં છે. આ ઉપરાંત વૈભવી જીવનની જરૂરિયાતોને પૂરી કરવા માટે છત ઉપર સોલારિયા, સ્વિમિંગ પૂલ, સોના તથા અવલોકન ગેલેરી અને નીચેના સ્તરે રેસ્ટોરાં અને પ્રાથમિક જરૂરિયાતો માટેની દુકાનની ગોઠવણ તો ખરી જ.

રક્ષણ આપતાં કિલ્લાની અનુભૂતિ કરાવે તેવી રચના, સમગ્ર મકાન જાણે ખડકોમાંથી બહાર આવ્યું હોય અથવા ખડકો ઉપર ગોઠવાઈ ગયું હોય તે પ્રકારની અનુભૂતિ, સામાજિક માળખા પ્રમાણે જાહેર અને ખાનગી સ્થાન વચ્ચેની સ્પષ્ટ નિર્ધારિતતા, જગ્યાઓને પરસ્પર રસપ્રદ રીતે સાંકળતા 'ઇન્ટરલોકિંગ' દાદરાઓ અને તેની સાથે સંકળાયેલા વિવિધ મંચ-પ્લેટફોર્મ તેમજ બ્રિજ-પુલ, કુદરતી પરિસ્થિતિ સાથે સ્થપાતો દૃશ્ય વિરોધાભાસ, પાડોશીઓને પરસ્પર જોડતાં સામાજિક કહી શકાય તેવાં રવેશ, બધાં જ એપાર્ટમેન્ટમાં સરળતાથી મળી રહેતાં કુદરતી હવા-ઉજાસ, કેટલાંક સ્થાનોએ ભૂલભુલામણી લાગી શકે તે પ્રમાણેનું રસિક આયોજન, આકાશ-રેખાના નિર્ધારણમાં રખાયેલી વિશેષ પ્રકારની ચોકસાઈ, બાજુમાં રહેલાં સમુદ્ર સાથે સ્થપાયેલું દૃશ્ય-સમીકરણ, પહેલી જ નજરે કુતુહલ જાગ્રત થાય તે પ્રમાણેનાં કેટલાંક સ્થાપત્યકીય નિર્ણયો, ભૌમિતિક બંધન રહેવા છતાં જ્યાં સંભાવના હોય ત્યાં સ્વીકારાયેલી મુક્તતા, દાદરાઓની રચનામાં ઊભી થતી નાટકીયતા અને તે સાથે તેની ઉપયોગીતા વખતે અનુભવાતી વિવિધતા, સમગ્ર રચનામાં સપાટીઓને મળતું મહત્ત્વ, આ પ્રકારની સપાટીઓથી દૃઢતાથી સ્થાપિત થતું સ્થાન-નિર્ધારણ અને સાથે સાથે ઊભરતું દિશા-સૂચન, અને કેટલીક નાની કહી શકાય તેવી બાબતો પર પણ સંવેદનશીલતાથી અપાયેલ ધ્યાન - આ અને આવી બાબતો આ આવાસ સમૂહને ઉલ્લેખનીય બનાવે છે.

આ આવાસ-સમૂહ તેની રંગ-વ્યવસ્થાને કારણે તે વધુ ચર્ચામાં છે. આકર્ષક રંગોને કારણે વનરાજી સાથે ઊભો થતો વિરોધાભાસ, સાથે સાથે 'પેસ્ટલ કલર' કહી શકાય તેવાં પ્રાકૃતિક જણાતાં રંગોનો વ્યૂહાત્મક ઉપયોગ, સ્થાનિક આબોહવા પ્રમાણે નિર્ધારિત થતાં આકાશના રંગ સાથે વિશેષ પ્રકારનો સંવાદ સ્થાપિત થઈ શકે તે મુજબ મકાનના ઉપરના ભાગનું રંગ આયોજન, રંગોમાં ભિન્નતા તેમજ વિવિધતા હોવાં છતાં સ્થાપિત થતી સાતત્યતાની અનુભૂતિ, રંગો થકી નાની નાની વાતોને અપાયેલું મહત્ત્વ, સમગ્ર રંગ-વ્યવસ્થાથી ઊભરતો એકત્વનો ભાવ, રંગની પસંદગી સાથે સંકળાયેલી કેટલીક પરંપરાગત વાતો, સમગ્રતામાં સ્થાપિત થતી એક પ્રકારની રંગીન જીવંતતા, ક્યાંક સામાન્ય જણાઈ શકે તે પ્રકારની રચનામાં પણ રંગ દ્વારા લાવવામાં આવેલ સમૃદ્ધ અનુભૂતિ તથા સમગ્ર રચનાને રંગ સાથે એક વિશેષ પ્રકારનો અર્થ આપવાનો કરાયેલો પ્રયત્ન, આ બાબતો આ મકાનને વધુ ઉલ્લેખનીય બનાવે છે.

એમ કહેવાય છે કે આ આવાસ-સમૂહની રચનામાં ગ્રીક પરંપરાના ભૌમિતિક ક્રોસની આકૃતિનું અનુસરણ કરાયું છે. આ ક્રોસની ગોઠવણથી બે પ્રકારના સ્થાન નિર્ધારિત થાય છે. એક, એ પ્રકારનાં સ્થાન જે એક જ ક્રોસમાં આવે અને બીજા એ પ્રકારના સ્થાન કે જે બે ક્રોસમાં આવે. બે ક્રોસમાં આવનાર સ્થાનનો ઉપયોગ સામાન્ય કહી શકાય તે પ્રકારની ઉપયોગિતા માટે કરાયો છે જ્યારે જે સ્થાન એક જ ક્રોસમાં આવે તેમાં ગોપનીયતા મળવાની સંભાવના વધુ હોવાથી તેનો ઉપયોગ, જ્યાં પ્રમાણમાં કૌટુંબિક ગોપનીયતાની આવશ્યકતા હોય, ત્યાં થયો છે.

થોડું ઊંડાણમાં જોતાં જણાશે કે આ રચના ચોક્કસ પ્રકારના સિદ્ધાંતોને અનુસરે છે. ક્યાંક આ સિદ્ધાંત ભૌમિતિક છે તો ક્યાંક રંગ આધારિત. ક્યાંક આ સિદ્ધાંત પ્રમાણમાપ આધારિત છે તો ક્યાંક સ્થાનિક વિગતિકરણના નિયમોને આધારિત. અહીં કોઈપણ સિદ્ધાંત સાથે બાંધછોડ કરાઈ નથી, પરંતુ તે સિદ્ધાંત વધુ દૃઢ બને તે રીતે તેનું ડિટેઇલિંગ કરાયું છે. આ પ્રકારના અભિગમને કારણે આ સમગ્ર રચનામાં એક પ્રકારની સ્પષ્ટતા છે, ચોકસાઈ છે, નિયમબદ્ધ કલ્પન છે, સરળ છે અને છતાં પણ રસપ્રદ છે.

આ એક સરળ, સ્પષ્ટ, દંભ વિનાની, જરૂરિયાત મુજબની, માનવીય ભાવનાઓ અનુસારની, ક્યાંક નાટકીયતા હોવા છતાં જટિલતા વિનાની, વિશ્વાસથી ભરપૂર, કોઈપણ સામાન્ય વ્યક્તિ સરળતાથી - ઉત્સાહપૂર્વક સ્વીકારી લે તે પ્રકારની રચના છે. અહીં માનવીની પ્રાથમિક લાગણીઓને સંવેદના પૂર્વક તેમજ રચનાત્મકતાથી સકારાત્મક પ્રતિભાવ અપાયો છે. તેથી જ આજે ૫૦ વર્ષ પછી પણ તેનું આકર્ષણ એટલું જ છે. ■

ફોકસ

ઑનલાઇન શૉપિંગ : ઑફરની જાળ ને રિટર્ન ટ્રેપથી સાવધાન...

વિવેક કુમાર
pratiksha.thanki@bombaysamachar.com



તહેવાર નજીક આવતાં જ વિવિધ શોપિંગ એપ્સ પર ઓફર્સનો વરસાદ શરૂ થઈ જાય છે. લોભામણી ઓફર્સ તરફ ગ્રાહકો આકર્ષિત થાય છે. પહેલાં બજાર જવા માટે સમય કાઢવો પડતો હતો, દુકાન દુકાન ફરવું પડતું હતું, તો પણ પોતાની મનપસંદની વસ્તુ મળશે જ એની કોઈ ગૅરન્ટી નહોતી. હવે એ જ ખરીદી તમારા મોબાઇલ ફોનના સ્ક્રીન પરથી થોડી મિનિટોમાં જ થઈ જાય છે. કપડાંથી લઈને કૉસ્મેટિક, કિચનનો સામાન, શૂઝ, બૅગ, બાળકોની વસ્તુઓ તેમ જ રોજ વાપરવામાં આવતું રેશન પણ ઘરે બેસીને મગાવી શકાય છે. એનાથી મહિલાઓને ઘણી સુવિધા થઈ ગઈ છે, પરંતુ આ સુવિધામાં નવા પ્રકારના પડકાર અને તમને ફસાવવાની નવી નવી જાળ પણ હોય છે. જરૂરી વસ્તુઓ ખરીદવી અને ફક્ત ખરીદવા પૂરતું ખરીદવું એમાં ફરક હોય છે. ઑનલાઇન બજારમાં ગ્રાહકને આકર્ષિત કરવા માટે સતત સેલ, કૂપન, ફ્લેશ ડીલ, આજે છેલ્લો મોકો, ફક્ત બે પીસ બાકી છે, ફ્રી ડિલિવરી જેવા મેસેજ વારંવાર એવી રીતે રીપિટ કરવામાં આવે છે કે એ તમારા માઇન્ડમાં બેસી જાય. એવામાં આપણને જેની જરૂર ન હોય એવી ઘણી બધી ચીજો આપણે ખરીદી લેતા હોઈએ છીએ, કારણ કે ઑનલાઇન ખરીદી માટે એક એવો ભ્રમ ફેલાવી દેવામાં આવ્યો છે કે અહીં બધી વસ્તુઓ ઘણી સસ્તી મળે છે.

લોકો વિચારે છે કે વસ્તુઓ ૪૦ ટકા જેટલી સસ્તી મળી રહી છે તો ખરીદી જ લેવી જોઈએ, પરંતુ આપણને જે વસ્તુની જરૂર નથી એની ખરીદી કરીને આપણે ખર્ચ વધારીએ છીએ. એટલે કોઈ પણ ઑફરને જોઈને સૌથી પહેલાં પોતાની જાતને પૂછવું જોઈએ કે જો આ ચીજ પર છૂટ ના હોત તો હું એને ખરીદતે? અને જો જવાબ ના હોય તો એનો મતલબ એ થયો કે એની જરૂરત ન હતી, પણ જાહેરાતની અસરને કારણે ખરીદી લીધી. એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે ઑનલાઇન શૉપિંગમાં સૌથી મોટું આકર્ષણ તસવીરનું હોય છે. શાનદાર રોશનીમાં લેવામાં આવેલી મૉડલની તસવીરમાં કોઈ ડ્રેસ ખૂબ જ ખૂબસૂરત લાગી શકે છે, પરંતુ વાસ્તવમાં એ પ્રોડક્ટનો રંગ, એની ગુણવત્તા અને ફિટિંગ જરૂરી નથી કે પર્ફેક્ટ જ હોય. એટલે ફક્ત તસવીર પર ભરોસો કરવો યોગ્ય નથી.

પ્રોડક્ટનું વિવરણ વાંચવું ખૂબ જરૂરી છે. કોઈ પણ વસ્તુનો રંગ, આકાર, વજન, લંબાઈ સંબંધિત નાનામાં નાની જાણકારી મેળવ્યા બાદ જ ખરીદી કરવી જોઈએ જે તમને નિરાશ થતાં બચાવી શકે છે. જ્યારે પણ તમે ઑનલાઇન ખરીદી કરો ત્યારે પહેલાં એ વિશેના ઑનલાઇન રિવ્યૂ જરૂર વાંચો. જોકે અહીં પણ દરેક ખરીદદારની સમીક્ષાને એકદમ સાચી ન માની લેવી. કેટલાક ખાસ ખરીદદારોની પ્રતિક્રિયા અને ટિપ્પણીઓ વાંચો જેમણે ઉત્પાદકની ખામીઓ વિશે વિસ્તારથી બતાવ્યું હોય. કપડાંની બાબતમાં વેબસાઇટ કે કંપનીની તસવીરો કરતાં જે ગ્રાહકે પ્રોડક્ટ ખરીદીને તસવીર અપલોડ કરી છે એના પર ભરોસો રાખો, કારણ કે પ્રોડક્ટના રંગની વાસ્તવિકતા અને ફિટિંગનો અંદાજો કંપનીની તસવીરથી વધારે ભરોસાપાત્ર હોય છે.

રેટિંગની વાત આવે છે તો રેટિંગના સ્ટારને જોઈને અંતિમ નિષ્કર્ષ પર ન પહોંચો, પરંતુ લખેલી ટિપ્પણી વધારે સાચી હોય છે. પાંચ સ્ટાર જોઈને તરત પ્રભાવિત થવાને બદલે એ જાણવું વધારે જરૂરી થઈ જાય છે કે વાસ્તવમાં એ ખરીદનારે શું લખ્યું છે? ઘણી વાર હજારો લોકોના સારા રેટિંગ હોવા છતાં પણ આપણી જરૂરત પ્રમાણે એ પ્રોડક્ટ બિલકુલ ઉપયોગી ન પણ હોઈ શકે. સૌથી વધારે જરૂરી છે રિટર્ન પૉલિસી. ઑન લાઇન ખરીદી કરનારની સૌથી મોટી ભૂલ એ હોય છે કે વસ્તુની ખરીદી કરતાં પહેલાં રિટર્ન પૉલિસી વિશે ન વાંચવું. કેટલીક પ્રોડક્ટ પર રિટર્ન ઉપલબ્ધ નથી હોતું. કેટલાક પર ફક્ત રિપ્લેસમેન્ટ હોય છે, જ્યારે કેટલાકમાં રિફંડ માટે કેટલીક શરતો હોય છે. કપડાં, કૉસ્મેટિક્સ, ઇલેક્ટ્રૉનિક્સ અને વ્યક્તિગત ઉપયોગની વસ્તુઓ માટે નિયમ અલગ અલગ હોઈ શકે છે. એટલે ચુકવણી કરતાં પહેલાં એ ચેક કરવું જોઈએ કે એ પ્રોડક્ટ ખરેખર રિટર્ન કરી શકાય છે કે નહીં, કેટલા દિવસની અંદર કરવાનું હોય છે અને રિફંડ કયા માધ્યમથી મળશે.

ખરેખર તો ઑનલાઇન ખરીદીની જાળમાં ફસાવા પહેલાં એના રિટર્ન ટ્રેપને સમજવાનું જરૂરી થઈ જાય છે. ક્યારેક આપણે એની કિંમતને જોઈને સામાન ખરીદી લેતા હોઈએ છીએ. ત્યાર બાદ આપણને ખબર પડે કે એને રિટર્ન કરવાની પ્રક્રિયા ખૂબ જ કઠિન હોય છે અને તેમની કેટલીક શરતો પૂરી કરવાની હોય છે. કેટલાક કિસ્સામાં પૅકેટ ખોલ્યા બાદ કે ટૅગ હટાવ્યા બાદ એને રિટર્ન લેવામાં નથી આવતું. એટલે ડિલિવરી મળતાં જ પૅકેટ અને એના ઉત્પાદકની સ્થિતિ ચેક કરવી જરૂરી હોય છે. મોંઘાં ઉત્પાદકોની બાબતમાં પૅકેટ ખોલતી વખતે વીડિયો રેકૉર્ડિંગ કરવું પણ વિવાદના સમયે ખૂબ જ ઉપયોગી થઈ શકે છે. સસ્તી વસ્તુઓ જોઈને કોઈ અજાણી વેબસાઇટ પરથી ખરીદી કરવી જોખમી હોઈ શકે છે. વેબસાઇટનું નામ, સંપર્ક, જાણકારી, રિટર્ન નીતિ અને પેમેન્ટનો વિકલ્પ જોઈને જ ખરીદી કરવી જોઈએ.ખાસ કરીને સોશ્યલ મીડિયા પર બતાવવામાં આવતી જાહેરખબરોથી સાવધાન રહેવું જોઈએ જે સામાન્ય બજારની સરખામણીમાં અસાધારણ રૂપથી ઓછી કિંમતનો દાવો કરે છે. એક ઉપયોગી આદત એ પણ બનાવી લેવી જોઈએ કે બિનજરૂરી વસ્તુઓને તરત ખરીદવાને બદલે પહેલાં એને કાર્ટ કે વિશલિસ્ટમાં નાખવું જોઈએ. ૨૪ કલાક પછી પણ એની જરૂરત મહેસૂસ થાય તો એની ખરીદી કરવા પર વિચાર કરવો જોઈએ. આ એક નાની આદતથી આવેશમાં આવીને કરવામાં આવતી ખરીદી ઘણી ઓછી કરી શકાય છે.

ઑનલાઇન શૉપિંગનો એક ફાયદો જરૂર છે કે એનાથી ખર્ચનો હિસાબ સારી રીતે રાખી શકાય છે, પરંતુ ઘણી વાર આ સુવિધા વધારે ખર્ચનું કારણ બની જાય છે, કારણ કે નાની નાની ખરીદી કરીને મહિનાના ખર્ચનું બજેટ મોટું થઈ જાય છે. છેવટે સ્માર્ટ ઑનલાઇન શૉપર એ નહીં જે સૌથી વધારે વસ્તુઓ ઓછી કિંમતમાં ખરીદે, પરંતુ તે છે જે જરૂરત, ગુણવત્તા, કિંમત, સુરક્ષા અને રિટર્નની શરતોને સમજીને યોગ્ય નિર્ણય લે. ■



૭. ખુશખબર

સીનીયર સીટીઝન

રોજના ૧૦૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી ૯૮૧૯૦૦૬૪૦૪. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૩૫૫૭)

૯. લગ્ન સંબંધી

કેતા વૈદ્ય

મુંબઈ સ્થિત સુંદર, સંસ્કારી વૈષ્ણવ યુવતી 2001/5'2"/ B.com-MBA 9869474431. (દહેજ નહીં.) (એસડીબી-૩૫૫૮)

■ મુલુન્ડની 1979 MBA, ACCOUNTS MANAGER કુંવારી જૈન કન્યાને મુંબઈનાં/ પરદેશનાં યુવક આવકાર્ય. રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૮૨૦૨)

■ કાંદિવલીનાં MILDISSUE માસ્ટર્સ પ્રોફેશનલી યુવક 1992 રાજેશ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૮૨૦૩)

■ દુબઈમાં MNCમાં 1993 કન્યાને NRI આવકાર્ય રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૮૨૦૪)

લીંબાચીયા

દહિંસર, ઉં. 40, 5'8", 12 Pass, પોતાનો બીઝનેસ, 7 વર્ષની છોકરી છે, ડિવોર્સી કન્યાના વડીલ સંપર્ક કરે - 9029257550. (દહેજ નહીં). (૫૫૬-એ)

SAPTPADI

Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409/ 7045657510. (No Dowry). (1398-A)

૧૦. મહિલાઓ માટે

ગાદીવાળા ચપ્પલો

કપાસિયા, ફ્લેટ ફૂટ, એડી દુખાવાના ગાદીવાળા ચપલ, સ્લીપર, શૂઝ. (બોરીવલી). 9619833392. (૧૪૨૦-એ)

કાનનાં મોટા કાણાં

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૮૧૧૦)

૧૨. યાત્રા સહેલગાહ

કિંજલ ફૂડ

ભારતમાં પ્રવાસ દરમિયાન ફ્રેશ જૈન વેજ/ સાત્ત્વિક ફૂડ એરપોર્ટ - ટ્રેનમાં મળશે 8169558272, 9221506127. (બી-૧૮૧૬૭)

ચિરાગ - ગંગાસાગર

જગન્નાથપુરી, શ્રીનાથજી, ગોકુલ, વૃંદાવન, વારાણસી, અયોધ્યા, રામેશ્વરમ, કન્યાકુમારી, મલ્લિકાઅર્જુન, ચારધામ, કચ્છ રણોત્સવ. 9833009445. (૧૪૩૦-એ)

ભાગ્યશ્રી હોલિડેસ

હરિદ્વાર, મથુરા, વૈષ્ણોદેવી, કાશ્મીર, અમૃતસર, હિમાલય યાત્રા, હિમાચલ, રામેશ્વરમ, કોલ્હાપુર, પંઢરપુર, અષ્ટવિનાયક.: 7718014825. (બી-૧૮૧૯૭)

દાર્જિલિંગ - સિક્કિમ

પેલિંગ, ગેંગટોક, કાલીમ્પોન્ગ, નથુલા 9 દિવસ, ઉપડશેઃ 3 નવેમ્બર. 23 ડિસેમ્બરઃ તન્વી હોલિડેઝ - 9867313091, 9930213091. (બી-૧૮૨૧૦)

તન્વી - ભૂતાન

પારો, પુનાખા, ફોબજિકા, થિમ્પુ, પુનસોલિન્ગ, 8-9 દિવસ, ઉપડશે - 27 ઓક્ટોબર, 15 ડિસેમ્બરઃ તન્વી હોલિડેઝ - 9867313091, 9930213091. (બી-૧૮૨૧૧)

ગંગાસાગર પ્રાયવેટ બોટ

ભુવનેશ્વર, કોનાર્ક, ચંપારણ્ય, કોલકત્તા. દક્ષિણ ભારત + કેરલા, નેપાલ યૂપી મુક્તિનાથ. તુષાર નેગાંધી (દેવીબેન પ્રવાસ) ૯૮૩૩૭૩૦૬૩૯. (૧૪૪૦-બી)

૧૪. નોકરી ખાલી છે

■ તમારી બીજી આવક શરૂ કરો! ઘરેથી કામ કરો (વૈકલ્પિક). પગાર, આકર્ષક ઈન્સેન્ટિવ કારકિર્દીમાં ઉત્તમ વિકાસની તક ગૃહિણીઓ, નિવૃત્ત વ્યક્તિઓ, પ્રોફેશનલ્સ. સંપર્કઃ 7021566737. (૧૪૩૮-એ)

બેકઓફિસ

માટે પાર્ટ ટાઈમ - English/ કોમ્પ્યુટર જાણકાર છોકરી જોઈએ છે. સાઈબાબાનગર બોરીવલી (વેસ્ટ) - 9820197333. (જેપી/૪૫૮૩-ઈ)

૧૭. જગ્યા આપવી છે

વિલેપાર્લે (વેસ્ટ)

અંબામાતા ચોક અને KLS હોસ્પિટલ નજીક 3 - બેડરૂમ - 890' તેમજ 2 બેડરૂમ - 730' એમિનિટીઝવાળા નવા બિલ્ડિંગમાં રેડી પઝેશન નવકાર એસ્ટેટઃ 9819117722. (જેપી/૪૫૮૧-બી)

વિલેપાર્લે (ઈસ્ટ)

2 બેડ હોલ કિચન વેચાણથી, હાયર ફ્લોર, 700 કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ, 3.08 Cr. નેગોશીએબલ. Navigators Realty-8454849049. (૧૪૩૦-એફ)

૧૭. જગ્યા આપવી છે

જુહુ લેનઃ

3 BHK ગ્રીન કોર્ટઃ 4 Cr. વિલેપાર્લે (પશ્ચિમ): 1 RK 1.20 Cr., 2 BHK: 5 Cr., અંધેરી - પાર્લે - જુહુઃ લેવા - વેચવા - ભાડેથી. ''ગૌતમ જોશી'' 9322236433 - 9821069632. (૧૪૦૮-એ)
